પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૫-૩-૨૦૨૪, મંગળવાર
વર્ષ: ૧૨, અંક : ૩૧૨

94266 72303 @abtakmedia
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
www.abtakmedia.com @abtak.media

Price Rs. : 4 Address : RASHTRIYA SHALA RD, RAJKOT 0281-246 1234, 2460 999 abataknews@gmail.com

## સુવિચાર

શિખામણ એ સત્ય છે, જેને લોકો ક્યારેય ધ્યાનથી નથી સાંભળતા, અને વખાણ એ એવો દગો છે જેને લોકો સંપુર્ણ ધ્યાનથી સાંભળે છે...

## કોંગ્રેસ ધારાસભ્યો સંભાળી શકતી નથી, ભાજપે ચૂંટણી પ્રચાર પણ શરૂ કરી દીધો


(વાંચો છેલ્લા પાને)




**આમ આદમી પાર્ટી ૧૮ વર્ષથી મોટી ઉંમરની મહિલાઓને માસિક રૂ.૧૦૦૦ની સહાય આપશે**



**નાના વેપારીઓ માટે નેટ બેન્કિંગ બનશે સરળ**



**આજથી નવ દિવસ ૧૮ રાષ્ટ્રીય વૈજ્ઞાનિકો ૨૫ હજારથી વધુ સંશોધકોને તાલીમ આપશે**



**૨૦૩૫ સુધીમાં ભારત સ્પેસ સ્ટેશન બનાવી આકાશમાં “ અવકાશી “ રોજીની વિપુલ તકો ઊભી કરશે**

### ભારતને કોંગ્રેસીઓ જ બનાવી રહ્યા છે “કોંગ્રેસ મુકત”

# મોદીની ગેરંટી: કોંગી નેતાઓ “મુખવટો” બદલી કિસ્મત ચમકાવશે?

## પોતાની રાજકીય કારકીર્દીના વિકાસ માટે હવે કોંગ્રેસ સહિતના પક્ષોના નેતા પાસે હવે ભાજપ સિવાય કોઈ જ વિકલ્પ નથી

**અબતક, રાજકોટ**

દેશની સૌથી જુની રાજકીય પાર્ટી કોંગ્રેસ હાલ પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઝઝુમી રહી છે. એક સમયે દેશના મોટાભાગના રાજયોમાં જેની સત્તા હતી. તે કોંગ્રેસ હાલ દેશમાં દિન-પ્રતિદિન સમેટાય રહી છે. કોંગ્રેસને હાથના કર્યા હૈયે વાગી રહ્યા છે. મોદીની ગેરંટીથી કોંગ્રેસના નેતાઓ પર મુખવટો બદલીને પોતાની કિસ્મત ચમકાવવા માટે રિતસર તલપાપડ થઈ રહ્યાં છે. કોંગ્રેસ દિન-પ્રતિદિન કોમામાં સરકી રહી છે. ભાજપનો સુરજ હાલ મધ્યાહને તપી રહ્યો હોય તમામ રાજકીય પક્ષોના નેતાઓ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી પોતાની રાજકીય કારકીર્દીને નવી ડિઝાઈન આપી રહ્યા છે.



સામાન્ય રિતે જયારે નિષ્ફળતા મળે ત્યારે તેમાંથી બોધપાઠ લઈ ભવિષ્યમાં સફળતા માટેનું ચણતર કરવું જોઈએ ગુજરાતમાં કોંગ્રેસ છેલ્લા ત્રણ દાયકાથી સત્તા વિહોણી છે. રાજયમાં ૨૯ વર્ષથી કોંગ્રેસને સત્તા સુખ મળ્યું નથી. લોકસભાની છેલ્લી બે ચુંટણીમાં કોંગ્રેસનું ખાતુ પણ ખુલ્યું નથી. વિધાનસભાની ગત ચુંટણીમાં માત્ર ૧૭ બેઠકો પર સમેટાય ગઈ હતી. સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીમાં પણ મરણ તોલ ફટકા પડે છે. છતાં કોંગ્રેસમાં કોઈ જ બદલાવ આવતો નથી જેના નેતૃત્વમાં ચુંટણીમાં પરાજયનો સામનો કરવો પડયો હોય, ફરી ફરીને તેજ પક્ષની કમાન સોંપી દેવામાં આવે છે.

ગુજરાતમાં પાંચથી સાત ચહેરાઓએ કોંગ્રેસની ધોર ખોદી નાંખી હોવાની વાત સર્વ વિદીત છે છતાં આ નેતાઓને જ જવાબદારી સોંપવામાં આવે છે.

પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલને ગુજરાતની કમાન સોંપાયા બાદ ત્રણ ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા છે. પક્ષના સેંકડો કાર્યકરો અને આગેવાનોએ પંજાનો સાથ છોડી દીધો છે. છતાં હજી સુધી હાઈકમાન્ડની આંખો બંધ છે. હાજી ગુજરાતમાં કોંગ્રેસ પાસે માત્ર ૧૪ ધારાસભ્યો બચ્યા છે. હજી પણ કેટલાક ધારાસભ્યો વંડી પર બેઠા છે. જે ગમે ત્યારે ભાજપમાં જોડાઈ જાય તેવી ચર્ચા ચાલી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એવું નિવેદન આપ્યું હતું કે, અમે કોંગ્રેસ મુકત ભારતનું સર્જન કરીશું હાલ એવી સ્થિતિ સજાર્ય છે. જેમાં ખુદ કોંગ્રેસીઓ જ કોંગ્રેસને કોંગ્રેસ મુકત કરી રહ્યા છે. ભાજપનો સૂર્ય હાલ એટલી હદે તપી રહ્યો છે કે કોંગ્રેસ સહિતના કોઈપણ રાજકીય પક્ષોના મોટા નેતા કે સામાન્ય કાર્યકરે પોતાની રાજકીય કારર્કીદીનો વિકાસ કરવો હશે તો ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરવા સિવાય બીજો કોઈ છુટકો રહ્યો નથી. ગુજરાત હોય કે બિહાર કે પછી કર્ણાટક કે પશ્ચિમ બંગાળ કોંગ્રેસના કાર્યકરો જ પક્ષને પોતાના ભારથી મુકત કરી રહ્યા છે. લોકસભાની આગામી ચુંટણીમાં હરીફ રાજકીય પક્ષો પાસે પ્રચાર કરવા માટે કાર્યકરો કે આગેવાનો ન રહે તેવી વ્યુહ રચના ભાજપે અપનાવી છે. ભાજપમાં જોડનાર તમામને એક ચોકકસ પ્રકારની ગેરંટી આપવામાં આવે છે જે મોદીની ગેરંટી માનવામાં આવે છે. જેના કારણે મુખવટો બદલી કોંગ્રેસના નેતાઓ પોતાની કિસ્મત ચમકાવવા મથી રહ્યા છે.

## ભાજપનો સુર્ય મધ્યાહન તપી રહ્યો છે, કમળનો ખેસ પહેરો અને આગળ વધોની નીતિ

### શું ફાઈનાન્સ કંપનીઓ સોનામાં ‘ઘાલ-મેલ’ કરી રહી છે?

# RBIએ I.I.F.L. ફાઈનાન્સ કંપનીને સોના ઉપર ધિરાણ આપવામાં રોક લગાવી!!!

## ગોલ્ડ લોનના કામકાજમાં ગેરરીતિ ધ્યાને આવતા પ્રતિબંધ મૂક્યો

**અબતક, નવીદિલ્હી**

આરબીઆઈ એ પેટીએમ પેમેન્ટ બેંક દ્વારા વધુ ધિરાણકર્તા પેઢી આઈઆઈએફએલ ફાઈનાન્સ પર કડક અંકુશ લાદયા છે. રિઝર્વ બેંકે આઈઆઈએફએલ ફાઈનાન્સ કંપનીને ગોલ્ડ લોન આપવા મનાઈ ફરમાવી છે. ગોલ્ડ લોન વિતરણમાં ગડબડ લાગતા આઈઆઈએફએલ ફાઈનાન્સને નવી ગોલ્ડ લોન ન આપવા આદેશ કર્યો છે. મધ્યસ્થ બેંકે જણાવ્યું હતું કે, ફાઈનાન્સ ફર્મના ગોલ્ડ લોન પોર્ટફોલિયોમાં જોવા મળતી મટીરીયલ સુપરવાઈઝરી ચિંતાઓ ને ધ્યાનમાં લીધા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આઈઆઈએફએલ ફાઈનાન્સને ગોલ્ડ લોન ન આપવા રિઝર્વ બેંક આદેશ કર્યો છે. આઈઆઈએફએલ ફાઈનાન્સ પર કડક અંકુશ લાદતા રિઝર્વ બેંકે કહ્યું કે, તેણે પાછલા વર્ષે માર્ચ સુધી આઈઆઈએફએલની નાણાંકીય સદ્ધરતાનું આંકલન



કરવા હેતું નિરીક્ષણ કર્યું હતુ. તેને ફાઈનાન્સ ફર્મના ગોલ્ડ લોન પોર્ટફોલિયોમાં કેટલીક ગંભીર ખામીઓ નજરે ચઢી છે. તેમાં લોન મંજૂરી, ડિફોલ્ટ બાદ હરાજીના સમયે સોનાની શુદ્ધતાની તપાસ અને વજન કરવાના નિયમનું ઉલ્લંઘન સામેલ છે. મધ્યસ્થ બેંકે ઉમેર્યું કે, આઈઆઈએફએલ જે રીતે સોનાની શુદ્ધતાની તપાસ અને તેનું વજન કરી રહ્યુ હતુ, તેમા નિયમનું ઉલ્લંઘન થતુ હતુ, તેનાથી ગ્રાહકના હિતનું રક્ષણ થતું ન હતું. તેનો અર્થ એ છે કે આઈ.આઈ.એક. એલ ફાઈનાન્સના લોન ટુ વેલ્યૂ રેશિયોમાં ગેરરીતિ જોવા મળી છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નોંધ્યું છે કે, આઈ.આઈ.એફ.એલ ફાયનાન્સે માન્ય કેશ કલેકશન વટાવી દીધું છે અને તેની ફી માળખામાં પારદર્શિતાનો અભાવ છે. છેલ્લા કેટલાક મહિનામાં કંપનીના સિનિયર મેનેજમેન્ટ અને ઓડિટર્સ સાથે ચાલી રહેલી ચર્ચાઓ છતાં, કોઈ નોંધપાત્ર સુધારાત્મક પગલાં જોવા મળ્યા નથી. આરબીઆઈ એ જણાવ્યુંકે, તે આઈઆઈએફ ફાઈનાન્સનું એક સ્પેશિયલ ઓડિટ કરાવશે. જો તેમા કંપનીની કામગીરીમાં કોઈ સુધારો દેખાય અને મધ્યસ્થ બેંકને સંતોષ થાય છે તો પ્રતિબંધો વિશે ફેર વિચારણા કરશે. આઈઆઈએફ ફાઈનાન્સ દેશની અગ્રણી ફાઈનાન્સ અને ઈન્વેસ્ટમેન્ટ સર્વિસ આપનાર કંપની છે. આ ફર્મ

(અનુ. આઠમા પાને)

# જ્ઞાનવાપીમાં શિવલિંગની પૂજા કરવા મામલે ૮ સપ્તાહમાં આવી જશે નિર્ણય

## પૂજા કરવાં માટે થયેલી અરજી મામલે ઝડપથી નિર્ણય લેવા હાઈકોર્ટનો વારણસી કોર્ટને આદેશ

**અબતક, નવી દિલ્હી**

અલાહાબાદ હાઈકોર્ટે વારાણસીની કોર્ટને મે, ૨૦૨૨માં જ્ઞાનવાપી મસ્જિદ સંકુલમાં મળેલા કથિત શિવલિંગની અવિરત પૂજા કરવાનો અધિકાર માંગતી અરજી પર આઠ અઠવાડિયાની અંદર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે. કથિત શિવલિંગની પૂજામાં દખલગીરી અટકાવવા માટે અંજુમન ઈન્તેજામિયા મસ્જિદ કમિટી સામે કાયમી મનાઈ હુકમની માંગણી કરતી અરજી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે.

જસ્ટિસ મનીષ કુમારે આ



આદેશ વિવેક સોની અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આપ્યો હતો. અરજદારોએ સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ), વારાણસી સમક્ષ આ અરજી દાખલ કરી છે, જેમાં ૨૦૨૨ થી પેન્ડિંગ વચગાળાની અરજીના ઝડપી નિકાલની વિનંતી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨માં દાખલ કરાયેલા દાવામાં, વાદીઓએ શિવલિંગના ભોગ પ્રસાદ, શયન આરતી, મંગળા આરતી, દુગ્ધ અભિષેક, કીર્તન વગેરેમાં કોઈપણ પ્રકારની દખલગીરી અટકાવવા પ્રતિવાદીઓ (મસ્જિદ વ્યવસ્થાપન અને અન્ય) સામે કાયમી મનાઈ હુકમની માંગણી કરી હતી. .

૨૭ ફેબ્રુઆરીએ આ અરજીનો નિકાલ કરતી વખતે, કોર્ટે તેના આદેશમાં કહ્યું હતું કે, ’આ

(અનુ. આઠમા પાને)

# એમેઝોનના સ્થાપન જેફ બેઝોસ બન્યાં વિશ્વના સૌથી ધનવાન

## સૌથી અમિર વ્યક્તિની યાદીમાં ટેસ્લાના સીઈઓ અને સ્પેસએક્સના માલિક એલન મસ્ક બીજા નંબરે સરકી ગયા

**અબતક, નવી દિલ્હી**

વિશ્વમાં સૌથી ધનાઢય વ્યક્તિ તરીકે હવે એલન મસ્કે સ્થાન ગુમાવ્યું છે. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ હવે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. તેમને ટેસ્લાના સીઈઓ અને સ્પેસએક્સના માલિક એલન મસ્કને પાછળ છોડી દીધા છે. એલન મસ્ક બીજા સ્થાને આવી ગયા છે. બ્લુમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સમાં આ ફેરફાર જોવા મળ્યો છે.

એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ પાસે હાલ ૨૦૦ બિલિયન ડોલરની સંપત્તિ છે અને હવે તેઓ વિશ્વના સૌથી ધનિક વ્યકિત છે. આ વર્ષે અત્યાર સુધીમાં જેફ બેઝોસની સંપત્તિ ૨૩.૪ બિલિયન ડોલર વધી છે જ્યારે એલન મસ્કની નેટવર્થ ૩૧.૩ બિલિયન ડોલર ઘટી છે. હાલમાં ગ્લોબલ માર્કેટમાં એલન મસ્કની કંપની ટેસ્લાના શેરોમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. જેના કારણે તેની નેટવર્થ ઘટી છે. બ્લુમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સમાં ભારતના અરબપતિ બિઝેનસમેન મુકેશ અંબાણી ૧૧૫ બિલિયન ડોલર સાથે ૧૧મા સ્થાને જ્યારે ૧૦૪ બિલિયન ડોલર સાથે ૧૨ સ્થાને છે.



**બ્લુમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સમાં ટોચના ૧૦ અમીરોના નામ**

| ધનિકોના નામ | કુલ સંપત્તિ (બિલિયન ડોલરમાં) |
|---|---|
| જેફ બેઝોસ | ૨૦૦ |
| એલોન મસ્ક | ૧૯૮ |
| બર્નાર્ડ આર્નોલ્ટ | ૧૯૭ |
| માર્ક ઝુકરબર્ગ | ૧૭૯ |
| બીલ ગેટ્સ | ૧૫૦ |
| સ્ટીવ બાલ્મર | ૧૪૩ |
| વોરેન બફેટ | ૧૩૩ |
| લેરી એલિસન | ૧૨૯ |
| લેરી પેજ | ૧૨૨ |
| સેર્ગેઈ બ્રિન | ૧૧૬ |

### મોદી મંત્ર-II : આતંકવાદનો ખાત્મો

# બેંગ્લુરૂના આતંકી ષડયંત્રના મૂળિયા સુધી પહોંચવા એનઆઈએના ૧૭ રાજ્યોના દરોડા

## કાફેમાં બ્લાસ્ટ અને જેલમાં કેદીઓને કટ્ટરપંથી બનાવવાને લઈને એનઆઈએ દ્વારા તપાસનો ધમધમાટ, અનેક નવા ફણગા ફૂટવાના એંધાણ

**અબતક, નવી દિલ્હી**

મોદી સરકાર અત્યારે અર્થતંત્ર અને આતંકવાદીઓનો ખાત્મો આ બે મુદાને લઈને સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેવામાં બેંગલુરુમાં આતંકી ષડયંત્રને લઈને સરકાર હરકતમાં આવી છે. એનઆઈએએ આ મામલે ૧૭ રાજ્યોમાં આજે દરોડા પાડ્યા છે.

બેંગલુરુ જેલમાં કેદીઓના કટ્ટરપંથી બનાવવા અને બ્લાસ્ટ કેસ મામલે એનઆઈએએ સાત રાજ્યોમાં ૧૭ સ્થળોએ સર્ચ ચલાવી રહી છે. બેંગલુરુ અને તમિલનાડુ સહિત અન્ય રાજ્યોમાં આજે સવારથી દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ દરોડા આતંકવાદી ષડયંત્રમાં સંડોવાયેલા શકમંદો સાથે સંબંધિત છે.

આ વર્ષે ૧૨ જાન્યુઆરીના રોજ, રાષ્ટ્રીય તપાસ એજન્સીએ બેંગલુરુ લશ્કર-એ-તૈયબા જેલમાં કટ્ટરપંથીકરણ અને ’ફિદાયીન’ હુમલો કરવાના કાવતરામાં આજીવન દોષિત અને બે ફરાર સહિત આઠ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટમાં સામેલ આરોપીઓમાં કેરળના કન્નુર જિલ્લાના ટી નસીરનો પણ સમાવેશ થાય છે, જેઓ ૨૦૧૩થી બેંગલુરુ સેન્ટ્રલ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. જુનૈદ અહેમદ ઉર્ફે જેડી અને સલમાન ખાન વિદેશ ભાગી ગયા હોવાની આશંકા છે.

અન્ય લોકોની ઓળખ સૈયદ સુહેલ ખાન ઉર્ફે સુહેલ, મોહમ્મદ ઉમર ઉર્ફે ઉમર, ઝાહિદ તબરેઝ ઉર્ફે



ઝાહિદ, સૈયદ મુદસ્સીર પાશા અને મોહમ્મદ ફૈઝલ રબ્બાની ઉર્ફે સદથ તરીકે કરવામાં આવી છે. તમામ આઠ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો, ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, વિસ્ફોટક પદાર્થ અધિનિયમ અને આર્મ્સ એકટ હેઠળ ચાર્જશીટ કરવામાં આવી છે.

બેંગલુરુ સિટી પોલીસે ૧૮ જુલાઈ, ૨૦૨૩ ના રોજ સાત આરોપીઓના કબજામાંથી હથિયારો, દારૂગોળો, હેન્ડ ગ્રેનેડ અને વોકી-ટોકી જપ્ત કર્યા બાદ કેસ નોંધ્યો હતો. જ્યારે તમામ સાત લોકો એક આરોપીના ઘરે ભેગા થયા હતા ત્યારે આ વસૂલાત કરવામાં આવી હતી.

એનઆઈએએ ઓકટોબર ૨૦૨૩માં આ કેસની તપાસ હાથ ધરી હતી. વર્ષ ૨૦૧૭માં આરોપી ટી. નસીર અન્ય આરોપીઓના સંપર્કમાં આવ્યો હતો. સલામ પોકસો કેસમાં જેલમાં હતો. તેમને કટ્ટરપંથી બનાવવા અને લશ્કરમાં ભરતી કરવાના ઉદ્દેશ્ય સાથે, નસીરે તેમની સંભવિતતાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કર્યા પછી તે બધાને તેની બેરેકમાં ખસેડવામાં સફળ થયા હતા.

લશ્કરની પ્રવૃત્તિઓને આગળ વધારવા માટે તેણે સૌપ્રથમ કટ્ટરપંથી બનાવવા અને જુનૈદ અને સલમાનની ભરતી કરવામાં વ્યવસ્થાપિત કરી. આ પછી તેણે જુનૈદ સાથે મળીને કટ્ટરપંથી બનાવવાનું અને અન્ય આરોપીઓની ભરતી કરવાનું કાવતરું ઘડ્યું.

### જાને કહા ગયે વો દિન સિનેમાઘરોનાં પોસ્ટર બેનરની રંગીન દુનિયા.....

# ૬૦ થી ૮૦ ના દાયકામાં લોકોમાં ફિલ્મ પહેલા ફિલ્મના પોસ્ટર જોવાનો હતો જબરો ક્રેઝ

## આજથી ૪૦-૫૦ વર્ષ પહેલા હાથથી ચિતરેલા વિશાળકાય ફિલ્મી પોસ્ટર જોવા, સિનેમા હોલ બહાર ગુરૂવારની રાત્રે જ ચાહકોની ભીડ જોવા મળતી હતી

સિનેમા, ટોકીઝ, છબીઘર કે સીનેમેકસ-રજતપટ આ બધા શબ્દોનો અર્થ મનોરંજન સાથે છે, રંગ સાથે ફિલ્મના ટાઈટલ મૂકવામાં આવતા, જેમાં બ્લેક એન્ડ વ્હાઈટ, ટકેનીકલર, ઈસ્ટમેનકલર-ગોવાકલર, ફયુઝીકલર જેવા નામ આજની પેઢીને ખબર પણ ન હોય, તેજ રીતે ૩૫ એમ.એમ. ફિલ્મ

ગેલેકસી ટોકિઝની પ્રથમ ફિલ્મ આંખે વખતે ધર્મેન્દ્ર- રામાનંદ સાગર વિગેરે કલાકારો રાજકોટ આવેલા હતા. રાજકોટમાં આજે કોસ્મોપ્લેકસ, આઈનોક્ષ જેવી સિનેમા છે, ત્યારે વર્ષો પહેલા કૃષ્ણ-પ્રહલાદ, હરિશ્ચંદ્ર , ગેસ્ફોર્ડ, રાજશ્રી જેવા સિનેમા હતા, બાદમાં ક્રમિક સિનેમાઘરો નિર્માણ થયા

**ફિલ્મના ગમતા ગીતો અને ડાયલોગમાં લોકો પૈસા ઉડાડતા હતા : હીરો- વિલનની ફાઈટિંગ વખતે સીટીઓ થી ટોકીઝ ગુંજી ઉઠતું**

બાદમાં સિનેમાસ્કોપ પછી ૭૦ એમ.એમ. ફિલ્મો આવતી, દર ગૂરૂવારે રાત્રે સિનેમા ઘરોમાં પોસ્ટરો બદલતા એ જમાનામાં ફિલ્મના પોસ્ટર-બેનર જોવાનો જબ્બર ક્રેઝ જોવા મળતો, મોટાભાગે પરિવાર સાથે ફિલ્મ જોવા જતા, રાજશ્રી સિનેમાના નીચે પાર્કિંગમાં પૌરાણિક નાગદેવતાનું મંદિર તથા રાફડો છે, હાલ પણ તેની પૂજા થાય છે. લોકો નવી ફિલ્મનાં પોસ્ટર જોવા આવતા. કલાકારોનાં મોટા કટ આઉટ સિનેમાની શાનમાં વધારો કરતા હતા.


**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

હતા, જેમાં એનેકસી , રાજ, ગીરનાર, ઉષા (ધરમ), ગેલેકસી, ડીલક્ષ, નીલકંઠ બાદમાં ડ્રાઈવઈન સિનેમા બની હતી. રાજકોટના સિનેમાઘરોનો ઈતિહાસ રસપ્રદ છે. નવા સિનેમાઘરો લાગતી પ્રથમ ફિલ્મ વખતે તમામ કલાકારો પણ રાજકોટ આવ્યા હતા.

આજની જેમ ફલેકસ બેનરનો યુગ ન હતો. ફિલ્મના પોસ્ટર, બેનર પેઈન્ટર હાથે તૈયાર કરતા ૨૦ બાય ૧૦ કે ૧૨ બાય ૮ની સાઈઝનાં બેનરોમાં કલાકારોના કટ આઉટ મૂકીને આકર્ષક શણગાર ટોકીઝનાં ફ્રન્ટમાં મૂકતા, એ સમયે એ જોવા









પણ હજારો લોકો આવતા. પેઈન્ટરો બે ત્રણ દિવસે ફિલ્મનું પોસ્ટર આબેહુબ બનાવી દેતા જે જોવા કલાકારો પણ આવતાં હતા.રાજકોટમાં એચ.એસ. પેઈન્ટર કુમારભાઈનું એ જમનામાં નામ હતુ, સાથે તેમના પુત્ર નિલેષભાઈ, પેઈન્ટર ગજજર,, આઝાદ પેઈન્ટર, મનસુખ આડતીયા જેવા આર્ટીસ્ટો આબેહુબ કલાકારોના પોસ્ટરો બનાવતા હતા. રાજકોટના ખ્યાતનામ આર્ટીસ્ટ શરદ રાઠોડે પણ ઈલોરા આર્ટસના બેનર તળે મુંબઈમાં દિલ અપના ઔર પ્રીત પરાઈ, દિલ જેવા વિવિધ ફિલ્મોનાં પોસ્ટર બનાવેલ હતા. આજે શરદ રાઠોડ દેશના સારા આર્ટીસ્ટ તરીકે રાજકોટનું નામ રોશન કરેલ છે.

૧૯૯૮માં ફલેકસ બેનરો મશીનમાં પ્રીન્ટ થવા લાગ્યા એ પહેલા છેલ્લા ૧૦૦ વર્ષથી પેઢી દર પેઢી ફિલ્મ બેનરમાં કાર્યરત સોલંકી ફેમીલીના કુમારભાઈ કે જે એચ એસ. પેઈન્ટરથી જાણીતા હતા, તે તથા તેમની ટીમ ત્રણ દિવસની મહેનતે પોસ્ટર બનાવતા.

બનાવવાની રીતમાં ચલીના કાપડના ત્રણ ભાગ જોડીને ૨૦ બાય ૧૦ સાઈઝ કેનવાસને વ્હાઈટીંગ કરીને ફેવીકોલથી કોટીંગ કરતા, બાદમાં બેલતેલથી કોટીંગ કરીને પેન્સીલથી સ્કેચ તૈયાર કરતા પ્રથમ બ્રેક ગ્રાઉન્ડ કલર કરીને હિરો-હિરોઈનના ફોટા તૈયાર કરતા, સીંગલ ટચ આપીને ફાઈનલ પેચવર્ક ટચીંગ કરીને છેલ્લે ફિલ્મનું નામ લખતા હતા.

કૂમારભાઈ પોસ્ટર જોવા એ જમાનામાં ઉપેન્દ્ર ત્રિવેદી, સ્નેહલત્તા, અરવિંદ ત્રિવેદી, રમેશ મહેતા, મંજૂરી દેસાઈ, સંગીતકાર બાબલા, બંકીમ પાઠક, કમલેશ અવસ્થી, ધીરૂભાઈ દુધવાળા, પી.ખરસાણી કે.જે. પોતે પણ સારા આર્ટીસ્ટ હતા, તે સહિતના કલાકારો પોતાના ફિલ્મ શો ના પોસ્ટર જોવા પોસ્ટર રૂમમાં આવતા.પ્રોજેકટર રૂમમાં ફિલ્મની પેટીમાંથી પટ્ટીનો રોલ ચડાવીને વારા ફરતી પ્રોજેકટર ચલાવતા, ઘણીવાર એક જ પ્રીન્ટમાં બે ટોકિઝમાં ફિલ્મ લાગતા, શો નો સમય એક કલાક મોડો પણ રાખતા હતા. છેલ્લે ૧૯૯૫ માં નાઈટ ઈન લંડન ફિલ્મ સમયે અને ૧૯૯૯માં છેલ્લે રાજકપૂરની સિરીઝ વખતે મેરાનામ જોકર, રામ તેરી ગંગા મૈલી ફિલ્મના હાથેથી બનાવેલા પોસ્ટર જોવા મળેલા, બાદમાં ફલેકસ બેનર યુગ આવી ગયો હતો. નિલેષ સોલંકીએ જીતેન્દ્રની સીરિઝમાં મકસદ, તૌફા, હિંમતવાલા, મેરી આવાજ સુનો જેવા પોસ્ટર બનાવેલા હતા. ૧૯૫૫ થી ૧૯૯૫ લગભગ ચાર દાયકાથી વધારે હાથે બનાવેલા ફિલ્મોનાં પોસ્ટર બેનરનો યુગ હતો. કલાકારના જમ્બો સાઈઝનાં પ્લાઈવુડના કટઆઉટ સિનેમા બહાર લગાવતા હતા. એ સમયે લોકો હોરર ફિલ્મના પોસ્ટર જોવા ખાસ ટોકિઝે જતા હતા.

રાજકોટનાં નૂતન સિનેમામાં બંધન ફિલ્મ લાગેલું, બાદમાં ટોકીઝમાં આગ લાગતા બંધ થઈને બરેલી સિનેમા તરીકે જાણીતા થયા બાદ, નવ નિર્માણ કરીને રાજશ્રી સિનેમા નામ સાથે પ્રથમ જીને કી રાહ ફિલ્મથી ફરી શરૂઆત થઈ હતી. નીલકંઠ સિનેમામાં પ્રથમ ફિલ્મ વિકટોરિયા નંબર ૨૦૩ હતી, મોર્નીંગ શો, મેટીની શોમાં જૂના ફિલ્મો

**ડિજિટલ ફોટોગ્રાફી આવ્યા બાદ ફિલ્મી પોસ્ટરો ભૂતકાળ બની ગયા હતા : ફિલ્મના પોસ્ટર એટલા આકર્ષક હતા કે, પોસ્ટર જોઈને લોકો ફિલ્મ જોવા જતા હતા : ટીઝર કે ટ્રેઈલરનો જમાનો ન હતો, પોસ્ટર જ પિક્ચરની પહેચાન બનતા**

આવતા ફકત ૬૦ પૈસામાં થર્ડની ટીકીટમાં લોકો મનોરંજન માણતા હતા. ૧૯૬૦ થી ૭૦ના દાયકામાં દારાસિંહની ફિલ્મો નસીહત, કિંગકોંગ, હમ સબ ઉત્સાદ હૈ, ધ કિલર્સ, લુટેરા, ઠાકુર જનરલસિંગ, રૂસ્તમે હિંદ જેવી ફિલ્મો હાઉસ ફુલના પાટીયા ઝુલાવતી, સિનેમાઘરોમાં સીટીઓ ગુંજી ઉઠતી હતી. ટીકીટના ભાવ ૪૦ પૈસાથી શરૂ કરીને ૨, ૩ રૂા. જેટલો હતો. થર્ડ ટીકીટનો જમાનો હતો. બાલ્કનીમાં તો એ વખતે શ્રીમંતો જ ફિલ્મો જોવા આવતા, અમુક ટોકીઝમાં થર્ડમાં સીટ ને બદલે બાંકડા રખાયા હતા, તો પણ હાઉસફૂલના પાટીયા ઝુલતા.

ગેલેકસી ટોકિઝની પ્રથમ ફિલ્મ આંખે વખતે ધર્મેન્દ્ર-રામાનંદ સાગર વિગેરે કલાકારો રાજકોટ આવેલા હતા. હરિશ્ચંદ્ર, પ્રહલાદ, કૃષ્ણ, ગેસ્ફોર્ડ જેવી જૂની ટોકિઝથી જરા હટકે રેસકોર્ષ સામે ગેલેકસી ટોકિઝ બનીને પ્રથમ ફિલ્મ આંખે આવી ત્યારે ઉદઘાટન શો વખતે ધર્મેન્દ્ર, રામાનંદ સાગર જેવા કલાકારો આવ્યા હતા. જયારે ઉષા ટોકિઝમાં ગીત ફિલ્મનાં શુભારંભ શોમાં રાજેન્દ્ર કુમાર, માલાસિંહા, સુજીત કુમાર, કુમકુમ જેવા કલાકારોએ હાજરી આપી હતી. ડિલકસ ટોકિઝની પ્રથમ ફિલ્મ બલરામ શ્રીકૃષ્ણ હતી, આ સિવાય રાજ સિનેમામાં હરેરામ હરે કૃષ્ણ તો રાજશ્રીમાં જીનેકી રાહ પ્રથમ ફિલ્મ હતી. એનેકસી સિનેમામાં ભુવન-શોમ ફિલ્મ પ્રથમ આવી હતી. ઘોડાગાડીમાં બેનરો લગાવીને ફિલ્મનો પ્રચાર રાજકોટમાં થતો હતો. રેડિયો ઉપર પણ ફિલ્મની ઝલક આવતી. હરિશચંદ્રમાં દારાસિંહના ફિલ્મો બહુજ આવતા. બાંગ્લાદેશ રીલીફ ફંડનાં દશ પૈસા સિનેમા ટીકીટમાં એડ કરીને ટેકસ લેતા. ગીત-ફાઈટ વખતે લોકો પરચુરણ ઉડાડતા કારણ કે ત્યારે નોટ કરતા પૈસાનું મુલ્ય વધારે હતુ, તેથી લોકો ખુશ થઈને પૈસા ઉડાડતા. આજે પણ લોકો જુના ગીતોનાં ચાહક છે.

### ત્રણ મહિના શેરબજાર માટે ખૂબ મહત્વના

# મોદી ગેરંટી શેરબજારને "ઢીલુ" નહીં પડવા દે

## વિદેશી નાણાકીય સંસ્થાઓનો રોલ મહત્વનો રહેશેઃ પ્રાઈમરી માર્કેટમાં પણ ગતિવિધિ ધીમી પડશે

**અબતક, રાજકોટ**

લોકસભાની ચૂંટણી ખૂબ જ નજીક આવી ગઈ છે. જેને લઈને બજારમાં આવનારા ત્રણ મહિના ખૂબ જ મહત્વના બની રહેશે. બજારમાં મોટી અફડા તફડી વધઘટ જોવા મળી શકે છે. છેલ્લા બે મહિનાથી વિદેશી નાણાકીય સંસ્થાઓ શેરબજારમાં વેચવાલ છે. છેલ્લા બે મહિનામાં જ ફક્ત ૫૨,૦૦૦ કરોડના શેરો વિદેશી નાણાકીય સંસ્થાઓએ શેરબજારમાં વેચ્યા છે. બીજી બાજુ ભારતીય નાણાકીય સંસ્થાઓએ ૫૨,૦૦૦ કરોડના શેરોની ખરીદી કરી છે. આમ,વિદેશી નાણાકીય સંસ્થાઓ શેરો વેચી રહી છે જયારે ભારતીય નાણાકીય સંસ્થાઓ ખરીદી કરી રહી છે. બંનેના સામસામા રાહ છે

ચૂંટણીની પ્રક્રિયા પૂરી થયા પછી પૂર્ણ બજેટ પણ આવશે. નવી સરકાર અગત્યની જાહેરાતો પણ કરશે ત્યારે પણ બજારમાં મોટી વધઘટ આવી શકે છે.



આવનારા દિવસોમાં વ્યાજદરોમાં પણ જો કોઈ મોટો ફેરફાર આવે તો તે પણ બજારને અસર કરશે.૨૦૨૪ માં અન્ય ઘણા દેશોમાં પણ ચૂંટણીઓ આવી રહી છે. જેની અસર પણ ભારતના શેરબજાર પર જોવા મળશે.હાલમાં મ્યુચ્યુઅલ ફંડમાં મોટું રોકાણ આવી રહ્યું છે જેને લઈને બજારમાં મોટા પ્રમાણમાં નાણા ઠલવાય રહ્યા છે.નાણાકીય વર્ષ ૨૦૨૪ ના છેલ્લા ક્વાર્ટરના પરિણામો પણ એપ્રિલ મહિનામાં જાહેર થશે. મેં મહિનામાં ચૂંટણીના પરિણામો જાહેર થશે આને લઈને આવનારા દિવસો શેર બજાર માટે ખૂબ જ મહત્વના સાબિત થશે.રોકાણકારોએ સાવચેતીનો સૂર રાખી રોકડ ઉપર બેસવાની જરૂર છે. મોટો ઘટાડો આવે તો ત્યારે ખરીદી કરી શકાય અને ઉછાળો આવે તો પોતાની પાસે રહ્યા શેરો વેચીને નફો મેળવી શકાય.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૩ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૩૨૦ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| તરબુચ | ૧૬ | ૨૩૦ | ૪૨૦ |
| બટેટા | ૪૪૦૦ | ૧૭૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૩૦ | ૯૦ | ૨૮૦ |
| ટમેટા | ૧૧૬૫ | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૬૫ | ૯૫૦ | ૧૨૩૦ |
| કોથમરી | ૨૪૩ | ૧૫૦ | ૩૦૦ |
| સકરીયા | ૯૦ | ૨૫૦ | ૪૫૦ |
| મુળા | ૧૭૫ | ૧૫૦ | ૩૨૦ |
| રીંગણા | ૪૧૫ | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૪૦ | ૧૬૦ | ૨૨૦ |
| ફલાવર | ૪૩૭ | ૨૫૦ | ૪૫૦ |
| ભીંડો | ૨૯૦ | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૮૦ | ૯૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૨૫ | ૭૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૨૧૦ | ૨૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૧૭૪ | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૪૧૫ | ૨૦૦ | ૩૮૦ |
| કારેલા | ૨૫૦ | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૨૮ | ૪૫૦ | ૭૫૦ |
| તુરીયા | ૩૨૦ | ૬૦૦ | ૯૦૦ |
| પરવર | ૧૪૩ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૨૫૩ | ૨૫૦ | ૫૦૦ |
| ગાજર | ૫૭૫ | ૧૬૦ | ૩૩૦ |
| વટાણા | ૨૧૦ | ૬૫૦ | ૮૭૦ |
| તુવેરસીંગ | ૧૭૦ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૩૪ | ૪૫૦ | ૬૮૦ |
| બીટ | ૧૪૫ | ૨૨૦ | ૩૧૦ |
| મેથી | ૩૧૦ | ૧૫૦ | ૨૫૦ |
| વાલ | ૧૨૪ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૫ | ૧૫૦ | ૩૫૦ |
| આદુ | ૩૦૭ | ૧૪૫૦ | ૧૮૩૦ |
| ચણા લીલા | ૨૬૪ | ૧૮૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૩૧૩ | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૩૯ | ૫૫૦ | ૯૫૦ |
| લસણ લીલું | ૨૩૨ | ૧૫૦૦ | ૨૧૫૦ |
| મકાઈ લીલી | ૩૪૦ | ૧૮૦ | ૩૪૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૦૦૦ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૬૫૦ | ૪૭૮ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૩૪૫૦ | ૪૯૬ | ૫૯૫ |
| જુવાર સફેદ | ૧૯૦ | ૭૮૦ | ૮૭૧ |
| બાજરી | ૧૪ | ૩૮૦ | ૪૧૫ |
| તુવેર | ૪૫૦ | ૧૬૭૫ | ૨૦૫૦ |
| ચણા પીળા | ૦ | ૯૫૦ | ૧૧૪૯ |
| ચણા સફેદ | ૦ | ૧૬૦૦ | ૨૩૬૦ |
| અડદ | ૫૫ | ૧૩૭૫ | ૧૭૪૦ |
| મગ | ૫૦ | ૧૪૦૦ | ૧૬૮૧ |
| વાલ દેશી | ૭૦ | ૯૦૦ | ૧૭૪૭ |
| મઠ | ૧૦ | ૯૫૬ | ૧૨૪૦ |
| વટાણા | ૧૬૦ | ૯૧૦ | ૧૩૬૦ |
| સીંગદાણા | ૨૫ | ૧૫૭૫ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૦ | ૧૨૯૫ |
| મગફળી જીણી | ૫૦૦ | ૧૦૪૦ | ૧૨૬૫ |
| તલી | ૩૫૦ | ૨૪૨૫ | ૨૭૫૦ |
| એરંડા | ૧૮૦ | ૧૧૦૦ | ૧૧૩૫ |
| અજમો | ૨ | ૩૫૭૪ | ૩૫૭૪ |
| સોયાબીન | ૧૨૫ | ૮૫૦ | ૮૭૪ |
| સીંગફાડા | ૪૫૦ | ૧૧૭૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૫૦ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| લસણ | ૮૫૦ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૧૧૬૦ | ૧૮૪૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૧૨૦૦ | ૩૬૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૧૨૮૦ | ૨૨૬૦ |
| વરીયાળી | ૮ | ૧૫૯૯ | ૨૨૫૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૨૦૦ | ૫૧૦૦ |
| રાય | ૨૫૦ | ૧૧૧૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૧૫૦ | ૧૪૯૪ |
| અશેરીયો | ૧૨ | ૧૯૦૦ | ૨૦૫૦ |
| કલોંજી | ૩ | ૨૮૦૦ | ૩૪૫૦ |
| રાયડો | ૫૦૦ | ૮૫૦ | ૯૪૦ |
| ગુવારનું બી | ૩૦ | ૯૬૦ | ૯૬૦ |

## કાર્યક્રમોની યાદી
અબ તક CHANNEL

**૦૫-૦૩-૨૦૨૪ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (બાગડ બિલ્લા)
૦૨:૦૦ થી ૦૨:૩૦ સમાચાર
૦૨:૩૦ થી ૦૩:૩૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ રસથાળ (બે નામી ખીર )
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રિષિકેશ કાલરિયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (સોલાર સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ છે રાજા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચાય પે ચર્ચા (અંકવિજ્ઞાન પ્રગતિ નું સરનામુ)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**૦૬-૦૩-૨૦૨૪ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૦:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## સૂડોકુ -૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૫ | ૬ | ૨ | | | | |
| | | | ૩ | | | | | ૬ |
| | ૩ | | | | ૯ | | ૪ | |
| | ૨ | | | | ૬ | | ૫ | |
| ૭ | | | | ૫ | | | | ૩ |
| | ૫ | | | | | ૭ | | |
| | ૪ | ૮ | | ૬ | ૧ | | | |
| ૬ | | | ૪ | | | | ૨ | |
| | ૧ | | | ૮ | | | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ | ૪ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ |

## અબતક પંચાગ

**તા.૬-૩-૨૦૨૪ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૦ **શાલીવાહન શકિ**ઃ ૧૯૪૫
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૪
**તિથી** મહાવદ અગીયાર વિજયાએકાદશી શિવપંથી
**નક્ષત્ર** પૂર્વષાઢા
**યોગ** વ્યતિપાત **કરણઃ** બવ
**સુર્યોદય** ૭.૦૪ **સુર્યાસ્તઃ** ૬.૫૩
**ચંદ્ર રાશી** ધન રાત્રે ૮.૨૭ થી મકર
**રાશિ અક્ષર** ભ.ફ.ધ/ખ,.જ.
**દિશાશૂળ** ઉત્તર દિશાતરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાંભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## આજનું રાશિફળ

**તા. ૫.૩.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ મહા વદ નોમ, મૂળ નક્ષત્ર, સિદ્ધિ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ભાગ્ય ની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે,અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો,દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો,દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ) :** શત્રુઓ થી સાવધાન રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે,અંગત લોકોમાં મતભેદ રહી શકે .

**સિંહ (મ,ટ) :** સંતાન અંગે સારું રહે,અંગત સંબંધો સુધારી શકો,મનની વાત વ્યક્ત કરી શકો,શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** નોકરિયાતવર્ગને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નવા કાર્ય માં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ):** મિત્રોની મદદ મળી રહે,કામકાજ માં સફળતા મળે,દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ) :** ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી,બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું,વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ ) :**સગા સ્નેહી મિત્રો થી સારું રહે,કાર્ય માં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ):** નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો,આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાનું રાજકોટમાં શાહી સ્વાગત

## કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાની પારેવડી ચોકથી શહેર ભાજપના ચૂંટણી કાર્યાલય સુધી વિશાલ રેલી: કાર્યકરોનો સેલાબ





**અબતક રાજકોટ**

સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ગત શનિવારે ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ૧૯૫ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરાયા છે. રાજકોટ લોકસભા બેઠક પરથી કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાને ટિકિટ આપવામાં આવી છે. ઉમેદવાર જાહેર કરાયા બાદ આજે પ્રથમવાર રાજકોટ પધારેલા રૂપાલાનું શહેર ભાજપ દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવ્યુ હતું. લોકસભાની આગામી ચૂંટણી માટે ભાજપ દ્વારા રાજકોટ બેઠક પરથી ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાના નામની ઘોષણા કરી છે. શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓમાં જબરજસ્ત ઉત્સાહ જોવા મળે રહ્યો છે. સૌરાષ્ટ્રની તમામ બેઠકો પૈકી રાજકોટ લોકસભા બેઠક પરથી પરસોત્તમભાઈ રૂપાલાને રેકોર્ડબ્રેક લીડથી જીતાડવા કાર્યકરો અત્યારથી જ ખબે ખભા મિલાવી કામ કરી રહ્યા છે.ઉમેદવાર જાહેર કરાયા બાદ આજે સવારે ૧૦ કલાકે પરસોતમભાઈ રૂપાલા પ્રથમ વખત રાજકોટની મુલાકાતે આવી આવ્યા છે. તેઓ અમદાવાદથી બાય રોડ રાજકોટ આવી પહોંચ્યા હતા. પારેવડી ચોક ખાતે શહેર ભાજપના હજંજારો કાર્યકર્તાઓ પોતાના લોકલાડીલા નેતા અને ઉમેદવારને ફુલડે વધાવ્યા હતા. ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું.સાથોસાથ આતશબાજી પણ કરવામાં આવી હતી. પારેવડી ચોકથી ૧૫૦ ફૂટ રીંગ રોડ સ્થિત શહેર ભાજપના લોકસભા ચૂંટણીના મધ્યસ્થ કાર્યાલય સુધી એક વિશાળ રેલીનું પણ યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આજથી જ ભાજપ દ્વારા રાજકોટ લોકસભા બેઠક માટે ચૂંટણી પ્રચારનો આરંભ કરી દેવામાં આવ્યો છે. હજી ચૂંટણીની તારીખોનું પણ એલાન પણ નથી થયું ત્યાં ભાજપ દ્વારા જે રીતે ઉમેદવારોના નામની ઘોષણા કરી દેવામાં આવી છે તે બતાવે છે કે જીત માટે પક્ષ કેટલો નિશ્ચિત છે. પોતાના કાર્યકરો ને પણ પ્રચાર પ્રસારની કામગીરીમાં લાગી જવા મોવડી મંડળ દ્વારા તાકીદ કરવામાં આવી છે. બુધવારે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા પત્રકાર પરિષદને પણ સંબોધે તેવી શક્યતા હાલ જણાય રહી છે.

### હર હર મહાદેવ... જય ગિરનારી દેવના નાદ સાથે

# ભવનાથ મંદિરે નોમના ધ્વજારોહણ સાથે શિવરાત્રી મેળાનો વિધિવત પ્રારંભ

## સાધુ સંતો અધિકારીઓ દ્વારા ધ્વજા ચલાવી સોમનાથ મહાદેવની પૂજા કરી મેળો ખુલ્લો મુકાયો: ચાર દિવસ સુધી ભક્તિ ભોજન ભજનનો ત્રિવેણી સંગમ






**અબતક, ચિરાગ રાજ્યગુરુ, જુનાગઢ**

ધર્મનરી જૂનાગઢના પવિત્ર ગિરનારની તળેટીમાં આજથી શિવરાત્રી મેળાનો વિધિવત પ્રારંભ થયો છે સવારે દસ વાગ્યાના મૂર્તે સાધુ સંતો સામાજિક રાજકીય આગેવાનો અધિકારીઓ ની ઉપસ્થિતિમાં ભવનાથ મંદિરે નવ ની ધજા નું આરોહણ કરવામાં આવ્યું હતું. શિવરાત્રી મેળાની પરંપરા મુજબ નોમની ધજા બાદ મેળો શરૂ થાય છે આ વર્ષે દશમનો ક્ષય હોવાથી મેળો ચોથા દિવસે પૂર્ણ થશે,મેળામાં આ વખતે સારું વર્ષ અને ખુશનુમાં વાતાવરણને લઈને ભાવિકોની ભીડ વધશે તેવી શક્યતા વચ્ચે વહીવટી તંત્ર,કોર્પોરેશન તંત્ર વન વિભાગ સામાજિક સંસ્થાઓ અને સાધુ સંતો મંદિર દેવાલય અને જ્ઞાતિની વાડીઓ ઉતારામાં વિશેષ સુવિધાઓ ઉભી કરી છે શહેરમાં ગઈકાલથી એસટી બસો અને ટ્રેનમાં મેળાના ભાવિકો નું આગમન શરૂ થયું છે. શિવરાત્રીના મેળામાં ૨૫૦ થી વધુ સાધુ સંતોના અખાડાવો છે અને રાતથી ભજન ની રંગત જામશે.

## મેળાના ગ્રાઉન્ડમાં મેદની ઉમટી અવધૂતોના ૨૫૦ થી વધુ રાવલટીઓમાં ધુણા ધખ્યા જૂનાગઢ ભણી રાજ્યભરના ભાવિકોનું કીડિયારૂ ટ્રેન-બસમાં ચિક્કાર ભીડ

# સુરેન્દ્રનગર યુનિ.ના સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓનો યોજાયો પ્રથમ પદવીદાન સમારોહ

## કાર્યક્રમમાં ૪ વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ અને ૫ વિદ્યાર્થીને સિલ્વર મેડલ એનાયત



**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર યુનીવર્સીટીનાં સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓનો પ્રથમ પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પુર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, નાયબ દંડક ગુજરાત વિધાનસભા અને વઢવાણ વિધાનસભાના ધારાસભ્ય જગદીશભાઈ મકવાણા, જાણીતા મોટીવેશનલ સ્પીકર સંજયભાઈ રાવલ, રાષ્ટ્રીય રક્ષા શકિત યુનીવર્સીટીના વાઈસ ચાન્સેલર કલ્પેશભાઈ વનરા, સુરેન્દ્રનગર શહેર ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ, સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલિકાના ચેરમેન જીજ્ઞાબેન પંડ્યા સુરેન્દ્રનગર યુનીવીર્સીટીનાં ચેરમેન ઈન્દ્રસિંહ ઝાલા અને સુરેન્દ્રનગર યુનીવર્સીટીનાં વાઈસ ચેરમેન શિવાંગીબા ઝાલાએ વિશેષ હાજરી આપી કાર્યક્રમમાં શોભા અભિવૃધ્ધિ કરેલ.

કાર્યક્રમની શરૂઆત કરતાં સુરેન્દ્રનગર યુનીવર્સીટીનાં વાઈસ ચેરમેન શિવાંગીબા ઝાલાએ પોતાના ઉદબોધનમાં યુનિવર્સીટી વતી તમામ આમંત્રીત મહેમાનોનું સ્વાગત કરેલ અને તેમણે વધુમાં જણાવ્યું કે, આજનો દિવસ આપણા સૌ માટે એક માઈલસ્ટોન છે. આજના પદવીદાન સમારંભમાં તમારી અત્યાર સુધીની નીરંતર અને સતત મહેનતનું પરીણામ છે. આપ આમ જ આપના માતા-પિતાના સ્વપ્નો સફળ બનાવતા રહો તેવી શુભકામનાઓ.

વઢવાણ વિધાનસભાના ધારાસભ્ય જગદીશભાઈ મકવાણાએ પોતાના વકતત્વમાં જણાવ્યું કે, વિદ્યાર્થીએ આ મેળવેલ સફળતાએ તેમની મહેનતનું પરીણામ છે અને વિદ્યાર્થીઓ સતત પોતાના જીવનમાં આગળ વધે અને સફળતા મેળવે તેવી શુભેચ્છા વ્યક્ત કરેલ.

આ કાર્યક્રમમાં ૪ વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ, ૫ વિદ્યાર્થીને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવેલ હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરેન્દ્રનગર યુનીવસીર્ટીનાં સ્ટાફ ગણે ભારે જહેમત ઉઠાવેલ.


પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી - ધોરાજી

જીવનના આરંભથી અંત સુધી ચંદનની જેમ માનવતાની મહેક પ્રસરાવી, આપની કુંટુબ વાત્સલતા, નિર્મળ સ્વભાવ, સંસ્કાર અને જીવન મુલ્યોનું જતન તથા સેવાનું કાર્ય સદાય રહેશે યાદ. પ્રભુ આપના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...



સ્વ. ગૌતમભાઈ
નરેન્દ્રભાઈ ચૌધરી (એડવોકેટ)
સ્વ. તા. ૦૫.૦૩.૨૦૨૩, ધોરાજી

લી.
રાજેન્દ્રભાઈ એન. ચૌધરી
રેખાબેન આર. ચૌધરી
રાહુલ આર. ચૌધરી - અંકીત આર. ચૌધરી
ડો. પિયુષ સી. કોરડીયા
ડો. હસમુખ કે. ચૌહાણ
તથા પરીવાર


# પુનમબેન રિપિટ થતા જામજોધપુરના આગેવાનોએ ફુલડે વધાવ્યા



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા સાંસદ પુનમબેન માડમને જામનગર લોકસભા સંસદીય ક્ષેત્રના પાર્ટીના ઉમેદવાર જાહેર કર્યા બાદ સૌ પ્રથમ વાર અટલ ભવન ખાતે શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટી જામનગર જીલ્લાના સૌ સંગઠનના કાર્યકર્તાઓ ચુંટાયેલા સભ્યો તથા શુભેચ્છકોને અટલ ભવન ખાતે શુભેચ્છા પાઠવવા ઉપસ્થિત રહેલ ત્યારે જીલ્લા ભાજપ પ્રમુખ રમેક મુંગરા જીલ્લા ભાજપ મહામંત્રી દીલીપભાઈ ભેંજાણી મહામંત્રી અભિષેકભાઈ પટવા તથા જામજોધપુર તાલુકા યુવા આહિર અગ્રણી તેમજ જામજોધપુર તાલુકાના ભાજપ આગેવાન હરેશભાઈ બારીયાએ પણ જામનગર અટલ ભવન ખાતે ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવેલ.

# ચંબલ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડ દ્વારા ચલાવાયું ઉત્તમ સંતુલિત પોષણ અભિયાન

## સરકારના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ વડાપ્રધાન પ્રણામ યોજના અંતર્ગત રાસાયણિક ખાતરોના બદલે જૈવિક ખાતરના વપરાશને પ્રોત્સાહન



**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજના પીએમ પ્રણામ યોજના દેશમાં રાસાયણિક ખેતી ની જગ્યાએ જૈવિક ખાતર ના ઉપયોગને પ્રોત્સાહન આપી કૃષિ આવક ની સાથે સાથે ઉત્પાદન અને આરોગ્ય ને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી સંતુલિત પોષણ અભિયાન ચલાવવામાં આવે છે, સાથે સાથે ૧૩ રાજ્યોમાં ચલાવવામાં આવતા વડાપ્રધાન પ્રણામ યોજના અંતર્ગત ખેતીમાં જૈવિક ખાતર ના ઉપયોગ માટે અભિયાન ચલાવવામાં આવે છે.

કૃષિમાં નવી ટેકનોલોજી સાથે સાથે આવક અને આરોગ્ય સુદ્રઢ બનાવવા માટે ખેડૂતોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત ૨૪૦ થી વધુ ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા

ચંબલ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડ દ્વારા ઉત્તમ સંતુલિત પોષણ અભિયાન અંતર્ગત કાર્યક્રમોમાં ફર્ટિલાઈઝરના કૃષિ વિજ્ઞાનીક ડોક્ટર જગ મોહન સોની એ ખેડૂતોને દેશભરમાં ચલાવવામાં આવતા ઉત્તમ સંતુલિત પોષણ અભિયાન અંતર્ગત થતા ફાયદા અને હેતુ અંગે ખેડૂતોને સમજણ આપવામાં આવી હતી.

ડોક્ટર શેની એ જણાવ્યું હતું કે આ અભિયાનમાં વૈજ્ઞાનિક અભિગમ અને ટેકનોલોજીનો ઉપયોગ કરી ખેતી વધુ સમૃદ્ધ બનાવવામાં આવી રહી છે, ઉત્પાદનની સાથે સાથે આરોગ્ય નું જતન માટે રાસાયણિક ખાતરની જગ્યાએ જૈવિક ખાતર પરાળ ગોબર સહિતના કુદરતી સંયોજનોના ઉપયોગથી ખેતીને જૈવિક બનાવી શકાય છે.

જન જાગૃતિ અભિયાન અંતર્ગત ચંબલ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડ જનરલ મેનેજર આરપી અડવાણી એ કંપનીના ભવિષ્યને ભાવિક યોજનાઓ અને સેવાઓની જાણકારી આપી હતી તેમણે ખેડૂતોને ડિજિટલ સેવાઓ અને કંપનીના વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર



આપવામાં આવતી માહિતીઓ નો ફાયદો ઉઠાવવા સલાહ આપી હત ખાતર કૃષિ ઉત્પાદનો અને અને આ વિસ્તારમાં આપવામાં આવતી સેવાઓ ની જાણકારી આપી હતી ,તેમણે જણાવ્યું હતું કે રવિ પાક માં પોષણ પ્રબંધન અને રોગ નિયંત્રણ માટે કિસાનો એ જાગૃત થવું જોશે ,તેમને જણાવ્યું હતું કે ભૂગર્ભજળમાં આવતી ઘટ્ટ દૂર કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડશે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કૃષિ અધિકારી ડોક્ટર જીવરાજભાઈ ચૌધરીએ ખેડૂતોને ભારત સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ ડ્રોનના ઉપયોગ ચક્ર અને વિવિધ યોજનાઓ ની માહિતી આપી હતી, કાર્યક્રમનું સંચાલન ચંબલ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડ ના આસિસ્ટન્ટ માર્કિંગ મેનેજર પ્રવેશભાઈ ઉપાધ્યાય એ કરીને કંપનીના દરેક પ્રોડક્ટ નો યોગ્ય ઉપયોગ ની જાણકારી આપી હતી.

ખેડૂતોએ ચંબલ ફર્ટિલાઈઝરના કાર્યક્રમની સહાયક કરી આશા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં પણ આવા જાગૃતિના કાર્યક્રમો જરૂર કરતું રહેશે આ કાર્યક્રમમાં તમામ સ્થાનિક ખેડૂત આગેવાનો જથ્થાબંધ વેપારીઓ અને ઉપસ્થિત રહ્યા હતાં.


# જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી સર્વેને જાણ કરવાની કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલીયા તાલુકાના ગામ મોજે આહેર સિંહણ ગામના ખાતા નાં.૪૧૦ થી આવેલ રે.સ.નાં.૪૧૬, કુલ ક્ષે. હે. : ૧-૭૪-૩૫ આરે વાળી ખેતીની જમીન પ્રવિણસિંહ ઉદેસિંહ પરમારની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટા હક્કની આવેલ છે. તેઓ પાસેથી સદરહુ ખેતીની જમીન અમારા અસીલે ટાઈટલ કલીયર અને ખાલી કબજાની શરતે ખરીદ કરવા સોદો કરેલ અને નોટરી કરાર કરેલ છે તેમજ અવેજ પેટે સુથીની રકમ ચુકવેલ છે.

આ વેચાણ વ્યવહાર થાય તે સામે કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા, વારસદારો, સરકારી કે અર્ધ-સરકારી કચેરી, બેંક કે ફાયનાન્સ કંપનીઓને કોઈપણ જાતનો વાંધો, તકરાર હોય કે આ જમીન પરત્વે કે રસ્તા અંગેનો કે કોઈપણ હક્ક, અધિકાર, બોજો, કરજ કે ચાર્જ અથવા કોઈપણ પ્રકારનું લેણું હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમારી ઓફીસે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. જો નિયત મુદતમાં કોઈ વાંધો લેવામાં નહીં આવે તો કોઈને કોઈ વાંધો તકરાર નથી, અથવા હોય તો પણ તે જતાં (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે આ જમીનનો પોતાના જોગનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધો-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

ખંભાલીયા, તા.૦૨/૦૩/૨૦૨૪

તે અમારા અસીલની સુચનાથી

અરૂણ કે. નકુમ- એડવોકેટ

ઓફીસ : બેઠક રોડ, આંબાણી ગેસ્ટ હાઉસ સામે, ખંભાલીયા, તા.ખંભાલીયા, જિ.દેવભૂમિ દ્વારકા.

મો.૯૮૨૪૫ ૮૨૮૭૧

તંત્રી લેખ

# માલદીવ : જીસ થાલી મે ખાયા ઉસી મેં છેદ

માલદીવ અને ભારત વચ્ચે સંબંધો બગડયા છે. મોહમ્મદ મુઈઝ્ઝુની સરકાર બન્યા બાદથી જ માલદીવના ભારતની સાથે સંબંધ ખરાબ થઈ ગયા છે. આ વચ્ચે વિદેશ મંત્રી જયશંકરે માલદીવના રાષ્ટ્રપતિને તેમની જ ભાષામાં જવાબ આપતા કહ્યુ કે બદમાશ ક્યારેય ૪.૫ અબજ ડોલરની મદદ કરતા નથી. જાન્યુઆરી મહિનામાં મુઈઝ્ઝુએ ભારત વિશે કહ્યુ હતુ કે કોઈ પણ દેશ પાસે તેમને ધમકાવવાનું લાયસન્સ નથી. પોતાના પુસ્તક 'વ્હાઈ ભારત મેટર્સ'ના પ્રમોશન કાર્યક્રમમાં જયશંકરે કહ્યુ કે ભારત હંમેશા સંકટના સમયમાં પોતાના પાડોશી દેશોની સાથે ઊભુ રહે છે અને દરેક શક્ય મદદ કરે છે.

વિદેશ મંત્રીને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે ભારત આ મહાદ્વીપમાં ઘૂસણખોરીનો પ્રયત્ન કરે છે. તેમણે કહ્યુ કે તમે જો ભારતને મોટો બદમાશ ગણાવો છો તો એક વાત ધ્યાન રાખો કે બદમાશ ૪.૫ અબજ ડોલરની મદદ કરતા નથી. કોવિડના સમયે બીજા દેશોને વેક્સિન મોકલતા નથી. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં અનાજથી લઈને ખાતર અને દવાઓ પણ મોકલાવતા નથી. આજે ભારતના વખાણ સમગ્ર દુનિયા કરે છે. સંકટના સમયે ભારતે દરેક દેશની મદદ કરી છે.

માલદીવ અને ભારતની વચ્ચે તણાવ વધી ગયો જ્યારે મુઈઝ્ઝુના મંત્રીઓએ વડાપ્રધાન મોદી પર આપત્તિજનક ટિપ્પણી કરી દીધી. જોકે ઘરેલુ દબાણના કારણે જ ૩ મંત્રીઓને કેબિનેટથી બહાર કરી દેવાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપના પર્યટનને પ્રોત્સાહન આપવા માટે તસવીરો શેર કરી હતી. જે બાદ મુઈઝ્ઝુના મંત્રીઓએ તેની પર આપત્તિજનક ટિપ્પણી કરી હતી. તેનો વિરોધ મુઈઝ્ઝુસરકારે પોતાના ઘરમાં પણ કરવો પડ્યો.

જયશંકરે કહ્યુ કે નેપાળ, શ્રીલંકા, ભૂટાન, બાંગ્લાદેશ અને માલદીવમાં છેલ્લા અમુક વર્ષોમાં જ ભારતનું રોકાણ ઝડપથી વધ્યુ છે. આજે જે રીતનો વેપાર પાડોશી દેશો સાથે થઈ રહ્યો છે, તે પણ એક વ્યકત કરનારી કહાની છે. હું આ લિસ્ટથી માલદીવને અલગ કરી રહ્યો નથી. માલદીવની સાથે પણ સારા વ્યાપારી સંબંધ છે. આ મામલે હુ ભૂટાનનું નામ પણ ભૂલી શકતો નથી કેમ કે બંને દેશોની વચ્ચે ખૂબ ગાઢ અને મજબૂત સંબંધ છે. અમે એકબીજાનું ખૂબ સન્માન કરીએ છીએ.

અગાઉ મુઈઝ્ઝુએ એલાન કર્યુ હતુ કે ભારતીય સેનાની પહેલી ટુકડી ૧૦ માર્ચ સુધી ભારત મોકલી દેવામાં આવશે. જે બાદ બાકીની બે ટુકડીઓને ૧૦ મે સુધી મોકલવામાં આવશે. માલદીવના રાષ્ટ્રપતિ ચીનના ઘોર સમર્થક છે અને દરમિયાન તે પોતાના હિતોને અવગણીને ભારતનો વિરોધ કરી રહ્યા છે. મુઈઝ્ઝુનું કહેવુ છે કે તેમના દેશમાં કોઈ પણ વિદેશી સેના હાજર રહેવી જોઈએ નહીં.

# સાંકળચંદ પટેલ એન્જિનિયરીંગ કોલેજ ખાતે સાયન્સ ડેની ઉજવણી

## વિવેક વંવિલ સહિતના વિદ્વાનોએ આપ્યા વ્યાખ્યાનો



**અબતક, રાજકોટ**

તાજેતરમાં સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, વિસનગર એમ ત્રણ દિવસ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના આશયથી સંસ્થામા કમ્પ્યુટર અને આઈટી એંજિનયરિંગ વિભાગ દ્વારા નેશનલ સાયન્સ ડે અંતર્ગત વિવિધ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં અમર ગાંધી, પ્લેસમેંટ ઓફિસર, એસપીયુ એ રોલ ઓફ પ્રોજેકટ એન્ડ ઈન્ટરેશરપ ઈન કેરિયર ડેવલોપમેન્ટ પર વ્યાખ્યાન આપ્યું હતું અને પરફેકકયુએ એલએલપી, અને PerfactQA LLP, માથી આવેલ નિષ્ણાતો દ્વારા Role of AI in Software Engineering પર વિવિધ વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. વધુમાં Poster Presentation Competition અને Industrial Project exhibition નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ રાહુલ શર્મા, Director, PerfactQA LLP, Ahmedabad ના સહયોગથી આવેલ નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓના પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. વધુમાં ત્રણ દિવસના અંતે ડો. ચિરાગ પટેલ, HoD, CSE dept., Charusate University, Changa Ýhpfp Machine Learning and Deep Learning વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું તેમજ વિવેક વન્ધિલે, Senior Program Manager, Edunet Foundation દ્વારાStudent Orientation સેસન લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની ઉજવણી SPCE-ISTE ના સહયોગથી કરવામાં આવી હતી.

ડો. પિયુષ જે. પટેલ, પ્રિન્સિપાલ, SPCE, ડો. કિરીટ જે. મોદી, HoD, CE/IT dept. અને પ્રો. વિવેક કે.શાહ, પ્રો. અંકુર જે. ગોસ્વામી અને ડો. રાજેશ પટેલે સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંકલન કર્યું હતું. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાની, ટેકનિકલ ડાઈરેક્ટર ડો. એચ. એન. શાહ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા જરૂરી માર્ગદર્શન અને સહયોગ પુરો પાડ્યો હતો.

# સોમનાથ શિક્ષણાધિકારી કચેરી દ્વારા શિક્ષણ સજજતા સેમિનાર યોજાયો

## કાર્યક્રમમાં નિવૃત શિક્ષકોનું સાલ ઓઢાડી પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું

**અબતક,અતુલ કોટેચા, વેરાવળ**




ગીર સોમનાથ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા વ્યાયામ શિક્ષક મંડળ દ્વારા શ્રી રામ મંદિર હોલ ખાતે શારીરિક શિક્ષણ ગુણવત્તા સુધારણા તેમજ શિક્ષક સજજતા સેમિનાર યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડો. અર્જુનસિંહ રાણાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દિર્ઘદ્રષ્ટિ અને સબળ નેતૃત્વ થકી નિર્માણ પામેલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સ્પોર્ટ્સ સાયન્સના ઉપયોગની સાથે અદ્યતન સુવિધાઓથી સજ્જ છે. ખેલાડીઓને ઉમદા પ્લેટફોર્મ મળે તેવા હેતુસર યોજાતા ખેલ મહાકુંભમાં બહોળી સંખ્યામાં રજીસ્ટ્રેશન થાય છે. ભારતનો દરેક સામાન્ય નાગરિક શારીરિક તથા માનસિક તંદુરસ્ત રહે તે માટે વડાપ્રધાન દ્વારા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ શરૂ કરી છે. અને સામાન્ય લોકોના સ્વાસ્થ, રમત-ગમત જેવી બાબતોને પાયાથી મજબૂત કરવા નવી શિક્ષણ નીતિમાં ફિટનેસ અને વેલનેસ વિષયનો સમાવેશ કર્યો છે. આ કાર્યક્રમમાં વ્યકિત વિશેષનું સન્માન તેમજ નિવૃત શિક્ષકોનું શાલ ઓઢાડી, પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય વ્યાયામ શિક્ષક મહામંડળના પ્રમુખ રણજિતસિંહ વાઘેલા, મહામંત્રી આર.કે. ચૌધરી, ગીર સોમનાથ વ્યાયામ શિક્ષક મંડળના પ્રમુખ અર્જુન પરમાર, જિલ્લા યુવા વિકાસ અધિકારી હરેશ મકવાણા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.પી. બોરિચા, અગ્રણી દિલીપભાઈ બારડ ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ: 30 ટીબીના જરૂરીયાતમંદ દર્દીઓને પોષણ આહાર કીટનું વિતરણ

**અબતક, અતુલ કોટેચા,વેરાવળ**



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ટીબી મુકત ભારત અભિયાનને સાકાર કરવાના હેતુથી ટીબીના જરૂરિયાતમંદ દર્દીઓને દર મહિને દાતાઓ દ્વારા પોષણ કીટ આપવામાં આવે છે. ગીર સોમનાથ જિલ્લામાં કલેક્ટર ડી.ડી. જાડેજાની આગેવાની અન્વયે સરાહનિય કામગીરી થઈ રહી છે ત્યારે શનિવારે વધુ 30 ટીબીના જરૂરિયાતમંદ દર્દીઓને સ્ટેલા મેરી ટ્રસ્ટ સોમનાથ દ્વારા પોષણ આહાર કીટ વિતરણ કરવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લા ટીબી ઓફિસર ડો.શીતલ રામના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટેલા મેરી ટ્રસ્ટ સોમનાથના ટ્રસ્ટી થોમસ મેડમ તરફથી પોષણકિટ આપવામાં આવી હતી. અને ડીપીએસ મેણસી એમ સોલંકી દ્વારા દર્દીઓને નિયમિત સારવાર લેવા માટે સમજાવ્યા હતા. આ કાર્યક્રમમાં ટીબીના દર્દીઓએ પોતાના અનુભવ રજૂ કર્યા હતા.

# વેરાવળઃ ધારાસભ્ય ભગવાનભાઈ બારડ દ્વારા જ્ઞાન-ગમ્મતસભર 'ભૂલકા મેળો' યોજાયો

## બાળકો દ્વારા વ્યસનમૂક્તિ સ્વચ્છ ભારત અભિયાન પર્યાવરણ બચાવોનો સંદેશો અપાયો



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ધારાસભ્ય ભગવાનભાઈ બારડ દ્વારા ઘૂસિયા ખાતે ડી.એમ.બારડ સંકુલના પટાંગણમાં 'ગીરના ફૂલ' થીમ સાથે આંકોલવાડી, જસાધાર, રસૂલપરા, જાંબૂર, ભીમદેવળ સહિત તાલાલા તાલુકાની વિવિધ ૧૨૦થી વધુ આંગણવાડી કેન્દ્રના ૧૧૦૦થી વધુ ભૂલકાઓ માટે જ્ઞાન-ગમ્મતસભર ''ભૂલકાં મેળો'' યોજાયો હતો.

આ ''ભૂલકાં મેળા''માં બાળકોને સાપસીડી, થ્રોઈંગ ધ બોલ, બોલ બેલેન્સ, સંગીત ખુરશી વગેરે જેવી વિવિધ રમતો રમાડવામાં આવી હતી અને સાથે જ 'રિંગણ તો રાજા', કચૂંબર કમાલ કરે, ધાણાં સાથે ધમાલ કરે, ખાતી નથી, પીતી નથી, ઢિંગલી મારી બોલતી નથી વગેરે બાળગીતો પર મન મૂકીને થીરક્યાં હતાં.

ભૂલકાંઓ માટે 'ટોમ એન્ડ જેરી', 'અવકાશયાત્રી', 'કાર-જીપ' સહિતના કટઆઉટ્સ પણ મૂકવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં બાળકોને પોષકયુક્ત ખોરાક અને પ્રોટિનયુક્ત બિસ્કિટ્સનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં સ્ટેજ પરથી બાળકોની આંતરિક શક્તિઓની ઝલક જોવા મળી હતી. જેમાં તેમણે કાલી-ઘેલી ભાષામાં બાળગીત અને કવિતાઓ પ્રસ્તુત કરી હતી તેમજ સીદી સમૂદાયના બાળકોએ પરંપરાગત ધમાલ નૃત્ય કરી અને ઉપસ્થિત સર્વેનું દિલ જીતી લીધું હતું.

આ તકે, ધારાસભ્યએ જણાવ્યું હતું કે, જ્યારે આપણે બાળક સાથે હોઈએ છીએ ત્યારે આપણો આત્મા પણ ખુશ થાય છે. જીવનનો આનંદ માણવાનું બાળકો પાસેથી શીખવા જેવું છે. કારણકે તે વર્તમાનમાં જીવે છે. સરકાર દ્વારા આંગણવાડીના બાળકોને પોષણયુકત આહાર મળે, સાત્વિક ખોરાક સાથે નવી પેઢીનું ઘડતર થાય એ દિશામાં કાર્ય થઈ રહ્યું છે. આ તકે સમગ્ર બારડ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. જેમના દ્વારા આંગણવાડીના ભૂલકાંઓને પ્રોટિનયુકત બિસ્કિટ્સ, રંગબેરંગી ફૂગ્ગાઓ, બ્રિકસ ગેમ, બ્યૂગલ, ઢોલ સહિતના રમકડાં અને પ્રોત્સાહક ઈનામનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમરેલી પંથકના ખેડુતોને વિમા ચુકવણીના થયેલા અન્યાય મુદ્દે કોંગ્રેસનો વિરોધ

## ખેડુતોને મળવા પાત્ર હતા ૧૧ હજાર કરોડ ને મળ્યા માત્ર ૧ હજાર કરોડઃ પૂર્વ ધારાસભ્ય ઠુંમર

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કિસાન ચેરમેન પાલ આંબલીયા, પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત,પૂર્વ ધારાસભ્ય વિરજી ઠુમર સહિત નેતાઓ દ્વારા સંયુક્ત પ્રેસ કોન્ફન્સ યોજી સરકારના પાક વિમમાં મોટો ભ્રષ્ટાચાર થયાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. સરકારે નક્કી કરેલા ધારા ધોરણ મુજબ વીમો આપ્યો નથી અને પાક વીમામાં ભ્રષ્ટાચાર થયો હોવાની આશંકા જતા જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં માહિતીઓ માંગવા છતાં ન મળી હોવાનો આક્ષેપ અને વીમમાં કૌભાંડ થયાનો આરોપ ઉપરાંત સરકાર સામે ચેલેન્જ આપી હતી કાગળ પરના પુરાવા મીડિયા સમક્ષ રજુ કર્યા હતા.પ્રદેશ કોંગ્રેસ કિસાન નેતા પાલ આંબલીયાએ કહ્યું ૧૬ અને ૧૭માં પ્રધાન પાક વીમા યોજના ચાલુ થઈ ત્યારબાદ દુષ્કાળગ્રસ્ત જાહેર થયેલા તાલુકામાં અમરેલીના તાલુકાઓનો પણ સમાવેશ થયો હતો. ગુજરાતના વિવિધ જિલ્લામાં પાક નુકસાનની અરજીઓ કરવામાં આવી હતી ખેડૂતોને જે વીમાઓ મળવા જોઈએ તે ન મળ્યા સરકારને સહાયની જાહેરાત પણ કરી હતી જેમાં અમે સતત લડત કરતા આવ્યા છીએ તો વીરજી ઠુંમર પણ ભાજપને ચેલેન્જ સાથે આક્ષેપો કરતા જણાવ્યું હતું કે ૨૦૧૫ થી ખેડૂતો સાથે સતત અન્યાય થઈ રહ્યો છે જ્યારે ૨૦૦૦ ની અતિ વૃષ્ટિમાં અમેરિકાથી સહાય લઈ આવી ખેડૂતોને અમે અપાવ્યા હતા સરકારે નથી આપ્યા તેમજ વધુમાં ભાજપ ને ચેલેન્જ આપતા જણાવ્યું હતું કે ભાજપના કૃષિમંત્રી કે કોઈપણ પદાધિકારીઓ જો જાહેર રાજકમલ ચોકમાં આ બાબતે ચર્ચા કરવી હોય તો અમે તૈયાર છીએ. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કિસાન ચેરમેન પાલ આંબલીયા એ આક્ષેપો કરતા જણાવ્યું હતુંકે ૨૦૧૭/૧૮ મા મગફળીમાં ૮૭ થી ૯૦ ટકા પાક વિમો મળે એમ હતો તેમજ ૨૦૧૮/૧૯ મા ૭૭ થી ૭૮ ટકા બિન પિયત કપાસના પાક વિમો મળે એમ હતો તેમજ પિયત કપાસમાં ૬૮થી૭૪ ટકા પાક વિમો ખેડૂતોને મળવા પત્ર હતી એની સામે ખેડૂતોને કેટલો વિમો મળ્યો છે ? સરકારે નક્કી કર્યા પ્રમાણે ૩૩ ટકા પણ ખેડૂતોને વિમો મળ્યો નથી.

# ઈડરઃ સાબલવાડ ચિંતન શિબીરમાં કોર્ટ મેરેજમાં માતા-પિતાની સહમતી મુદે થયો પરામર્શ

## ઈડર-વડાલી પાટીદાર સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં એકત્રીત થયા



**અબતક, સંજય દિક્ષીત, ઈડર**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના સાબલવાડ ગામે રવિવારના રોજ સરદાર પટેલ સેવાદળ(ગ્રુપ)ની બેઠક યોજાઈ હતી જેમાં એસ.પી.જી ના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા અને આસપાસના ગામોમાંથી આવેલ પાટીદાર સમાજના વડીલો,ભાઈઓ અને બહેનોને દીકરીના કોર્ટ મેરેજમાં માતા પિતાની સહી ફરજીયાત કરવા માટેના વિષયમાં માર્ગદર્શન આપ્યું હતું અને આ બેઠકમાં ઈડર પંથકના ગામોની દૂધ ઉત્પાદક મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, સરપંચોએ લાલજી પટેલ અને એસ.પી.જી સંગઠનની લડતને સમર્થન આપ્યું હતું અને આ અંગે ઉપસ્થિત સૌ દીકરીઓને પણ શપથ લેવડાવ્યા હતા જ્યારે ચિંતન અને મનન બેઠકમાં એસ.પી.જી ના આગેવાનો રીંકેશ પટેલ, નિરવ પટેલ, ભીમા પટેલ, હર્ષદ પટેલ તેમજ સાબલવાડના અશોક પટેલ ગ્રામજનો તથા ઈડર અને વડાલી પાટીદાર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ધોરાજીઃ મોટા દુધીવદરના પોલાભાઈ મકવાણાના ચક્ષુદાનથી બે વ્યકિતઓની જીવનમાં આવશે આંખોની રોશની

**અબતક, ભોલાભાઈ સોલંકી, ધોરાજી**



ધોરાજી જામકંડોરણા તાલુકાના મોટા દુધીવદર ગામના પોલાભાઈ બાવનજી મકવાણાનું સરકારી હોસ્પિટલ ખાતે અવસાન થતાં તેમના પરિવાર જનોને માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્ર બાબરીયા અને સાગર સોલંકીએ ચક્ષુદાન કરવા અંગે સમજ આપતા ચક્ષુદાન અંગે સંમતિ આપતા ધોરાજી સરકારી હોસ્પિટલના ચક્ષુદાન સેન્ટરના અધિક્ષક ડો. જયેશ વેસેરીયન અને ડો. વિવેક કાવર અને મેડીકલ ટીમના દિપક ભાષ્કર અને રોહીત સોંદરવા દ્વારા ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે ચક્ષુદાન કરાએલ હતું. વિજયભાઈ મકવાણા, માધવજીભાઈ મકવાણા, હરીભાઈ મકવાણા, મનીષભાઈ મકવાણા સહીતના હાજર રહેલ હતા.

માનવ સેવા યુવક મંડળ અને સરકારી હોસ્પિટલને ૨૩૩મું ચક્ષુદાન મળેલ છે.

ઈડર એક ઐતિહાસિક નગરી

# ઈડર દિવ્યપથ સ્કૂલમાં યોજાયો મેગા એક્સલ કાર્નિવલ

## કાર્યક્રમને નિહાળવા ઉમટી માનવમેદની

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**



ઈડર વ્રજભૂમિ ઈન્ટરનેશનલ ગ્રુપ એફીનિટી દિવ્યપથ સ્કૂલ કૃષ્ણનગર ઈવેન્ટ મેગા એકસલ કાર્નિવલ ૨૦૨૪ વિરાસત ઈડર એક એક ઐતિહાસિક નગરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો ઈડર એક ઐતિહાસિક નગરી આધ્યાત્મિક એક પાવર,સક્સેસફુલ સ્પોર્ટ્સમેન, સ્કિલ બેઝ ચરિત્ર, હિસ્ટોરિકલ લીડર્સ વગેરે પ્રોજેક્ટ પર દરેક બાળકે પોતાની કૃતિ રજૂ કરી હતી આ કાર્નિવલનો મુખ્ય ઉદ્દેશ બાળકમાં કોન્ફિડન્સ,શાર્પનેસ, લીડરશીપ,એટીટ્યુડ,ડિસિપ્લિન જેવા ગુણોનો વિકાસ થાય તે હતો સાબરકાંઠાની આ એકમાત્ર સ્કુલ છે જે આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરે છે કાર્યક્રમમાં લગભગ ૨૫૦૦ થી વધારે વ્યક્તિઓએ મુલાકાત લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો તે બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી નીતિન પટેલ, એચ.એન.પટેલ તથા આચાર્ય એન.કે. પ્રજાપતિ તેમજ કેમ્પસ સુપીરવાઈઝર નિકિતા કુંવરબા દેવડા તથા સ્ટાફ મિત્રોમાં મોહિત પટેલએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ગોંડલઃ ભાજપ દ્વારા યોજાયો યુવા ચોપલ કાર્યક્રમ

**અબતક, જિતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ યુવા ભાજપ દ્વારા યુવા ચોપલનું આયોજન કરાયું હતું. ગોંડલ નગર પાલિકા સદસ્ય કેતનભાઈ કુંડલા. સંજયભાઈ સોની રાજકોટ જિલ્લા ભાજપ લઘુમતી મોરચા મહામંત્રી આબેદિનભાઈ હીરાણી ગોંડલ નગરપાલિકા પૂર્વ કારોબારી ચેરમેન ધવલભાઈ કોટડીયા ગોંડલ યુવા ભાજપ પ્રમુખ જીગરભાઈ સાટોડીયા યુવા ભાજપ મહામંત્રી જેકીભાઈ પરમાર, અલ્પેશભાઈ રૈયાણી, કુલદીપ સિંહ જાડેજા, જતીનભાઈ ખૂંટ, સંતોષભાઈ મેવાડા, મોહિતભાઈ પાંભર, ગૌતમભાઈ સટોડિયા, ધવલભાઈ વાઘેલા, જયદીપભાઈ પરમાર, જીલભાઈ ગોહેલ, કુલદીપભાઈ વીરપરિયા, પ્રીતભાઈ ભાલોડી, અમિતભાઈ ત્રિવેદી, આકાશભાઈ અગ્રાવત, પાર્થ ભાઈ સોલંકી, તેમજ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા અંકિતભાઈ કોટડીયા (મંત્રી ગોંડલ શહેર યુવા ભાજપ)એ જહેમત ઉઠાવી હતી.

# ગોંડલ, જસદણ, ધોરાજી પંથકમાં પીજીવીસીએલનો સપાટોઃ રૂ. ૯૩ લાખની વીજચોરી ઝડપાઈ

**અબતક, રાજકોટ**

પીજીવીસીએલ તંત્ર દ્વારા રાજકોટ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સતત ચેકીંગ કરીને વીજ ચોરીઓ પકડી પાડવામાં આવી રહી છે. જેના ભાગરુપે રાજકોટ તાલુકામાં સઘન વીજ ચેકીંગ કરી વીજ ચોરોને રંગેહાથો પકડી લેવામાં આવેલ હતા. એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ પીજીવીસીએલના કાર્યક્ષમ ઈજનેરોની વીજ ચેકીંગની ટુકડીઓ ત્રાટકી હતી. જેમાં રહેણાંક, વાણિજિયક, ખેતીવાડી વગેરે વીજ જોડાણો ચકાસવામાં આવ્યા હતા.

ગોંડલ, કોટડા, વાસાવડમાં ૧૭.૭૭ લાખ, સરધાર, ત્રંબામાં ૧૧.૯૫ લાખા, જસદણ, આટકોટ, વિંછીયામાં ૨૧.૮૭ લાખ, લોધિકા, પડધરી, પારડી, રોણકીમાં ૯.૦૫ તથા ધોરાજી ગ્રામ્ય, ઉપલેટા ગ્રામ્ય, ભાયાવદર, ધોરાજી શહેરમાંથી ૧૯.૯૫ લાખની કુલ ૯૨.૭૯ લાખની વીજ ચોરી પકડવામાં તંત્રને સફળતા પ્રાપ્ત થયેલ છે તેમજ તેવું પુરવાર કરેલ છે કે વીજ તંત્ર વીજ ચોરીના દુષણને સમાજમાંથી હટાવવા માટે કટિબધ્ધ છે. એવા તંત્ર દ્વારા પણ કાર્યક્ષમ ઈજનેરોને બિરદાવેલ છે. હવે પકડાયેલ વિજ ચોરીઓના અંદાજીત દંડનીય આકારણીના બીલો ફટકારવામાં આવશે.

આ અગાઉ પણ વીજ તંત્ર દ્વારા બોટાદ, જામનગર, ભાવનગર, મોરબી જીલ્લાઓ ખાતે વીજ ચેકીંગ કરવામાં આવેલ હતું. જેમાં પણ માતબર રકમની વીજચોરીઓ પકડી પાડીને વીજ ચોરો સામે લાલ આંખ કરવામાં આવેલ હતી. આમ, તંત્ર દ્વારા દિવસ રાત એક કરીને વીજ લોસ ઘટાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેના થકી પીજીવીસીએલ કંપનીને વીજ વિતરણ બાબતમાં એ+ રેન્ક પ્રાપ્ત કરવામાં સફળતા હાંસલ કરેલ છે. આગામી દિવસોમાં ચેકીંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજ તંત્રના સુત્રોએ જણાવ્યું છે.

# ધુળેટી પૂર્વે એલસીબીનો સપાટો : જેતપુરમાંથી ૬૭૫૬ દારૂની બોટલ અને ૪૦૮ ટીન બિયરનો જથ્થો ઝડપાયો

## લિસ્ટેડ બુટલેગર અનિલ ડબલીએ રહેણાંક મકાનમાં બનાવેલા ચોર રૂમમાંથી રૂ. ૧૦.૬૦ લાખનો દારૂ–બિયરનો જંગી જથ્થો ઝડપી લેવાયો

**અબતક, રાજકોટ**

ધુળેટી પર્વ પૂર્વે રાજકોટ રૂરલ એલસીબીની ટીમે દારૂ-બિયરનો જંગી જથ્થો જેતપુરથી ઝડપી પાડ્યો છે. એલસીબીએ બાતમીના આધારે લિસ્ટેડ બુટલેગર અનિલ ડબલીના રહેણાંક મકાનમાં ઝડતી કરતા ચોરરૂમ માંથી અલગ અલગ કુલ ૬૭૫૬ વિદેશી દારૂની બોટલ અને ૪૦૮ બિયરના ટીન મળી આવ્યા છે. એલસીબીની ટીમે રૂ.૧૦.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ રૂરલ એલસીબીની ટીમને બાતમી મળેલ હતી કે, જેતપુર બાપુની વાડી વિસ્તારમાં અભિષેક સ્કૂલ પાસે લિસ્ટેડ બુટલેગર અનિલ ઉર્ફે ડબલી મનસુખભાઇ બારૈયાના રહેણાંક મકાનમાં મોટો દારૂનો જથ્થો રાખીને વેચાણ કરાઈ રહ્યું છે. બાતમી લના આધારે એલસીબી પીઆઈ વી વી ઓડેદરાની રાહબરી હેઠળ એલસીબીની ટીમ જેતપુરમાં ડોબરીયા વાડી વિસ્તારના અનિલ ડબલીના રહેણાંક મકાન ખાતે દોડી ગઈ હતી.

એલસીબીની ટીમ ઉપરોક્ત સરનામે પહોંચતા મકાન બંધ હાલતમાં હતું. દરમિયાન લિસ્ટેડ બુટલેગરના પત્ની આવતા તેમની પાસે મકાનનું તાળું ખોલાવી ઝડતી શરૂ કરવામાં આવી હતી. ઝડતી દરમિયાન મકાનમાંથી ચોરરૂમ મળી આવ્યો હતો. તપાસ હાથ ધરતા ચોરરૂમમાંથી દારૂની બોટલ, બિયરના ટીન અને અલગ અલગ દારૂની બ્રાન્ડના સ્ટીકર સહીતનો જથ્થો મળી આવ્યો હતો.એલસીબીની રેઈડમાં મળી આવેલા જથ્થાની જો વાત કરવામાં આવે તો રોયલ ગ્રાન્ડ મેલ્ટ વ્હીસ્કી ૧૮૦ એમએલની ૬૦૪૭ બોટલ જેની કિંમત રૂ. ૬,૦૪,૭૦૦, રોયલ ચેલેન્જ ફાઈન રિઝર્વ વ્હીસ્કીની ૭૫૦ એમએલની ૫૩૯ બોટલ જેની કિંમત રૂ. ૨,૮૦,૨૮૦, રોયલ સ્ટગ સિગરામ્સ બેરેલ સિલેક્ટ વ્હીસ્કીની ૭૫૦ એમએલની ૧૦૭ બોટલ જેની કિંમત રૂ. ૪૨,૮૦૦, બ્લેક એન્ડ વ્હાઈટ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કીની ૭૫૦ એમએલની ૭ બોટલ જેની કિંમત રૂ. ૯૮૦૦ મળી આવેલ હતી. ઉપરાંત બડવાઈઝર મેગનમ બિયરના ૪૦૭ ટીન જેની કિંમત રૂ. ૪૦,૭૦૦ તેમજ ટીચર એન્ડ સન્સ વ્હીસ્કીની ૭૫૦ એમએલની ૪૯ બોટલ જેની કિંમત રૂ. ૭૭,૧૭૫ ગણવામાં આવી છે.

### દારૂમાં ભેળસેળ? : અલગ અલગ દારૂની બ્રાન્ડના સ્ટીકર મળી આવ્યા

એલસીબીએ કરેલી રેઈડમાંથી દારૂ-બિયરના જથ્થા સાથે અલગ અલગ દારૂની બ્રાન્ડના સ્ટીકરના ૬ સેટ મળી આવ્યા છે. જેથી બુટલેગર ડબલી દારૂમાં ભેળશેળ કરતો હોય તેવું પ્રાથમિક અનુમાન છે. એક ચર્ચા અનુસાર સસ્તા દારૂને અલગ બોટલમાં નાખી તેમાં ભેળશેળ કરી મોંઘીદાટ દારૂ બ્રાન્ડના સ્ટીકર ચોંટાડી વેંચી મારવાનું કારસ્તાન આચરવામાં આવતું હતું. જો કે, ડબલીની ધરપકડ બાદ જ સમગ્ર બાબત પરથી પડદો ઊંચકાશે.

### કુખ્યાત બુટલેગર અનિલ ડબલીની શોધખોળ

એલસીબીએ રેઈડ કરતા મોટો દારૂ-બિયરનો જથ્થો તો મળી આવ્યો છે પરંતુ કુખ્યાત બુટલેગ્રુપ અનિલ ડબલી મળી નહિ આવતા એલસીબી સહીતની પોલીસે ડબલીની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય બાબત છે કે, ડબલી અગાઉ અનેકવાર દારૂ સહિતના કેસોમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

# માંગરોળઃ પતિના અનૈતિક સંબંધથી કંટાળી પરિણીતાનો આપઘાત

## રાજકોટ માવતરના ઘરે રિસામણે બેઠેલી શીલ ગામની પરિણીતાએ ફાંસો ખાય જીવન ટૂંકાવી લીધું

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરમાં ગુલાબનગરમાં માવતર બેઠેલી માંગરોળના શીલ ગામની પરિણીતાએ પતિના અનૈતિક સંબંધથી કંટાળી ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિણીતાએ સારવારમાં દમ તોડતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. આ ઘટના અંગે પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં આવેલા ગુલાબનગરમાં માવતર અને માંગરોળના શીલ ગામે સાસરીયુ ધરાવતી હેતલબેન સાગરભાઈ ભરડા નામની ૨૪ વર્ષની પરિણીતા ગુલાબનગરમાં રહેતા પોતાના પિતા કેશુભાઈના ઘરે હતી ત્યારે રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં પંખામાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. હેતલબેન ભરડાને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરિણીતાએ સારવારમાં દમ તોડતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં હેતલબેનના એક વર્ષ પૂર્વે સાગર ભરડા સાથે લગ્ન થયા હતા અને પતિ સાગર ભરડાને અન્ય યુવતી સાથે આડા સંબંધ હોવાથી છેલ્લા નવ મહિનાથી હેતલબેન ભારડા માવતરે રીસામણે બેઠી છે. હેતલબેને પતિના આડા સબંધથી કંટાળી આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સીએની વિદ્યાર્થીનીના ન્યુડ વીડિયો પરિજનને મોકલી નાલાયકીની હદ વટાવનાર સાયકો શખ્સ પોલીસના હાથવેંતમાં

## રાજકોટ સાયબર ક્રાઈમની ટીમે તાતકાલિક દિલ્હી દોડી જઈ સચિન યાદવને ઉપાડી લીધો

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયામાં અજાણ્યા શખ્સ સાથે મિત્રતા કરવી કેટલી ભારે પડી શકે છે તેનો ચેતવણીરૂપ કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે. જેમાં સીએનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ એક શખ્સ સાથે ઓનલાઈન મિત્રતા કર્યા બાદ એકવાર ન્યુડ કોલ કર્યો હતો. જે કોલ રેકોર્ડિંગ કરીને સામે વાળો શખ્સ વારંવાર ન્યુડ કોલ કરવા દબાણ કરી રહ્યો હતો. જેના લીધે યુવતીએ બ્લોક કરી તમામ સંપર્ક તોડી નાખ્યા હતા. જે બાદ આ શખ્સે યુવતીનો ન્યુડ વિડીયો તેના જ કાકાને મોકલી નાલાયકીની તમામ હદો વટાવી દીધી હતી. જે મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો છે. મામલામાં સાયબર ક્રાઈમની ટીમ તાત્કાલિક દિલ્હી દોડી ગઈ હતી અને પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સાયકો શખ્સને દિલ્હીથી ઉપાડી લેવાયો છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાં રહેતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અભ્યાસ કરતી યુવતીનો સોશિયલ મીડિયામાં દિલ્હીના શખ્સનો પરિચય થયા બાદ બંને વાતચીત કરતા હતા જેમાં એક વખત યુવતીએ ન્યૂડ કોલ કર્યો હતો જેનું દિલ્હીના શખ્સે રેકોર્ડિંગ કરી લઈ વારંવાર ન્યૂડ કોલ કરવા દબાણ કર્યું હતું. યુવતીએ સંબંધ તોડી નાખતા તે શખ્સે યુવતીના કાકાના ફેસબુક એકાઉન્ટ પર યુવતીના ન્યૂડ ફોટા-વિડીયો મોકલ્યા હતા.

શહેરમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચોક્કસ મોબાઈલ નંબરના ધારક દિલ્હીના સચિન યાદવનું નામ આપ્યું હતું. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯-૨૦માં પોતે મોબાઈલમાં પબજી ગેમ રમતી હતી. ત્યારે સામે પબજી રમતા શખ્સની આઈડી પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવતા તેણે સ્વીકારી હતી. બાદમાં બંને ફેસબુક પર ફ્રેન્ડ બન્યા હતા અને મોબાઈલ નંબરની પણ આપ-લે કરી હતી. ત્યારબાદ બંનેએ વીડિયો કોલ પર વાતચીત કરવાનું શરૂ કર્યું હતું. એક દિવસ તે શખ્સે ન્યૂડ કોલ કરવાનું કહેતા યુવતીએ ન્યૂડ કોલ કર્યો હતો જે તેની જાણ બહાર તે શખ્સે રેકોર્ડ કરી નાખ્યો હતો.

ત્યારબાદ તે શખ્સ યુવતીને વારંવાર ન્યૂડ કોલ કરવા દબાણ કરતો હોવાથી યુવતીએ તે શખ્સનો મોબાઈલ નંબર બ્લોક કરી નાખ્યો હતો જેથી તે અલગ અલગ નંબર પરથી ફોન કરી સંબંધ રાખવા દબાણ કરતો હતો.

યુવતીએ વાતચીત કરવાનું બંધ કરી દઈ સંબંધ તોડી નાખતા તે શખ્સ ઉશ્કેરાયો હતો અને યુવતીના કાકાના ફેસબુક એકાઉન્ટ પર યુવતીના ન્યૂડ ફોટા મોકલી દીધા હતા. યુવતીએ આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતાં જે નંબર પરથી તે શખ્સ વાતચીત કરતો હતો તે નંબર દિલ્હીના સચિન યાદવ નામના શખ્સનો હોવાનું ખુલ્યું હતું. અંતે આ અંગે યુવતીએ ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ પોલીસની ટીમ તાત્કાલિક દિલ્હી દોડી ગઈ હતી અને ત્યાંથી સચિન યાદવ નામના સાયકો શખ્સને ઉપાડી લીધો છે.

હજુ સાયબર ક્રાઈમની ટીમ દિલ્હીમાં જ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

# ઉપલેટા પાલિકાના પૂર્વ પ્રમુખોના મળતીયા દ્વારા ટોલનાકાના હેડ પર હુમલો

## રાજસ્થાનની કંપનીએ રકમ ન ચુકવતા ફાર્મહાઉસમાં ગોંધી રાખી બે અજાણ્યા સહિત આઠ શખ્સોને આચર્યું કૃત્ય

**અબતક, રાજકોટ**

જેતપુરથી પોરબંદર સુધી ટોલ પ્લાઝા માટે નેશનલ હાઈવે ઓથોરીટીએ આપેલા મુખ્ય કોન્ટ્રાક્ટરે માત્ર રૂટીન મેઈન્ટેન્સ માટે રાજસ્થાનની કંપનીને કોન્ટ્રાક્ટ બાદ રાજસ્થાનની કંપનીએ ઉપલેટાનાં સ્થાનિક માણસોને પેટા કોન્ટ્રાકટ આપ્યો હતો પણ રાજસ્થાનની કંપનીએ ઉપલેટાના જેઓએ કોન્ટ્રાક્ટ સંભાળ્યો હતો. તેઓને વેતન અને પૈસા ન આપતા ગિન્નાયેલા માથાભારે શખ્સોએ ટોલ પ્લાઝાના મૂળ કોન્ટ્રાકટરના કરોડોના વાહનોની લુંટ ચલાવી તેમજ ઉપલેટા પૂર્વ નગરપાલિકા પ્રમુખ સહિત સાત લોકોની ટોળકીએ હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

ઉપલેટાના જુની સર્વોદય પ્રાથમિક શાળામાં રહેતા અજયસિંહ અમરસિંહ ઠાકોરએ ઉપલેટા પોલીસમાં ફરિયાદમાં જણાવ્યું કે હું નેશનલ હાઈવે-૨૭માં પ્રોજેક્ટ હેડ તરીકે કામ કરૂં છું. અમારી સેફ વએ કન્સેસન કંપનીએ અશોક ઈન્ફાટેક રોડ રૂટીન મેન્ટેન્સન્સનું કામ આપેલું હતું. મર્મરાજ ગુર્જર તેના રિપ્રેઝેટીવ હોય અને તેઓએ કામ ઉપલેટાના જાણીતા લોકોને આપેલું હતું. જેનું બિલ કઠાવવા અમારી કંપનીના ૧૨ વાહનો જે અશોક કંપનીના રૂટીન મેઈન્ટેન્સન્સ માટે આપેલ હતા. તે કેમ્પમાંથી બહાર આવવા ન હતા દેતા અને ફોન કરી બોલાવીને મર્મરાજ ગુર્જર જગુભાઈ સુવા, ભાવેશભાઈ સુવા, રાજનભાઈ સુવા, યોગેશભાઈ સુવા અને બે અજાણ્યા માણસે લાકડી અને લોખંડના પાઈપ વડે મારી પર હુમલો કર્યાનું પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે.

# અમરેલીઃ રીઢો તસ્કર પાસાના પિંજરે પુરાયો

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલી જિલ્લા સહિત અન્ય જિલ્લામાં ચોરીના ગુનામાં સંડોવાયેલા ઈસમને પાસા હેઠળ પોરબંદરની જિલ્લા જેલમાં ધકેલવામાં આવ્યો હતો. પોલીસે ચોરીના ગુનામાં સંડોવાયેલા મુળ મધ્યપ્રદેશના અને હાલ રાજકોટના આણંદપર ગામની સીમમાં રહેતા શખ્સ સામે પાસાની કાર્યવાહી હાથ ધરી હતી.અમરેલી જિલ્લા પોલીસવડા હિંમકર સિંહની સૂચનાથી અમરેલી એલસીબી પીઆઈ એ.એમ.પટેલે અમરેલી જિલ્લા તથા અન્ય જિલ્લાઓમાં ચોરીના ગુનામાં સંડોવાયેલા જેહીંગ ઉર્ફે જેસીંગ ઉર્ફે જયલો દીતાભાઈ ડામોર વિરૂદ્ધ પુરાવાઓ એકઠાં કરી જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ પાસાની દરખાસ્ત રજુ કરી હતી. અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ અજય દહિયાએ જેહીંગ ઉર્ફે જેસીંગ ઉર્ફે જયલો ડામોરને પોરબંદરની જિલ્લા જેલમાં પાસા હેઠળ ધકેલવાનો હુકમ કર્યો હતો જેસીંગ ઉર્ફે જયલો ડામોર સામે બગસરા, સાવરકુંડલા ટાઉન, મહુવા અને કોડીનાર પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુના નોંધાયેલા છે. પોલીસે તેમને પાસા હેઠળ પોરબંદરની જિલ્લા જેલમાં ધકેલવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરઃ શિવનગરઃ અગાસી પર રમતા બાળકને લાગ્યો વીજ શોક

**અબતક,જામનગર**

જામનગરમાં આવેલા શિવનગરમાં રહેતા પરિવારનો ૧૦ વર્ષનો તરૂણ અગાસી ઉપર રમતો હતો ત્યારે રમતા રમતા અકસ્માતે વિજશોક લાગ્યો હતો તરુણને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જામનગરમાં આવેલા શિવનગરમાં રહેતા પરિવારનો મનીષ રવજીભાઈ રાઈ નામનો ૧૦ વર્ષનો તરુણ પોતાના ઘરે અગાસી ઉપર રમતો હતો ત્યારે અગાસી ઉપરથી પસાર થઈ રહેલા વિજતારમાંથી વીજ કરંટ લાગ્યો હતો મનીષ રાઈને તાત્કાલિક સારવાર માટે જામનગર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં મૂળ દાહોદ પંથકના વતની અને હાલ કાલાવડ તાલુકાના ડેરી વડાળા ગામે ખેત મજૂરી અર્થે આવેલા સુરેશ નરપતભાઈ મકરાણા નામના ૩૫ વર્ષના યુવાને સાંજના સાતેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ચાર વર્ષથી નાસતા ફરતા જુગારીને ઝડપી પાડતી રાજકોટ રૂરલ એલસીબી

## જામનગર સીટી એ–ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા જુગારધારાના કેસમાં હતો ફરાર

**અબતક, રાજકોટ**

જામનગરના જુગારધારાના કેસમાં છેલ્લા ચાર વર્ષથી નાશતા ફરતા જુગારીને રાજકોટ રૂરલ એલસીબી ટીમે શાપરથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી આરંભી છે.પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા તેમજ પીએસઆઈ એચ સી ગોહિલ અને ડી જી બડવાના માર્ગદર્શન હેઠળ નાશતા ફરતા આરોપીઓને પકડી પાડવા એલસીબીના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા દરમિયાન જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશશનમાં ચાર વર્ષ પૂર્વે નોંધાયેલા જુગારધારાના કેસમાં ફરાર આરોપી શાપર પોલીસ સ્ટેશણ વિસ્તારમાં હોવાની બાતમી મળી હતી.

બાતમીના આધારે એલસીબીના કર્મચારીઓએ નરેન્દ્ર ઉર્ફે રાજુ ત્રિભોવનદાસ પારેખ (ઉ.વ. ૬૦) રહે મૂળ કોઠારીયા રોડ, વિવેકાનંદનગર, રાજકોટવાળાને પકડી પાડ્યો હતો.

# જામનગરઃ વીજ કંપનીની રિકવરી અન્વયે આસામીને દિવાની જેલમાં બેસાડવા અદાલતી આદેશ

**અબતક, જામનગર**

જામનગરના એક આસામી સામે પુરવણી બીલની રિકવરી અરજી વીજ કંપની દ્વારા અદાલતમાં કરવામાં આવી હતી. અદાલતે તે આસામીને દીવાની જેલમાં બેસાડવાનો હુકમ કર્યો છે.જામનગરના દીપક શંકરલાલ ગજેરા સામે થોડા સમય પહેલાં વીજ કંપની દ્વારા વીજચોરીનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તે પછી આ આસામીને પુરવણી બીલ આપવામાં આવ્યું હતું.તે બીલની વસૂલાત માટે વીજ કંપની દ્વારા અદાલતમાં દાવો કરાયો હતો. તે દાવો અદાલતે મંજૂર રાખ્યો હતો. આમ છતાં દીપક ગજેરા એ હુકમ મુજબની રકમ જમા નહીં કરાવતા વીજ કંપનીએ રિકવરી અરજી કરી હતી. તે અરજીમાં જપ્તી વોરંટ કાઢવામાં આવ્યું હતું. જપ્તીમાં પણ અરજી મુજબની રકમ વસૂલ ન થતાં અદાલતે દીપક શંકરલાલ ગજેરા ને દીવાની જેલ માં બેસાડવા નો હુકમ કર્યો છે.વીજ કંપની તરફથી વકીલ ધર્મેન્દ્ર નડિયાધારા રોકાયા હતા.

# કાલાવડઃ ડેરી ડાળા ગામે યુવકે ઝેર પીધું

**અબતક,રાજકોટ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ડેરી વડાળા ગામમાં રહેતા સુરષાભાઈ નરપતભાઈ મકરાણા ઉ.૩૫ નામના યુવકે જંતુનાશક દવા ગટગટાવતા સારવાર અર્થે ગોંડલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં અ ાવ છે. આ બનાવ અંગે પોલીસ પ્રાથમિક પૂછપરછ હાથ ધરી હતી. પરિવારજનોએ જણાવ્યું કે, સુરેશભાઈની માનસીક હાલત નાનપણથી અસ્થિર રહેતી હોવાથી તેમણે આ પગલુ ભર્યું છે.સુરેશભાઈ ૨ ભાઈમાં નાના અને અપરણીત છે.

# ઉપલેટા પંથકમાં રિક્ષા ગેંગનો આંતક વૃધ્ધાનો સોનાનો ચેઈન સેરવી લીધો

## ડુમીયાણીથી ધોરાજી રિક્ષામાં જતી વેળાએ મુસાફરના સ્વાંગમાં ચોરી કરી

**અબતક, રાજકોટ**

ઉપલેટા જેતપુર ધોરી માર્ગ પર આવેલા ડુમીયાણી નજીક ઓટો રીક્ષામાં વૃધ્ધાની નજર ચુકવી ૬૦ હજારના સોનાનો ચેઈન સેરવી લીધાની ઘટના પ્રકાશમાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઉપલેટાના ડુમીયાણી ગામે રહેતા ગોદાવરીબેન કાંતિભાઈ રામાણી નામના ૬૬ વર્ષીય વૃધ્ધા ડુમીયાણીથી ધોરાજી સી.એન.જી. રીક્ષામાં જતા હતા ત્યારે ગોદાવરીબેનની નજર ચુકવી ગળામાં પહેરેલો રૂ. ૬૦ હજારની કિંમતનો અઢી તોલાના ચેઈન સેરવી લીધો છે. ઉપલેટા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ડી.પી. કટોચ દ્વારા ચોરી કરનાર શખ્સની શોધ ખોળ હાથ ધરવામાં આવી છે.

# જસદણઃ વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી અને ધમકીથી વેપારીએ ગામ છોડયું

## રૂ.૮.૫૦ લાખના રૂ.૧૩.૪૮ લાખ ચૂકવી દીધા બાદ મુદલ અને વ્યાજ માંગી ચેક રિટર્ન કેસનો ભય બતાવનાર ચાર શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક,રાજકોટ**

જસદણ શહેરનાં આદમજી રોડ ઉપર આઈમોગલ સેલસ નામની કાપડની દુકાન ધરાવતા વેપારીએ અલગ અલગ ચાર વ્યકિત પાસેથી ૮ અને ૧૦ ટકા વ્યાજે રૂ. ૮.૫૦ લાખ જેટલી રકમ લીધી હતી. જે પેટે રૂ. ૧૩.૪૮ લાખ ચૂકવી આપ્યા બાદ વ્યાજ અને મુદલની પઠાણી ઉઘરાણી કરી પત્ની અને પુત્રના નામના પડાવી લીધેલા ક રિટર્નની ફરિયાદ કરવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા વ્યાજખોરોમાં ફફડાટ મચી ગયો છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જસદણના ગોખલાણા રોડ પર લાતી પ્લોટમાં રહેતા અને આદમજી રોડ પર આઈ મોગલ સેલ્સ નામની દુકાન ધરાવતા દિલીપભાઈ જેન્તીભાઈ વાઘેલા નામના વેપારીએ જસદણના લાતી પ્લોટમાં રહેતા અશોક ઉનડભાઈ ધાધલ, રાજકોટના શીવકુભાઈ વીરાભાઈ ખાચર, બાબરા તાલુકાના કોટડાપીઠાના ગૌતમ બોરીચા અને જસદણના પોલારપર ગામે રહેતા વાલા ભરવાડ સહિત ચારેય શખ્સો વ્યાજ અને મુદુલની પઠાણી કરી ચેક રિટર્નની ફરિયાદ કરવાની ધમકી આપી મારમાર્યાની ચારેય શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં દિલીપભાઈ વાઘેલા નામના વેપારીએ પોતાનાધંધા માટે આર્થિક જરૂરીયાત ઉપસ્થિત થતા બે વર્ષ પહેલા અશોકભાઈ ઉનડભાઈ ધાધલ, પાસેથી બે લાખ રૂપીયા આઠ ટકા વ્યાજે લીધા હતા તેના બદલામાં રૂ. ૩.૮૪ લાખ વ્યાજ ચુકવી આપેલું હતુ જયારે શિવકુભાઈ ખાચર પાસેથી ૨ લાખ ૧૦ ટકા વ્યાજ લીધા હતા તે પેટે રૂ. ૪.૮૦ લાખ વ્યાજ ચૂકવી આપ્યા બાદ પત્ની નામના પાંચ ચેક લીધા હતા બાબરાનાં કોટડા પીઠા ગામના ગૌતમભાઈ બોરીચા પાસેથી બે લાખ આઠ ટકા વ્યાજે લીધા હતા. જે પેટે રૂ. ૩.૮૪ લાખ વ્યાજ ચૂકવી દીધું હતુ. તેમજ પોલારપર ગામે રહેતા વાલાભાઈ ભરવાડ પાસેથી અઢી લાખ લીધા હતા તે પેટે પુત્રના નામના ત્રણ ચેક પડાવી અને ૧ લાખ વ્યાજ ચુકવી આપ્યું હતુ.ચારેય શખ્સોએ રૂ. ૮.૫૦ લાખ મુદલનું રૂ. ૧૩.૪૮ લાખ જેટલુ વ્યાજ ચૂકવી દીધા બાદ વધુ વ્યાજ અને મુદલ વસુલવા ચેક રિટર્ન નો કેસ કરવાની ધમકી આપી મારમાર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરવા પીઆઈ ટી.બી.જાની સહિતના સ્ટાફે તજવીજ હાથ ધરી છે.

# ધાંગધ્રાઃ મયુર નગરમાં મકાનમાં લાગી આગ

## પરિવાર લગ્ન પ્રસંગમાં હોવાથી જાનહાની ટળીઃ ફાયરે આગને કાબુમાં લીધી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધા**

ધાંગધ્રા મયુર નગર વિસ્તારમાં રહેણાકી મકાનમાં અગમ્યો કારણસર આગ લાગતા વિસ્તારના લોકો દ્વારા પાલિકા ફાયર ટીમ ને જાણ કરાતા ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવ્યો હતો સદનસીબે મોટી દુર્ઘટના થતા ટળી હતી.



સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા મયુરનગર વિસ્તારમાં રામાપીરના મંદિર પાસે મનોજભાઈ રાવળના રહેણાંક મકાનમાં કોઈ કારણોસર લાગી આંગ આગ લાગવાનું કારણ અકબંધ સદનસીબે કોઈ જાનહાની નહીં ત્યારે ધાંગધ્રા નગરપાલિકા ફાયર સ્ટેશનમાં જાણ કરાતા ફાયર ટીમ, જયદીપસિંહ ઝાલા, દર્શનભાઈ પરમાર, સહીતનો ફાયર સ્ટાફ ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવ્યો હતો ત્યારે મનોજભાઈ રાવળ લગ્ન પ્રસંગે બહાર ગામ ગયેલા હોય ત્યારે અગમ્યો કારણોસર ઘરમાં આગ લાગતા ઘરવખરીનો રહેણાકી સામાન હોવાના કારણે આંગ ભાભુકી ઉઠી હતી. વિસ્તારના લોકો દ્વારા ધ્રાંગધ્રા નગરપાલિકાના ફાયર ફાયર ની જાણ કરાતા તત્કાલિક ઘટના સ્થળે પહોંચી આંગ ઉપર કાબું મેળવ્યો હતો.

# મોરબી: ઐતિહાસીક ૯૦ હજાર બોટલ કોડીન સિરપ ઝડપી ૬ નશાના સોદાગરો વિરૂધ્ધ ગુનો નોંધતી એલસીબી

## રૂ.૨.૦૪ કરોડનો મુદામાલ કબ્જે: ગોડાઉન સંચાલક સહિત ૫ ઝબ્બે, અન્ય ૫ ફરાર

**અબતક,ૠષી મહેતા, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે બહારના રાજ્યમાંથી ચોખાની ભરેલ બોરીની આડમાં નશીલી કોડીન કફ સીરપ મંગાવી તેને સેનેટરીના બોક્સમાં પેક કરી અન્ય રાજયમાં મોકલવાના સમગ્ર ગેરકાયદેસરના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. ક્રાઈમ બ્રાંચ પોલીસે મોરબીના રંગપર ગામ નજીક આવેલ ગોડાઉનમાં પૂર્વ બાતમીને આધારે દરોડો પાડી નશીલી કોડીન કફ સીરપનો ૧૦૦એમએલ.ની કુલ ૯૦ હજાર બોટલ જેમાં ૯૦૦ લીટર નશાયુક્ત પ્રવાહી જેની કુલ કિ. રૂ.૧ કરોડ ૮૪ લાખથી વધુનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે ક્રાઈમ બ્રાંચ ટીમના દરોડા સમયે ટ્રકમાંથી ચોખાની બોરી સાથે કોડીન કફ સીરપનો જથ્થો ઉતારવાની કામગીરી ચાલુ હોય જેથી પોલીસે આરોપી ગોડાઉન સંચાલક, ટ્રકનો ચાલક તથા ક્લીનરની સ્થળ ઉપરથી અટક કરી કોડીન કફ સીરપનો જથ્થો, ખાદ્ય પદાર્થ ચોખાનો જથ્થો, ટ્રક, ત્રણ મોબાઈલ સહીતનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે ગોડાઉન ભાડે રાખી માલ મંગાવનાર તથા ઝારખંડથી માલ મોકલનાર બે શખ્સો સહીત કુલ ત્રણ આરોપી દરોડા દરમિયાન હાજર નહિ મળતા તે આરોપીઓને ફરાર દર્શાવી કુલ ૬ આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરેલ હતી.

મળતી માહિતી મુજબ મોરબીના રંગપર(વિરાટનગર) ગામની સીમમાં સીતારામ હાર્ડવેર પાછળ આર-ટાઈલ નામના ગોડાઉનમાં મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરતા ઝારખંડથી ચોખાની ભરેલ બોરીની આડમાં નશીલી કોડીન કફ સીરપનો જથ્થો મંગાવી તેને અન્ય અલગ અલગ રાજ્યોમાં વેચાણ કરે તે પહેલા મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસે ઝડપી લેવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ગોડાઉનમાંથી નશીલી કોડીન કફ સીરપનો કુલ ૪૫૧ પેટી જેમાં ૧૦૦એમએલ.ની ૯૦,૦૦૦ બોટલમાં કુલ ૯૦૦ લીટર નશાયુક્ત પ્રવાહી ભરેલ જથ્થો જેની કુલ કિ. ૧,૮૪,૯૩,૨૦૦/- ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે ગોડાઉન સંચાલક મનીષભાઈ હરીભાઈ ઝાલાવાડીયા ઉવ. ૨૯ રહે. રવાપર રોડ રામકો બંગ્લો પાછળ વૃંદાવન પેલેસ બ્લોક નં-૩૦૧ મોરબી મુળરહે. મોટી મોણપરી તા.વીસાવદર જી.જુનાગઢ તથા


ટ્રક રજી.નં.-TS-06-UB-૭૭૮૯નો ચાલક-સરફરાજભાઈ રબ્બાનીભાઈ સૈયદ ઉવ.૩૭ રહે.સારોલા તા.જી. ઉસ્માનાબાદ (મહારાષ્ટ્ર) તથા ટ્રકનો કલીનર મહમદઅબ્દુલકરીમ મહમદઅબ્દુલરહેમાન ઉવ.૩૫ રહે.બોરાભંડા સાઈડ-૩ તા.ખેરતાબાદ જી.હૈદરાબાદ (તેલંગણા)ની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી.

બીજીબાજુ એલસીબીના દરોડા દરમિયાન પકડાયેલ આરોપીઓની સઘન પૂછતાછમાં મોરબીના રંગપર(વિરાટનગર) ગોડાઉન ભાડે રાખી નશાયુક્ત કોડીન સીરપનો માલ મંગાવનાર

રવીકુમાર મહીપતભાઈ કંડીયા રહે.જેતપર(મચ્છુ) તા.જી.મોરબી તથા માલ મોકલનાર સાજેદા ટાઈલ્સવાળા મસુદ આલમ રહે. ત્રીપુરા તથા અન્ય એક શખ્સ પાસેથી માલ મંગાવતા તેઓ ટ્રકમાં ચોખાની ભરેલ બોરીની આડમાં માલ મોકલાવતા જે કોડીન કફ સીરપ અહીં ભાડેના ગોડાઉનમાં ઉતારી તેને કિચેન સિન્કના બોકસમાં પેક કરી અન્ય રાજ્યોમાં મોકલાવી તેનું વેચાણ કરતા જે મુજબની કબૂલાત આપી હતી. આથી ક્રાઈમ બ્રાંચ પોલીસે ૯૦૦ લીટર નશીલી કોડીન કફ સીરપનો જથ્થો કિ.૧.૮૪ કરોડ, ટ્રક કિ.રૂ.૧૫ લાખ, ત્રણ મોબાઈલ કિ.રૂ.૧૫ હજાર, રોકડા રૂ.૭ હજાર સહીત ૨.૦૪ કરોડથી વધુનો મુદામાલ કબ્જે કર્યો હતો. હાલ પોલીસે દરોડા દરમિયાન પકડાયેલ ત્રણ આરોપી તથા હાજર નહિ મળી આવેલ ત્રણ આરોપી સહીત કુલ છ આરોપી તથા તપાસમાં ખુલ્લે તે આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દિવ્યાંગ લગ્ન સહાય મળવાથી આર્થિક પરિસ્થિતિ સુધરી: લાભાર્થી સરકુનિશાબેન

## વાંકાનેરના દિવ્યાંગ સરકુનિશાબેને સરકારની મદદથી ઈમિટેશનનો વ્યવસાય શરૂ કર્યો



**અબતક,ૠષી મહેતા, મોરબી**

વર્તમાન સરકારે સમાજના દરેક વર્ગના લોકો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે અને તેમાં સમયાંતરે વધુ ઉદારતા બતાવી વધુ લોકોને આવરી લીધા છે. દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે અને તેમને વિકાસની મુખ્યધારામાં લાવવા અનેક દિવ્યાંગ સહાય યોજનાઓ ચલાવવામાં આવે છે. આવી જ એક દિવ્યાંગ લગ્ન સહાય યોજના થકી મોરબી જીલ્લાના દિવ્યાંગ દંપતીને લાભાન્વિત કરવામાં આવ્યા છે.

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના કોઠી ગામના સરકુનીશાબેન તોફિકભાઈ માથકીયાએ જણાવ્યું હતું કે, અમે બંને પતિ-પત્ની દિવ્યાંગ છીએ. સમાજ સુરક્ષા કચેરી મોરબી દ્વારા દિવ્યાંગ લગ્ન સહાય મંજૂર કરવામાં આવી હતી. દંપતી દિવ્યાંગ હોવાથી ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. જેના કારણે અમારા દાંપત્ય જીવનમાં ઘણી વખત નિરાશાઓનો અનુભવ કરતાં હતા. દિવ્યાંગ લગ્ન સહાય મળ્યા બાદ અમારી આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રૂ.૧,૦૦,૦૦૦ ની રકમ મળી હતી. આ રકમમાંથી અમે ઈમિટેશનનો ધંધો શરૂ કરેલ છે અને આમાંથી અમારા પરિવારનું ગુજરાન ચાલાવીએ છીએ. આ રીતે આર્થિક રીતે પગભર થવા દિવ્યાંગ લગ્ન સહાય અમોને મદદરૂપ થયેલ છે. આ માટે અમે સરકારશ્રીનો આભાર વ્યક્ત કરીએ છીએ.

સરકુનીશાબેનએ વધુમાં જણાવ્યું હતું કે, અમારા પાસે રોજગારી માટે કોઈ સાધન ન હતું અને અમે બંને પતિ-પત્ની ખેત મજૂરી કરતાં હતા ત્યારે અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. અનેકવાર હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. સરકારશ્રી દ્વારા મળેલ દિવ્યાંગ લગ્ન સહાય અમારા માટે જીવાદોરી સમાન છે. આ સહાય અમને રોજગારી પૂરી પાડી રહી છે. આ સહાયથી ચાલુ કરેલ ઈમિટેશનના વ્યવસાયમાંથી દર મહિને સારી એવી કમાણી કરી ગુજરાન ચલાવી રહ્યા છીએ.

નોંધનીય છે કે દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ લગ્ન કરે તો રૂ. ૫૦,૦૦૦+રૂ. ૫૦,૦૦૦ લેખે રૂ. ૧,૦૦,૦૦૦ ની તેમજ દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ લગ્ન કરે તો રૂ. ૫૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે.

# મોરબી: સિનિયર સિટીઝન ફાઉન્ડેશન દ્વારા વડીલ વંદના કાર્યક્રમ યોજાયો



**અબતક,ૠષી મહેતા, મોરબી**

સિનિયર સીટીઝન ફાઉન્ડેશન-મોરબી જીલ્લા દ્વારા વડીલ વંદના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોતાના જીવનના અમૂલ્ય ૭૦ વર્ષ પસાર કરનાર કુલ ૩૦ સુપર સિનિયર સીટીઝન મેમ્બરનું સિનિયર સીટીઝન ફાઉન્ડેશનના પ્રમુખ ડો. લહેરુ તથા ફાઉન્ડેશનના કારોબારી સદસ્યો દ્વારા શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહ પ્રસંગે મોરબીના ધારાશાસ્ત્રી ઓઝા, યોગેશ આડેસરા, ડો. ભાલોડિયા, નારણબાપા ભાડજા, ભાગીયાભાઈ, લેખાબેન ટાંક દ્વારા પ્રસંગને અનુરૂપ મનનીય વકતવ્યો આપ્યા હતા. વધુમાં પ્રમુખ ડૉ.લહેરુ દ્વારા સુચારુ પ્રવાસ આયોજનના અને પોતાના વિદેશ પ્રવાસનાં સ્મરણો યાદ કરી તે વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સિનિયર સીટીઝન ફાઉન્ડેશનના તમામ સભ્યો તથા વડીલો તેમજ પધારેલ વિશેષ અતિથિઓ સાથે ભોજન લઇ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ ભવ્ય વડીલ વંદના સમારોહ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડો.ભાવેશ જેતપરિયાએ કરેલ હતી જયારે આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ચડાસણીયાભાઈ, નરેન્દ્રભાઈ મહેતા, સવજીભાઈ અઘારા, પ્રિન્સી.કુંડારિયા અને અન્ય કમિટી સદસ્યોએ ભારે જહેમત લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મોરબી જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક ૧૫મીએ મળશે

## બેઠકમાં રજૂ થયેલા પ્રશ્નો અને તેની સુનાવણી તેમજ સમીક્ષા હાથ ધરાશે

**અબતક,ૠષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લા સંકલન સહ ફરિયાદ સમિતીની બેઠક આગામી તા.૧૫ માર્ચ ૨૦૨૪ ના રોજ બપોરના ૦૩:૦૦ કલાકે કલેકટર કચેરીના સભાખંડમાં યોજાશે. આ બેઠકમાં ફરિયાદ સમિતિમાં રજૂ થયેલા પ્રશ્નો અને તેની સુનાવણી તેમજ સમીક્ષા કરાશે. સંકલન સમિતિની બેઠકમાં રજૂ થયેલ પ્રશ્નોની સમીક્ષા અને સંકલન સમિતિના ૧ થી ૬ પત્રકોની સમીક્ષા કરવામાં આવશે.

# વાંકાનેર: કાશીયાગાળા ગામે જુગાર રમતા ચાર ઝડપાયા

**અબતક, રાજકોટ**

વાંકાનેર તાલુકાના કાશીયાગાળા ગામના તળાવ નજીક વીડીમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા સુરેશભાઈ માવજીભાઈ સરવૈયા ઉવ.૪૬ રહે.કાશીયાગાળા ગામની રોજીયા વીડીમાં વાડીએ, ભરતભાઈ ખીમાભાઈ ધરજીયા ઉવ.૩૪ રહે.કાશીયાગાળા, વાઘજીભાઈ નાથાભાઈ ધરજીયા ઉવ.૪૩ રહે.કાશીયાગાળા, રસીકભાઈ ધીરૂભાઈ ધરજીયા ઉવ.૩૬ રહે.ગાંગીયાવદરને વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૪,૮૦૦/-સાથે પકડાયેલ ચારેય આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: ગુજરાત સ્ટેટ ફૂટબોલ આયોજીત બેબીલીંગમાં ૨૦૦ ખેલાડીઓએ ભાગ લીધો



**અબતક,ૠષી મહેતા, મોરબી**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા AIFF બ્લુ ક્લબ લીગ એટલે કે બેબીલીગનું મોરબીમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬ જેટલી ટીમના ૨૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા મોરબી ખાતે ૧૨વર્ષથી નાની ઉંમરના ખેલાડીઓ માટે ફૂટબોલ બેબીલીગનું આયોજન કરાયું છે જેને અદાણી ગ્રુપ દ્વારા સ્પોન્સર કરવામાં આવી છે. મોરબી ખાતે રમાઈ રહેલી ફૂટબોલ બેબીલીગમાં ગ્રીન વેલી ઈન્ટરનેશનલ સ્કૂલની ટીમ ફાઈનલ મેચમાં વિજેતા બની હતી. રનરઅપ ટીમ અને વિજેતા ટીમ બન્નેના ખેલાડીઓને ટ્રોફી આપી અને સન્માનિત કરવામાં આવી હતી.આ તકે મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટર ડો. દેવેનભાઈ રબારી , જિલ્લા રમતગમત અધિકારી ભીલ ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



# મોરબી: એસ.ટી. બસના ચાલક ઉપર હુમલો કરનાર ચાર શખ્સોને સાત વર્ષની જેલ

## વર્ષ-૨૦૧૫માં ચાલુ ફરજે કર્મચારીને રિક્ષા ચાલકે ધોકા વડે મારમાર્યો'તો: અદાલતનો ધાક બેસાડતો ચુકાદો

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

મોરબી-સુરેન્દ્રનગર રૂટના એસટી બસના ચાલક ઉપર વર્ષ ૨૦૧૫માં ચાલુ ફરજ દરમિયાન રીક્ષા ચાલક સહીત ચાર શખ્સો દ્વારા એસટી બસને ઉભી રખાવી એસટી બસના ચાલકને માર મારવા બાબતની ફરિયાદ નોંધાઈ બાદ આ કેસ મોરબી સેસન્સ કોર્ટમાં ચાલી જતા આ કેસના ચારેય આરોપીઓને સાત વર્ષની સખ્ત કેદની સજા તેમજ રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો આદેશ ફરમાવવામાં આવ્યો છે.



મળતી માહિતી અનુસાર વર્ષ ૨૦૧૫માં સુરેન્દ્રનગર-મોરબી રૂટની બસ લઈ મોરબી આવી રહેલા સુરેન્દ્રનગરના રહેવાસી બસ ચાલક રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ સોલંકીની બસની સાઈડ કાપી ઘૂંટુ નજીક રીક્ષા ચાલક આરોપી રહીમ યાસીનભાઈ સંઘવાણી, સિકંદર ઉર્ફે સિકલો સીદીકભાઈ સમા, અસલમ સીદીકભાઈ સમા અને અલરખાભાઈ સાંગલભાઈ કટિયા નામના આરોપીઓએ બસને ઉભી રખાવી બસ ચાલક ઉપર લોખંડની પટ્ટી તેમજ લાકડાના ધોકા વડે હુમલો કરી એસટી બસના ચાલક રાજેન્દ્રસિંહને ઈજાઓ પહોંચાડી સરકારી ફરજમાં રુકાવટ કરતા જે મામલે રાજેન્દ્રસિંહ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓની અટક કરી હતી જે કેસમાં હાલ ચારેય આરોપીઓ શરતી જામીન ઉપર હતા.ઉપરોક્ત ફરજ રૂકાવટનો કેસ મોરબીના બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ. બુદ્ધની કોર્ટમાં ચાલી જતા છ મૌખિક અને દસ દસ્તાવેજી પુરાવાઓ તેમજ સરકારી વકીલ સંજયભાઈ સી. દવેની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી ચારેય આરોપીઓને સાત વર્ષની કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# પરસોત્તમ રૂપાલા રાજકોટની મુલાકાતે આવતા જીઆઇડીસી પ્રમુખ વિજય રાઠોડ દ્વારા આવકાર



**અબતક, હિતેષ ગોસાઇ, જસદણ**

રાજકોટ લોકસભા-૨૦૨૪ના ભાજપના ઉમેદવાર પરસોત્તમભાઈ ખોડાભાઈ રૂપાલાને ભાજપએ ઉમેદવાર જાહેર કર્યા બાદ કાલે મંગળવારે પ્રથમવાર રાજકોટ પધારતા હોવાથી તેમની આ મુલાકાતને જીઆઈડીસીના પ્રમુખ વિજયભાઈ જેન્તીભાઈ રાઠોડએ આવકારી હતી. કેન્દ્રીય મંત્રી રૂપાલા મંગળવારે અમદાવાદથી બાય રોડ રાજકોટ પહોંચી પ્રથમ સદ્ગુરૂ સદનમાં દર્શન કરી ત્યારબાદ કાર્યકરોને મળશે અને સ્વાગત બાદ જંગી રેલી કાઢી ભાજપના કાર્યાલય કમલમ ખાતે લઈ જવામાં આવશે વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે રૂપાલાજી એ ભાજપના અનેક હોદ્દાઓને બેખુબીથી નિભાવ્યા છે હાલ પણ કેન્દ્રના કેબિનેટ મંત્રી પદે છે ત્યારે પાર્ટી માટે લોહી પાણી એક કરનારા રૂપાલાની રાજકોટની મુલાકાત અંગે જીલ્લાભરનાં કાર્યકર્તાને ખુશી છે મંગળવારથી જ પ્રચારનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે તેઓ આગામી લોકસભાની ચૂંટણીમાં રાજકોટ બેઠક જંગી બહુમતી હાંસલ કરશે હાલ એવો માહોલ રચાયો છે.

# જસદણ: માંડવરાય હોસ્પિટલ ખાતે બ્લડ સ્ટોરેજ સેન્ટરનું લોકાર્પણ



**અબતક, હિતેસ ગોસાઇ, જસદણ**

જસદણ શહેર અને પંથકના દર્દીઓને આજદિન સુધી જ્યારે પણ તાત્કાલિક બ્લડની જરૂર પડતી હતી ત્યારે કાંતો રાજકોટ અથવા ગોંડલ વગેરે સિટીમાં બ્લડ મેળવવા માટે દોડવું પડતું હતું. જો કે અમુક દર્દીઓને સમયસર બ્લડ ન મળતા મોતને ભેટ્યા હોવાના દાખલાઓ પણ ભૂતકાળમાં બની ચુક્યા છે. ત્યારે હવે જસદણ શહેર અને પંથકના દર્દીઓ માટે આશીર્વાદરૂપ બ્લડ સ્ટોરેજ સેન્ટરનું જસદણના નવા બસ સ્ટેશન પાસે આવેલ માંડવરાય હોસ્પિટલ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું છે. સાથોસાથ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું ઉદઘાટન ડો.દિપક નારોલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે માંડવરાય હોસ્પિટલના તબીબ ડો.મહેશ તાવીયા, ડો.રવિન્દ્ર પીરોજીયા, જસદણ માર્કેટિંગ યાર્ડના ડીરેક્ટર પ્રેમજીભાઈ રાજપરા, ધરતી ગ્રુપના કુલદીપભાઈ પટગીર, જસદણ શહેર ભાજપ મહામંત્રી મુકેશભાઈ જાદવ, જસદણ શહેર વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ મુકેશભાઈ ભેંસજાળીયા, ડો.કટેશીયા, ડો.મયુર ભુવા, ડો.જય બાવીશી ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડ: આણંદપર કુમાર શાળામાં 'વિજ્ઞાન દિન'ની ઉજવણી




**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

શ્રી આણંદપર કુમાર શાળા દ્વારા "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ" ઉજવણી શાનદાર રીતે કરવામાં આવેલ. શાળાના ગણિત વિજ્ઞાન શિક્ષક પરમાર નીતાબેન દ્વારા વિજ્ઞાન દિવસનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. નીતાબેનનાં માર્ગદર્શન અન્વયે શાળાના વિદ્યાર્થી મિત્રો દ્વારા વિવિધ વિજ્ઞાનના પ્રયોગો મોડેલ સાથે રજૂ કરવામાં આવેલ.

શાળાના મદદનીશ શિક્ષક પાલાભાઈ ચોચા દ્વારા વિજ્ઞાન કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રથમ નંબર રાખસિ દ્વિતીય નંબર,પારગી દેવેન્દ્ર, તૃતીય નંબર જાડેજા અમરદીપસિંહ એ મેળવેલ જે બદલ પાલાભાઈ ચોચા દ્વારા નંબર મેળવનાર પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ.

શાળાના આચાર્ય આડતિયા અનસુયાબેન તેમજ મદદનીશ શિક્ષક ભાણવડીયા સીમાબેન દ્વારા તમામ વિદ્યાર્થી મિત્રોને ભ આપવામા આવેલ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય, સ્ટાફગણ, વિદ્યાર્થી મિત્રો, એસ.એમ.સી અધ્યક્ષ જ્યોતિબેન તેમજ મેડમ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

# મોરબી-રાજકોટ હાઇવે ઉપર આવેલા ભંગારના ડેલામાં ભીષણ આગ



**અબતક, ૠષિ મહેતા, મોરબી**

મોરબી-રાજકોટ હાઈવે પર આવેલ શનાળા ગામ નજીક ભંગારના ડેલામાં ભીષણ આગ લાગવાનો બનાવ બન્યો હતો. જે આગ બનાવની મોરબી ફાયર વિભાગને જાણ કરતા ફાયર બ્રિગેડ ટીમ ઘટનાસ્થળે દોડી આવી આગ પર કાબુ મેળવવા પ્રયાસ હાથ ધર્યા હતા.

મોરબી રાજકોટ હાઈવે પર આવેલ શનાળા ગામ નજીક નવી બની રહેલી મેડિકલ કોલેજ સામે આવેલ ભંગારના ડેલામાં કોઈ કારણોસર આગ લાગી હતી. આગ લાગવાનો બનાવમાં જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ત્યારે આજુબાજુથી લોકોના ટોળે ટોળા એકત્રિત થઈ ગયા હતા. જેથી આ બનાવ અંગે મિરબી જીલ્લા ફાયર વિભાગમાં જાણ કરાઈ હતી. ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી જઈ લાગેલ વિકરાળ આગ પર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લાવવા મોડીરાત સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. ભંગારના ડેલામાં લાગેલ ભીષણ આગમાં વધારે નુકશાન થયું હોવાનો અંદાજ લગાવવાં આવી રહ્યો છે ત્યારે ભંગારના ડેલામાં ક્યાં કારણોસર આગ લાગી હતી એ કારણ હજુ અકબંધ છે.

# ઉપલેટાઃ પીપલ્સ વેલ્ફેર સોસાયટી-ડુમિયાણી સંચાલિત શૈક્ષણિક સંકુલનો યોજાયો વાર્ષિકોત્સવ-વિદાય સમારંભ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

પીપલ્સ વેલ્ફેર સોસાયટી-ડુમિયાણી દ્વારા સંચાલિત બીઆર.એસ કોલેજ,એમ આર.એસ. સેન્ટર,બી.એડ. કોલેજ,નર્સિંગ સ્કુલ , આદર્શ ઉત્તર બુનિયાદી વિદ્યાલય,આશ્રમશાળા,આઈ.ટી.આઈ. ટેકનિકલ વિભાગ જેવા તમામ શૈક્ષણિક વિભાગોનો એક સંયુક્ત વાર્ષિકોત્સવ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.નિલામ્બરીબેન દવેના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમાં મુખ્ય મહેમાન તરીકે અનુસુચિત જનજાતિ કલ્યાણ વિભાગ-રાજકોટના નાયબ નિયામક કુ.આનંદબા ખાચર ખાસ ઉપસ્થિત રહેલ સંસ્થા દ્વારા ચાલતા વિવિધ શૈક્ષણિક વિભાગોમાં આશરે ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે જેમાં વર્ષ દરમિયાન તેમના વિભાગ દ્વારા થયેલ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, રમતગમત પ્રવૃતિઓ, ઉચ્ચતમ શૈક્ષણિક સિદ્ધિઓ, સરકારના વિભાગો દ્વારા તેમજ યુનિવર્સિટી દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં વિશેષ નંબર મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ટ્રોફી તેમજ શિલ્ડ અને સટિફિકેટ આપી સન્માનીત કરવામાં આવેલ હતા. સાથે સાથે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવેલ હતા. મુખ્ય મહેમાન કુ. આનંદબા ખાચરે વિદ્યાર્થીઓને હંમેશા હોશલો બુલંદ રાખવા તેમજ સખત મહેનત કરવા જણાવેલ હતું. તેમના શૈક્ષણિક અનુભવોને શેર કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વી.સી. ડો. નિલામ્બરીબેન દવેએ વિદ્યાર્થીઓને પોતાના આત્મા સાથે સંવાદ કરવા પ્રેરણા આપી હતી. ગ્રામ્ય વિસ્તારમાં છેવાડાના ક્ષેત્રમાં પણ ખૂબ જ સારી શૈક્ષણિક પ્રવૃત્તિ થાય છે તેનાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા ગ્રામ્ય ક્ષેત્રના વિદ્યાર્થીઓને માટે અઢળક તકો રહેલી છે જે જણાવેલ, બી.આર.એસ. કોલેજના અધ્યાપકો સાથે અલગથી મિટિંગ કરી રાષ્ટ્રના વિકાસમાં ગ્રામવિદ્યા કેવું પ્રદાન આપી શકે તેની સમજણ અને પ્રેરણા માર્ગદર્શન આપેલ આ તકે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી બળવંતભાઈ મણવર દ્વારા વિદ્યાર્થીઓને વિદાય નહીં પણ કારકિર્દીનીઉતચ્ચતમ શિખરો સર કરી સંસ્થાનું નામ રોશન કરો અને સમાજ, રાષ્ટ્રીય ભાવના કેળવો તેવી શીખ આપેલ, ટ્રસ્ટી રેશ્માબેન પટેલ દ્વારા વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને આ સંસ્થા તમારી છે એવો નાતો જાળવી હરહંમેશા તમારી કારકિર્દી માટે જરૂરી તમામ મદદની ખાતરી આપેલ હતી આ તકે સંસ્થાના નિમાયક અને ટ્રસ્ટી દિલીપભાઈ કોરડીયાએ આવેલ તમામ મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કરેલ આ તકે સંસ્થાના મુરબ્બી ટ્રસ્ટી સવિતાબેન મણવર, સુનિલ પટેલ, બી.આર.એસ. કોલેજના આચાર્ય ડો.એન.એચ ઝાટકીયા, વિવિધ વિભાગોના હેડ, હરિભાઈ વાળા, પ્રવીણભાઈ પરમાર, અશ્વિનભાઈ રાઠોડ, નીતુ સિંઘ, તેમજ સંસ્થા પરિવારનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓના વાલીઓ બહોળા પ્રમાણમાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના સંચાલન ડો.કે.આર. ભરાડ તેમજ ઘનશ્યામસિંહ ગોહિલે સમગ્ર વ્યવસ્થા ગોઠવેલ હતી.



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.નિલામ્બરીબેન દવે તેમજ અનુસૂચિત જનજાતિ કલ્યાણ વિભાગ-રાજકોટ નાયબ નિયામક કુ.આનંદબા ખાચર રહ્યા ઉપસ્થિત**

# કાલે વિજયા એકાદશીઃ વ્રત કરવાથી જીવનની મુસીબત દુર થાય છે

**અબતક, રાજકોટ**

મહા વદ અગિયારસ ને બુધવાર તા ૬.૩.૨૪ ના દિવસે વિજયા એકાદશી છે પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે બુધવારે શિવપંથી ની વિજયા એકાદશી છે જ્યારે ગુરુવારે બારસના દિવસે વૈષ્ણવપંથી એ વિજયા એકાદશી રહેવાની રહેશે

વિજયા એકાદશીનું વ્રત રહેવાથી જીવનની મુસીબત દૂર થાય છે મહા વદ એકાદશીના દિવસે પ્રાતઃ કાળે સ્નાનવિધિ થી પરવારી એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર ચોખા રાખી તેના ઉપર પાણી ભરેલા કળશ ની સ્થાપના કરવી બાજુમાં દીવો કરવો કળશ મા અબીલ ગુલાલ કંકુ સોપારી રૂપિયો પધરાવા પાંચ આસોપાલવ ના પાન પધરાવી ઉપર શ્રીફળ રાખવુ તથા ફળફળાદિ વગેરે દ્વારા પૂજા કરવી, તેના પર જવના દાણાનો છંટકાવ કરવો. ગંધ, ધૂપ, દીપ, નૈવેદ્ય મા પેંડા ધરવા આરતી કરવી પુરુષોત્તમ નારાયણ નુ ભજન - કીર્તન કરવું અને બ્રાહ્મણને ત્રાંબાનો કળશ અથવા માટીનો ઘડો દાનમાં આપવો. આ વ્રત વિધિ અનુસાર વ્રત કરવાથી જરૂર તમારો વિજય થશે . " શ્રીરામે પણ મુનિવર્યના આદેશ અનુસાર વિજયા એકાદશીનું અનુપમ વ્રત કર્યું હતું અને આ વ્રતના પ્રભાવને લીધે તેમનો વિજય થયો. આ વ્રત કરનાર આ લોક અને પરલોકમાં સુખી થાય છે. જીવનમાં તે વિજયને પામે છે, મૃત્યુ પછી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તેના સર્વ પાપો નષ્ટ થાય છે અને વ્રતકથા વાંચનાર તથા સાંભળનારને અશ્વમેધ યજ્ઞનું પુણ્ય પ્રાપ્ત થાય છે

કથા નો બોધ : જીવનની કોઈ પણ મુસીબત જપ તપ અને પૂજા તથા પરિશ્રમ થી તથા કોઈ સજ્જન માણસ ની સલાહ થી દુર થશે જ તથા સંસાર રૂપે સમુદ્ર ગમે તેટલો ઊંડો હોય તો પણ આ પાર કરી શકશો

**શાસ્ત્રી રાજદીપ જોશી**

# કેન્દ્રિય મંત્રી પરષોતમ રૂપાલાને શુભેચ્છા પાઠવતા જી.પં.ના પૂર્વ પ્રમુખ ભુપત બોદર

**અબતક,રાજકોટ**

આગામી લોકસભાની ચૂંટણીમાં રાજકોટથી પુરૂષોતમભાઈ રૂપાલાનું ભાજપના ઉમેદવાર તરીકે નામાંકન થયુ છે ત્યારે સૌરાષ્ટ્રના સપુતને અભિનંદનસહ શુભેચ્છા પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ કે એક સાચા જનસેવક તરીકે હરહંમેશ જનતાની પડખે રહેનાર અને કેન્દ્રમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર એવા કાઠીયાવાડની ધન્ય ધરાના જાજરમાન વ્યકિતત્વ ધરાવતા પુરૂષોતમભાઈ રૂપાલાનું રાજકોટ લોકસભામાંથી ભાજપના ઉમેદવાર તરીકે નામાંકન થયુ



છે ત્યારે લોકસભામાં રાજકોટનું પ્રતિનિધિત્વ કરી રાજકોટ શહેર-જિલ્લાના વિકાસને વેગવંતો બનાવશે. પુરૂષોતમભાઈ રૂપાલા ૧૯૯૧-૯૫, ૧૯૯૫-૯૭, ૧૯૯૮-૨૦૦૦ અમરેલી ધારાસભામાં ચૂંટાયા અને નર્મદા, પાણી પુરવઠા, કૃષીમંત્રી તરીકે રાજયમાં રહેલ. ૨૦૧૬ થી ૨૦૨૪ રાજયસભાના સભ્ય, જૂલાઈ-૨૦૨૧થી પશુપાલન, ડેરી વિભાગમાં કેન્દ્રીય મંત્રી તરીકે જવાબદારી સંભાળેલ ત્યારે પોતાના બહોળા રાજનૈતિક અનુભવ અને સરળ દેશી ગામઠી બોલીથી સૌના દિલમાં અદકેરૂ સ્થાન પ્રાપ્ત કરનાર પુરૂષોતમભાઈ રૂપાલા સાંસદ તરીકે રાજકોટની વિકાસ યાત્રાને એક નવી ઉંચાઈ બક્ષશે તેમ અંતમાં પુરૂષોતમભાઈ રૂપાલાને અભિનંદનસહા શુભેચ્છા પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ હતું.

# ઉપલેટાના નીલાખા ગામે વેણુ નદીમાંથી રેતી ચોરી અટકાવવા માંગ

## સામાજીક આગેવાને મામલતદારને આવેદન પત્ર પાઠવી રેતી ચોરી અટકાવવા રજૂઆત

**અબતક, કિરીટ રાણપરીયા ઉપલેટા**

ઉપલેટા નીલખા ગામે વેણુન દીમાં રેતીનાં ભંડાર ભર્યા છે. ત્યારે રેતીચોર તત્વો દ્વારા કરવામાં આવતી રેતી ચોરી અયકાવવા ગામન સામાજીક આગેવાન કિરીટસિંહીં ખેંગારજી ચુડાસમાએ ઉપલેટા મામલતદારને આવેદન પત્ર આપી વેણુ નદીમાંથી થતી રેતી ચોરી અટકાવવા સવિસ્તાર રજૂઆત કરી છે.

આવેદન પત્રમાં જણાવેલ છે કે

નીલાખામાં વેણુ નદી આવેલ છે. જે નદીમાં પુષ્કળ પ્રમાણમાં રેતીનો ભંડાર આવેલ છે. પરંતુ છેલ્લા ૩ (ત્રણ) થી ૪ (ચાર) માસથી વેણુ નદીની પૂર્વ તરફના ભાગેથી બહાર ગામના અજાણ્યા શખ્સો દ્વારા તથા અમારા ગામના અમુક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે તેમજ કોઈપણ અધિકારીની પરવાનગી વગર કે ખાણ ખનીજ ખાતામાંથી રેતી અંગેની રોયલ્ટી ભરેલ નથી, કે મામલતદાર કે પ્રાંત અધિકારીનો કોઈ હુકમ વગર ગેરકાયદેસર રીતે તેમજ સરકારમાં રોયલ્ટી ભર્યા વગર રેતી ચોરી કરે છે.

આ ઈસમો દ્વારા કોઈપણ સતા અધિકારી પાસેથી પરવાનગી લીધેલ નથી કે રેતી માટેની કોઈ સરકારએ નક્કી કરેલ રોયલ્ટી ભરેલ નથી, તેમજ અત્યાર સુધીમાં પુષ્કળ પ્રમાણમાં રેતી ઉપાડી લીધેલ છે. પુષ્કળ પ્રમાણમાં રેતી કાઢવામાં આવે તો ચોમાસા પાણી નદીમાં વધતા જશે અને જેને વીધે ઘણી નુકશાની થાય તેમ છે. હાલ નદીની ઊંડાઈ વધે તો ચોમાસામાં વરસાદનાં પાણીનું પુષ્કળ પ્રમાણમાં ભરાવો થાય જેથી બાંધવામાં આવેલ ડેમોને વરસાદનાં પુષ્કળ પાણીથી નુકશાન પહોંચે, તેમજ નદીનો કાપ કાઢી લેવામાં આવે તો આસપાસની જમીનોમાં પાણીનું પ્રમાણ ઘટે, તેમજ નદીનાં વહેણથી આસપાસની જમીનો વાળાઓને તકલીફ ઉભી થાય. .

ખેડૂતોને થતી નુકશાની તેમજ સરકારને થતી નુકશાની અટકાવવા તેમજ રોયલ્ટી ચોરી અટકાવવા તેમજ ગેરકાનૂની રીતે રેતી ચોરી અટકાવવા તાત્કાલિક ધોરણે અરજી ઉપર અમલવારી કરવા અમારી ફરિયાદ કરી છે.

# ખેલ મહાકુંભમાં આત્મિય સ્કૂલના વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન

**અબતક, રાજકોટ**

શિક્ષણ, સેવા અને સંસ્કારના ત્રિવેણી સંગમરૂપ 'યોગીધામ ગુરુકુલ-રાજકોટ' સ્થિત આત્મિય સ્કૂલના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભની રમતોમાં પોતાનું શ્રેષ્ઠ કૌવત દાખવી શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. જેમાં સ્થાયી વ્યાપક કુદકો સ્પર્ધામાં જયેશ લહેરી-પ્રથમ, ગ્રંથ રાબડીયા-તૃતિય, લાંબી કુદ સ્પર્ધામાં પ્રયાગ ભંડેરી-પ્રથમ, નિખિલ જાદવ-તૃતિય, ગોળા ફેંકમાં યશરાજ રાણા-પ્રથમ, ચક્રફેંકમાં યશરાજ રાણા-તૃતિય, જ્યારે ૧૫૦૦ મીટર દોડમાં નિર્લેપ દૂબે-તૃતિય જ્યારે કુસ્તીમાં ઉદય સાંગાળેએ તૃતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

આ તકે યોગીધામ ગુરુકુલના સંવાહક પૂ.ત્યાગ વલ્લભ સ્વામિજીએ તમામ સ્પર્ધકો, ટીમ કોચ મયુરભાઈ રાજગોર તથા ડો.જ્યોતિ શર્માએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# જૂનાગઢઃ મિલેટ મહોત્સવમાં ડો. સુભાષ મહિલા આર્ટસ-કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજની બહેનોએ બતાવી રસોઇ કલા



**અબતક, ચિરાગ રાજયગુરુ, જુનાગઢ**

જુનાગઢમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર શ્રી દ્વારા આયોજિત તારીખ ૧,૨,૩ માર્ચ ૨૦૨૪ના બહાઉદ્દીન વિનયન કોલેજ ગ્રાઉન્ડ. જૂનાગઢમાં મીલેટ મહોત્સવના આયોજનમાં ડો. સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ. કોલેજના હોમ સાયન્સ વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા મિલેટની વાનગીના વેચાણનો સ્ટોલ રાખેલ. જેમાં કાંગની ચાટ પુરી અને મીલેટ ભેળ રાખેલ. સાથે જનતામાં જાગૃતતા લાવવા માટે મિલેટના પ્રકાર, મિલેટ્સ થતા હેલ્થને લગતા ફાયદા અને તેમાંથી બનતી વાનગી ના પોસ્ટર દ્વારા ડિસ્પ્લે કરી માહિતી આપી હતી.

કોલેજના પ્રિન્સિપાલ ડો. બલરામ ચાવડાએ વિદ્યાર્થીનીઓને આ આયોજનમાં ઉત્સાહપૂર્વક ભાગ લે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ કોલેજના અધ્યાપકો પ્રા. પ્રીતીબેન નાણાવટી, અમીબેન નાણાવટી, પ્રા.ચેતનાબેન ચુડાસમા,નયનાબેન ગજ્જર વગેરે એ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરીને એક સારા ઉદ્યોગ સાહસિકતાના ગુણ કેમ વિકસાવાય તેની પ્રેરણા આપી હતી.

આ આયોજનમાં ફૂડ એન્ડ ન્યુટ્રીશનના વિદ્યાર્થીનીઓએ વાનગીનું વેચાણ કરીને ઉદ્યોસાહસિકતા અને સ્વરોજગારીની એક નવી દિશા તરફ પગલું પ્રસ્થાપિત કર્યું.

સમગ્ર આયોજન માટે સંસ્થાના રાહબર અને વડા જવાહરભાઈ ચાવડાએ વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી.

# સ્વામિ વિવેકાનંદ પરીક્ષાલક્ષી વર્ગમાં તાલીમ મેળવનાર અમરેલીના ૬ વિદ્યાર્થીઓએ ભારતીય સૈન્યમાં પસંદગી પામી જિલ્લાનું ગૌરવ વધાર્યું

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

રાજ્યના યુવાનો સંરક્ષણ દળમાં ભરતી થાય તે માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય રોજગાર અને તાલીમ કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આયોજિત 'સ્વામી વિવેકાનંદ પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ વર્ગ'માંથી તાલીમ મેળવનાર અમરેલીના પાંચ તાલીમાર્થીઓની ભારતીય સૈન્યમાં અગ્નીવીર તરીકે પસંદગી પામ્યા છે.

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આ નિઃશુલ્ક તાલીમ વર્ગનું આયોજન અમરેલીના લાઠી રોડ સ્થિત જગજીવનદાસ મહેતા ટ્રસ્ટ સંચાલિત ભગિની છાત્રાલય ખાતે યોજવામાં આવ્યો હતો. આ તાલીમ વર્ગમાં આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો, પેરામીલીટરી ફોર્સીસ, પોલીસ વગેરેની ભરતીને ધ્યાનમાં રાખી ૩૦ દિવસીય તાલીમમાં તજજ્ઞ શિક્ષકોના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ દરરોજ ૨ કલાક શારીરિક તાલીમ અને દરરોજ ૬ કલાક બૌધ્ધિક તાલીમ આપવામાં આવી હતી.

આ વર્ગમાં તાલીમાર્થીઓને રહેવા અને જમવા સહિતની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક કરવામાં આવી છે. આ તાલીમ પામેલા ૫(પાંચ) ઉમેદવારો ભારતીય સૈન્યમાં અગ્નીવીર જનરલ ડયુટી અને ૧(એક) ઉમેદવાર અગ્નીવીર ટ્રેડસમેનમાં સફળ થયા છે. આમ, કુલ ૬(છ) તાલીમાર્થીઓ ભારતીય સૈન્યમાં સફળતાપૂર્વક પાસ થયા છે. સફળતા પામેલા ઉમેદવારોમાં ઉત્તમભાઈ જાદવ, દીપકભાઈ કામળીયા, જયેશભાઈ કુકાવા, મિતુલભાઈ ગોસ્વામી, ગૌતમભાઈ કલડીયા, દિલીપભાઈ બુધેલાનો સમાવેશ થાય છે, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભુણાવા ગ્રામ પંચાયતની સામે ભ્રષ્ટાચાર મુદ્દે ચાલતું ઉપવાસ આંદોલન છઠ્ઠા દિવસમાં પ્રવેશ્યું

## સાત દિવસમાં ન્યાય નહીં મળે તો પતિ સાથે પ્રીતીબા આંદોલનમાં જોડાશે

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ તાલુકાનાં ભુણાવા ગ્રામ પંચાયત માં લાખોને ભ્રષ્ટાચાર થયાનાં આક્ષેપ અને તપાસ ની માંગ સાથે તાલુકા પંચાયત કચેરી સામે ભુણાવાનાં આગેવાન વિક્રમસિંહ જાડેજા દ્વારા ચાલી રહેલું આમરણાંત ઉપવાસ આંદોલન છઠ્ઠા દિવસ માં પ્રવેશ્યું છે.વિક્રમસિંહ ની તબીયત લથડતા તેમને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.ત્રણ દિવસ ની સારવાર બાદ તેમણે છાવણી માં બેસી આંદોલન આગળ ધપાવ્યું છે.તેમનાં પત્નિ પ્રીતીબાએ તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરી કે સાત દિવસ માં ન્યાય નહી મળેતો પોતે પતિ વિક્રમસિંહ સાથે ઉપવાસ માં જોડાઈ વિરોધ દર્શાવશે.

દરમિયાન તાલુકા વિકાસ અધિકારી કાવાવાલા એ જણાવ્યું કે વિક્રમસિંહ ની માંગણી તથા તપાસ નો અહેવાલ નાયબ જીલ્લા વિકાસ અધિકારીને મોકલી અપાયોછે.ઉપરાંત ભ્રષ્ટાચાર મુદ્દે ઉચ્ચ કેડર નાં ટેકનિકલ અધિકારીને તપાસ સોંપવા ભલામણ કરાઈ છે.

ઉલ્લેખનીય છેકે ભુણાવા ગ્રામ પંચાયત ભ્રષ્ટાચાર અંગે અગાઉ વિક્રમસિંહ ની રજુઆત સંદર્ભે તંત્ર દ્વારા તપાસ કરાઈ હતી.વિક્રમસિંહ નાં જણાવ્યાં મુજબ ૩૨ મુદ્દા પૈકી ૩૧ મુદ્દામાં ભ્રષ્ટાચાર સાબીત થયો હતોતે સમયે જીલ્લા વિકાસ અધિકારી દ્વારા કોઈ પગલા લેવાયા ના હતા.ઉલ્ટાનું તપાસ રિપોર્ટ ને પરત મોકલી આધાર પુરાવા મંગાયા હતા.આમ ભ્રષ્ટાચાર ની તપાસ માં પણ ઉચ્ચ કક્ષાએ થી ગોલમાલ કરાઈ છે.ઉપવાસી છાવણી ની કોઈ જવાબદાર અધિકારીઓ દ્વારા મુલાકાત લેવાઈ નાં હોય ચકચાર જાગીછે.

# ઉનાઃ બ્રહ્મ સમાજના સમૂહ લગ્નમાં ૬ નવયુગલો લગ્નગ્રંથિથી જોડાયા

## ૨૦૦૦થી વધુ બ્રહ્મ પરિવારોએ કર્યું સમૂહ ભોજન



**અબતક, ઉના**

ઊના શહેરમા જલારામ વાડીના સંકુલમાં ઊના તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ ની સમુહ લગ્ન અને સમૂહ જનોઈ સમિતિ દ્વારા ૩૨મો સમહું લગ્ન ઉત્સવ યોજવામાં આવ્યો હતો જેમાં સમાજ ના ૬ નવયુગલો વિધિ પૂર્વક લગ્ન ગ્રંથિ એ જોડાઈ પ્રભુતા માં પગલાં પાડેલ હતા.૪બટૂકો ને વેદોકત મંત્રોચ્ચાર સાથે યજ્ઞોપવિત સંસ્કાર થી વિભૂષિત કરવામાં આવીયા હતા તમામ વિધિ આચાર્ય રમેશ ભાઈ દીક્ષિત અને ચેતનભાઈ જાની, મુકેશ ભાઈ જોશી અને વિદ્વાન બ્રાહ્મણ ઓ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ઊના ના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ અને વિવિધ સમાજ ના આગેવાનો હાજરી આપી આશીર્વાદ આપી શુભ કામનાઓ આપી હતી. આ પ્રસંગે યોજાયેલ સમુહ ભોજન મહા પ્રસાદ મા તાલુકા ભર માંથી ૨૦૦૦થી વધુ બ્રહ્મ પરિવાર એ લાભ લીધો હતો. આ પ્રસંગે ભોજન ના દાતા મુળ કાંધી ગામના અને હાલ સુરત રહેતા બાબુભાઈ ગજેરા નું સન્માન કરવા મા આવેલ હતું અને ૩૩માં સમુહ લગ્નોત્સવ મા પણ ભોજન ના દાતા તરીકે બાબુ ભાઈ ગજેરા એ જાહેરાત કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા ઊના તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ અને ટ્રસ્ટીઓ,સમુહ લગ્ન અને સમૂહ જનોઈ સમિતિ, પરશુરામ યુવા સંસ્થા, બ્રહ્મ કર્મચારી મંડળ તથા તમામ બ્રહ્મ પરિવાર ના ભાઈઓ અને બહેનો એ જહેમત ઉઠાવી હતી.

# મહાશિવરાત્રીના પર્વ નિમિતે સોમનાથઃ સતીકુંવર ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ માટે સર્વરોગ નિદાન કેમ્પ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



સોમનાથ મહાદેવ ના સાનીદય માં સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના સાથ સહકાર થી દર વર્ષ ની જેમ આ વર્ષ પણ મહા શિવરાત્રી ના અવસર પર સ્વ પુનમ બેન ધાણક સ્વ અરવિંદભાઈ પ્રભુદાસ ભાઈ સતીકુંવર પ્રેરીત સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ દ્વારા શુક્રવારે સર્વ રોગ નિદાન કેમ્પ નુ ભાવભેર આયોજન કરવા માં આવશે જેમા ડો દિનેશ ભાઈ બારડ, ડો ડી,કે બારડ હોસ્પીટલ ટીમ તાલુકા હેલ્થ સ્ટાફ સહીત અન્ય જીલ્લા એન, સીડી, સેલ ટીમ ડાયાબીટીસ બ્લડ પ્રેશર સહીત ડેન્ટલ રોગ ના ડો ડોલી બેન દત્તાણી આ ધાર્મિક અવસર પર સોમનાથ મહાદેવ મંદિર મહા શિવરાત્રી ના દીવસે નિ,શુલ્ક આરોગ્ય સેવાઓ સોમનાથ ટ્રસ્ટ અને સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ અદયશ્ર યોગેશ સતીકુંવર દ્વારા આરોગ્ય લક્ષી સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુ થી સુંદર આયોજન કરવામાં આવશે.

# બાબરાના ખંભાળા, તાઈવદર, નડાળાના ડુંગરાના ગેરકાયદે ખોદાણ અટકાવવા માંગ

## પ્રાંત અધિકારીની સુચનાઓનું પાલન ન થતા ખનીજચોરોને મોકળુ મેદાન

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરા પંથકના ગામડાઓમાં ધાર ડુંગરાઓનું ખોદાણ કરી વ્યાપક પ્રમાણમાં થતી ખનીજ ચોરીની ફરિયાદોના પગલે પ્રાંત અધિકારી કક્ષાએથી કાર્યવાહીની સુચના અપાય છે. પણ તેના અમલ માટે નિચલા અધિકારીઓ કોઈ પગલા લેતા ન હોવાથી ભુમાફીયા ખનીજ ચોરો બેલગામ થઈ બાબરા, લાલકા, નડાલા ખંભાળા, ભાઈવદરમાં ડૂંગરાઓનું બેફામ ખોદાણ થતા હોવાની ફરિયાદ ઉઠી છે.



આ અંગ રાણપુરના કાળુભાઈ મુધવા, પ્રકાશભાઈમુંધવા, નિકુલભાઈ મુંધવાએ સરકારી જમીનમાંથી માટી ચોરી થતી હોવાની નામજોગ ફરિયાદ કરી ખનીજ ચોરી અટકાવવા માંગ કરી છે. બાબરા તાલુકાના પંચાલ વિસ્તાર સાલેમાળ ડુંગર વિસ્તાર જે ખનીજ ચોરી થી વિંધાઈ ગયેલ હોય અધિકારી ઓને લોકો દ્વારા રજૂઆત કરવામાં આવતી હોય છે જ્યારે પ્રાંત અધિકારી દ્વારા નીચલા અધિકારીઓનેસુચના આપેલ હોય કે આ બેફામ ભૂમાફિયા ઓને પકડી પકડીને કાર્યવાહી કરવામાં આવે પરંતુ જાણે પ્રાંત અધિકારીના આ સૂચનાને નીચલા અધિકારીઓ પાલન નથી કરતા ભુમાફિયાઓના લોકેશનનો પણ દેવામાં આવતા હોય છે પરંતુ આ

અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી થતી ન હોય અને એકબીજા ઉપર ખો દેતા હોય છે માંહિતી આપતા નથી આનુ કારણ શું ?. અને ભૂમાફિયા બેફામ નંબર પ્લેટ વિનાના ડમ્પર ટ્રેક્ટર લોડર જેસીબી જેવા વાહનો થી બે ફામ માટી ચોરી રેતી ચોરી તથા બેલાની ખાણો ધમધમી રહી છે ત્યારે આ બેફામ બુમાફીયા ખુલ્લેઆમ રાત્રીના અંધકાર મા તેમજ વહેલી સવારે અને દિન દહાડે લાભ લઈને લૂંટી રહ્યા છે ત્યારે ગ્રામજનો દ્વારા અધિકારીઓને રાત્રિના ફોન કરી જણાવવા માટે ફોન કરી રહ્યા છે ત્યારે આ અધિકારીઓ દ્વારા એકબીજાને ખો આપતા હોય તેવો ઘાટ ઘડાઈ રહ્યો છે

# ધોરાજી: જે.સી.આઇ. રોયલ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ



**અબતક, ભોલાભાઇ સોલંકી, ધોરાજી**

ધોરાજી જે.સી.આઇ. રોયલ દ્વારા એક દિવસીય ભગવતસિંહજી હાઇસ્કુલના ગ્રાઉન્ડમાં ભવ્ય ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટુર્નામેન્ટમાં આઠ ટીમો વચ્ચે સ્પર્ધા જામી હતી. તેમાં ભેંસાણની ટીમ વિજેતા થઇ હતી અને ઉપલેટાની ટીમ રનર્સઅપ થઇ હતી. વિજેતા ટીમોને ધોરાજી જે.સી.આઇ. દ્વારા ટ્રોફી, સર્ટીફીકેટ આપીને સન્માનીત કરેલ હતા. આ તકે જે.સી.આઇ. ઝોન પ્રેસીડેન્ટ તુષારભાઇ સુવાગીયા, ડો. કૃણાલ નવલે, ડો. અનીષ દેસાઇ, ડો. અનિરૂદધ રાઠોડ સહીતના મહાનુભાવો હાજર રહેલ હતા. આ ક્રિકેટ ટુર્નામેન્ટને સફળ બનાવવા પ્રમુખ કેતનભાઇ વૈષ્ણવ ટુર્નામેન્ટના સંયોજક ડો. ગૌતમ ઠુંમર, ભરતભાઇ વૈષ્ણવ, વર્ધમાન માથુકીયા, જસ્મીન અંટાળા, રાજુભાઇ વાગડીયા, આશીષ ઘેલાણી, ભાર્ગવ માવાણી, બંસી વાગડીયા, તથા જે.સી.આઇ. રોયલના તમામ મેમ્બરોએ જહેમત ઉઠાવેલ હતી.

આ ટુર્નામેન્ટના સંયોજક ડો. ગૌતમ ઠુંમર ને પણ સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવેલ હતા.

# ધોરાજીઃ સરકારી હોસ્પિટલમાં ડોકટરોની નિમણુંક માટે કોંગ્રેસ પ્રમુખ લલીત વસોયાના ધરણા

## હોસ્પિટલમાં તબીબોના અભાવને લીધે પ્રાઈવેટ મોંઘીદાટ હોસ્પિટલમાં જવું પડે છે

**અબતક, ભોલાભાઇ સોલંકી, ધોરાજી**

ધોરાજી સરકારી હોસ્પિટલમાં તબીબો ની ઘટ હોવાથી ધોરાજી શહેર અને ગ્રામ્ય વિસ્તારની જનતાને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. અને ઘણા લાંબા સમયથી નિષ્ણાંત ડોક્ટરો ની ખાલી જગ્યા પડી હોવાથી આ ખાલી જગ્યા પર તબીબોની નિમણૂક થાય અને પ્રજાની હાલાકી ઓછી થાય એ માટે પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ લલિત વસોયા રવિવારે ગેલેક્સી ચોક ખાતે ધરણાનો કાર્યક્રમ આપવા માટે જાહેરાત કરી છે. ઉપરોક્ત મામલે લલિત વસોયાએ જણાવેલ કે ધોરાજીના અને આસપાસના દાતાઓએ લાખો કરોડો રૂપિયાનું દાન આપી સરકારી હોસ્પિટલમાં ભવ્ય બિલ્ડિંગ સુવિધા યુક્ત બનાવી છે અને લાખોની કિંમતના કિંમતી મેડિકલ સાધનો અને ઓપરેશન થિયેટર પણ બનાવ્યા છે પરંતુ આવી સુવિધા સભર ભવ્ય હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોના અભાવે ગરીબ અને મધ્યમ પરિવારના દર્દીઓએ ફરજિયાત ખાનગી હોસ્પિટલમાં મોંઘીદાર



સારવાર લેવા મજબૂર થવું પડે છે ધોરાજી સરકારી હોસ્પિટલમાં ચાર મેડિકલ ઓફિસર પૈકી માત્ર એક જ મેડિકલ ઓફિસર છે નિષ્ણાંત તબીબોમાં એમડી એમએસ ગાયનેક આંખના સર્જન બાળ રોગ નિષ્ણાંત ઓર્થોપેડિક રેડિયોલોજિસ્ટ ઈ એન ટી સહિતના સ્પેશિયલ ડોકટરોની જગ્યા ઘણા સમયથી ખાલી છે. દાતાઓએ કરેલું દાન એળે ન જાય તેમ જ ધોરાજી અને ગ્રામ્ય વિસ્તારની જનતાને ઉત્તમ આરોગ્ય સેવાઓ મળે એ પ્રયાસ કરવો ધોરાજીના દરેક નાગરિકની સામૂહિક ફરજ છે ચૂંટાયેલા પ્રતિનિધિત્વ દ્વારા જો આ પ્રશ્ન ઉકેલતો ન હોય એ માટે સરકારનું ધ્યાન દોરવા ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે આ માટે દાતાઓની જેમ ધોરાજીના નાગરિકો પણ પોતાના વતન માટે સહયોગ આપે અને જેમાં ધોરાજીના વેપારીઓ વિવિધ પક્ષના રાજકીય આગેવાનો સામાજિક સંસ્થાઓ અને તેના અગ્રણીઓ અને ધોરાજીના દરેક નાગરિક ધોરાજી સરકારી હોસ્પિટલની સ્થિતિને સુદ્રઢ બનાવવા માટે ધરણા કાર્યક્રમમાં જોડાઈ તેવી પણ અપીલ કરી હતી

# ગોંડલઃ માર્ગ અકસ્માતમાં પોલીસમેનનું મોત

## બે દિવસ પૂર્વે શાપર-વેરાવળ ખાતે બદલી થઇ તીઃ કોન્સ્ટેબલના મોતથી વતન બેટાવડમાં શોક



**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના ઉમવાડા રમણવા માર્ગ પર ગત મોડી રાત્રે અજાણ્યા વાહને બાઇકને હડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં શાપર-વેરાવળ પોલીસ મથકના કોન્સ્ટેબલનું મોત નિપજતા પરિવાર અને પોલીસ બેડામાં શોકનું મોજુ ફેલાયું છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ તાલુકાના બેટાવડ ગામના વતની અને હાલ શાપર-વેરાવળ પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને ગોંડલ પોલીસ લાઇનમાં રહેતા વિનોદભાઇ હકુભાઇ લાલકીયા નામના પોલીસમેન પોતાનું બાઇક લઇ પોતાના વતન બેટાવટ થી ગોંડલ આવી રહ્યા હતા. ત્યારે ગોંડલ નજીક ઉમવાડા ગામ પાસે પહોચ્યા ત્યારે અજાણ્યા વાહને ઠોકરે લેતા સર્જાયેલા અકસ્માતમાં વિનોદભાઇ લાલકીયા નામના ૩૨ વર્ષીય યુવકનું મોત નિપજયું હતું. આ બનાવની જાણ બી ડીવીઝન પોલીસને થતા દોડી જઇ અજાણ્યા વાહન સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છ બે દિવસ પૂર્વે શાપર-વેરાવળ ગામે હાજર થયેલા વિનોદભાઇના મોતથી માસુમ સંતાને પિતાની છત્રછાયા ગુમાવી છે.

# બાબરામાં હજરત અંગારસાવલીનો ઉર્ષ કોમી એકતાના માહોલમાં ઉજવાયો



**બાબરા અપ્પુ જોશી અબતક**

બાબરા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં હિન્દુ મુસ્લિમ આ સ્થળોના આસ્થાના પ્રતીક્ સમા હજરત અંગારસાવલી નો ઉર્સ કોમી એકલાસના વાતાવરણમાં ઉજવાયો હતો ૩/૫ રવિવારે ૨૧ શાબાન રોજ ઉજવાયેલા ઉર્સ મા હિંદુ મુસ્લિમ બિરાદરો જોડાયા હતા શનિવારે રાત્રે ૯:૩૦ વાગે સંદલ શરીફ અને રવિવારે સાડા પાંચ વાગે જુલુસમાં દરગાહથી ગરીયાળા ચોક થઈ મેન બજાર નાના બસ સ્ટેશન થઈ સાંજના ૭:૦૦ વાગે દરગાહ પરત ફર્યું હતું અને ત્યારબાદ આમ ન્યાજ સમૂહ પ્રસાદમાં હજારો ભાવિકો જોડાયા હતા મોડી રાત્રે કવાલી ના કાર્યક્રમમાં પ્રખ્યાત કવાલ બુલબુલે ચિસ્તીયા દ્વારા કવાલીઓ રજૂ કરવામાં આવી હતી સમસ્ત સુનની મુસ્લિમ સમાજ બાબરા દ્વારા આયોજિત આ ઉષ્મા હિંદુ મુસ્લિમ લોકો નાત જાતના ભેદ વગર જોડાઈને કોમી એકલાસ અને ભાઈ ચારા ના વાતાવરણ માટે નિમિત બન્યા હતા

## દિકરી વ્હાલનો દરીયો

# ઉપલેટાના પટેલ પરિવારે દિકરી જન્મને વધાવી લાડલીને નાથદ્વારાની આઠેય સમાની ઝાંખી કરાવી

## પુત્રી માટે કરેલી માનતાઓ પૂર્ણ કરી પટેલ પરિવાર બન્યુ ધન્ય

**અબતક, કીરીટ રાણપરીયા ઉપલેટા**

હાલ કળયુગના સમમાં મોટાભાગના લોકો દ્વારા પોતાની પુત્રવધુના કુખે દિકરો જન્મ લે તેવી અનેક બાધા માનતા રાખતા હોય છે.ઘણા કુટુંબ તો દિકરો પ્રાપ્ત ન થાય તો પુત્રવધુને છુટાછેડા આપવામા ઘર કંકાસ કરી મેણાટોણા મારી સંસારમાં આગ ચાંપવાના બનાવો પણ બન્યાના દાખલા છે.

પણ પુત્ર કે પુત્રી ના જન્મને માન સન્માન સાથે ઉજવણી કરવી ઓતો ભાગ્યશાળી પરિવારના સંસ્કારમાં હોય છે.ઉપલેટા તાલુકાના ચિખલીયા ગામના ઘોડાસરા પરિવારના આંગણે દિકરી પ્રાપ્ત થાય તે માટે સમગ્ર ઘોડાસરા પરિવારે નાથદ્વારાના નાથ શ્રીનાથજીની ઝાંખીની માનતા રાખેલ હતી મધુબેન અને રમેશભાઈ ઘોડાસરાની પુત્રવધુ નિધીબેન અને માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી રાજભાઈ ઘોડાસરાના આંગણે પુત્રીના જન્મ થતા જ પરિવારમાં ભારે ખુશીનો માહોલ સાથે પુત્રી ઝાંખીના જન્મને



હરખભેર વધાવી સગા સ્નેહીઓને મીઠાઈ વહેચી મો મીઠા કરાવેલ હતા ગઈકાલે ઝાંખીની વર્ષ ગાંઠ હોવાથી ઘોડાસરા પરિવારે રાખોલી માનતા ગઈકાલે નાથદ્વારામાં બિરાજતા ભગવાન શ્રીનાથજીની આઠેય સમીઝાંખી કરાવી પુત્રી પ્રાપ્તી ની માનતા પૂરી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યારે એજયુકેશન અને શિક્ષણના યુગમાં ઘણા પરિવાર દિકરીને દુધ પીતી કરી દયે છે. ત્યારે ઘોડાસરા પરિવારે પુત્રી પ્રાપ્તીની માનતા રાખી હોયતે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

# સુલ્તાનપુરની પી.એમ. કન્યાશાળાની યોજાયો ઓલિમ્પિક રમોત્સવ

## જુદી જુદી રમતોમાં પ્રાચીન રમતો સહિતની રમતોનો સમાવેશ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાના સુલતાનપુર ખાતે આવેલ પી. એમ. કન્યાશાળાના મેદાનમા બે દિવસીય ઓલમ્પિક ૨૦૨૪મા જુદી જુદી રમોત્સવનું તેમજ પ્રાચીન રમતો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળક મા પડેલી ખાસ શક્તિ ખીલવવા અને વિકાસવવા માનવીય જીવન મા ખુબ મહત્વનું છે આ હેતુ ને ખેલકુંભ ના કૌશલ્ય દ્વારા સિદ્ધ કરવા નું એક અનેરું આયોજન કન્યાશાળા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ધ્વજ આરોહણ ઓલમ્પિક માર્ચ પાસ્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમ વિદ્યાર્થીઓને મેડલ વિતરણ, જેવા અનેક કાર્યક્રમો યોજાયા હતા રમતોમાં ચેસ, બરચી ફેક, ભાલા ફેક, ખો ખો, લાંબી કુંદ, ઊંચી કુંદ તેમજ પ્રાચીન રમતો બાળકો ને રમાડીને સતત બે દિવસ સુધી ગ્રામજનો તેમજ બાળકો માં હર્ષ ફેલાયો હતો. બહોળી સંખ્યા મા ગ્રામજનો, વાલીઓ, બાળકો ઉપરાંત આજુબાજુ પંથક ની સ્કૂલ ના બાળકો, શિક્ષકો પણ કાર્યકમ નિહાળવા આવ્યા હતા

સમસ્ત કાર્યક્રમ મા જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિતભાઈ પટેલ તેમજ નાયબ જીલ્લા શિક્ષણ અધિકારી અશોકભાઈ વાણવી હાજર રહયા હતા ને મેડલ આપી બાળકો ને પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ રાજુભાઈ ડાંગર તેમજ સુલતાનપુર પોલીસ સ્ટેશન પી. એસ આઈ જાડેજા હાજર રહયા હતા ને સ્કૂલ ની કામગીરી ને તેમજ બાળકો ને બિરદાવ્યા હતા આ સમસ્ત આયોજન મા કન્યાશાળા સ્ટાફ બાળકો વાલીઓ એ જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો વિજેતા બાળકો ને સિલ્ડ તેમજ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ આવેલા મહાનુભાવો નું સ્કૂલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું સમસ્ત આયોજન મા કન્યાશાળા સ્ટાફ તેમજ બાળકો એ જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

# ગોંડલઃ સુરેશ્વર મહાદેવ મંદિરે ઉજવાશે મહાશિવરાત્રિ પર્વ

## મહાપ્રસાદ આરતી સહિતના કાર્યક્રમનું આયોજન

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ખાતે ૩૨૯ વર્ષ પુરાણું સુરેશ્વર મહાદેવનું મંદિર સ્વયંભુ વેરી તળાવ નજીક આવેલ છે.

સુરેશ્વર મહાદેવ મંદિર ખાતે આગામી તા.૮ને શુકવારના રોજ મહાશિવરાત્રીની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સવારે ૫ વાગ્યે પ્રભાત આરતી, બપોરે ૧૨ વાગ્યે મધ્યાહન આરતી, સાંજે ૭ વાગ્યે સંધ્યા આરતી તેમજ રાત્રીના ૧૨ વાગ્યે મહાઆરતી થશે. રાત્રીની આરતી બાદ સેવકોની કુશળ પ્રસાદનું વિતરણ તેમજ દિવસ દરમ્યાન ભાંગ પ્રસાદનું વિતરણ કરવામાં આવશે તેમ મંદિરના સેવક હરેશભાઈ એમ. વ્યાસ તેમજ મંદિરના મહંત શૈલેષપરી ગોસાઈ તથા રાહુલપરી ગોસાઈ (મો.નં. ૯૮૨૫૦ ૪૬૪૬૭)ની યાદીમાં જણાવાયું છે.

(પહેલા પાનાનું ચાલું)

## સોના ઉપર ધિરાણ રોક

ગોલ્ડ લોન, બિઝનેસ લોન અને પર્સનલ લોન જેવી નાણાંકીય સુવિધા આપે છે. આ કંપનીની શરૂઆત વર્ષ ૧૯૯૫માં નિર્મલ વર્માએ કરી હતી. તે અગાઉ આઈઆઈએફ હોલ્ડિંગ લિમિટેડના નામે ઓળખાતી હતી. આઈઆઈએફએલ ફાઈનાન્સના શેર પર શું અસર થશે? આઈઆઈએફ ફાઈનાન્સ શેર બજારમાં લિસ્ટેડ કંપની છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ તાકીદ કરતા જણાવ્યું હતું કે હાલ બેંક દ્વારા જે લોન પ્રવર્તમાન ગ્રાહકોને આપવામાં આવી હતી તેની પ્રક્રિયા યથાવત રીતે ચાલુ રાખવામાં આવશે. હાલ કંપની જે ગોલ્ડ લોન આપી રહી છે તેનો પોર્ટફોલિયો ૨૪ હજાર કરોડને પાર પહોંચી ગયો છે અને દર વર્ષે તેમાં ૩૫% ની વૃદ્ધિ પણ થઈ રહી છે. આઈ આઈ એફ એલ કંપની માત્ર એક જ ક્ષેત્રમાં નહીં વિવિધ ક્ષેત્રમાં ધિરાણ પૂરું પાડે છે અને તેમાં પણ જ્યારે ગોલ્ડની વાત આવે તો ૩૨ ટકા હિસ્સો ગોલ્ડ લોનનો છે.

## જ્ઞાનવાપી

અરજીનો નિકાલ વારાણસી કોર્ટને આઠ અઠવાડિયાની અંદર વચગાળાના સ્ટે માટેની અરજી પર વિચારણા કરવા અને નિર્ણય લેવાના નિર્દેશ સાથે કરવામાં આવે છે.' નોંધનીય છે કે જ્ઞાનવાપી મસ્જિદ સંકુલમાં શિવલિંગની હાજરી અંગેનો દાવો ૧૬ મેના રોજ કરવામાં આવ્યો હતો જ્યારે કોર્ટ દ્વારા નિયુક્ત એડવોકેટ કમિશનરે કહ્યું હતું કે તેમને મસ્જિદના વજુખાના વિસ્તારમાં એક શિવલિંગ મળ્યું છે. આ પછી જિલ્લા અદાલતે સંબંધિત વિસ્તારને સીલ કરવાનો આદેશ આપ્યો હતો. મસ્જિદ સમિતિનો દાવો છે કે કથિત શિવલિંગ એક ફુવારો છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

## ચૂંટણી પ્રચાર....

જ વિજય અપાવતું હોય છે. ચૂંટણી સમયે એકપણ કાર્યકર નારાજ ન થાય અને તુટે નહીં તેવી ખેવના પક્ષો દ્વારા રાખવામાં આવતી હોય છે. લોકસભાની ચૂંટણીની તારીખોનું એલાન હવે ગમે ત્યારે થાય તેમ છે. આવામાં સામાન્ય કાર્યકર્તા કે આગેવાનની વાત છોડો ખૂદ ધારાસભ્યો પંજાનો સાથ છોડી રહ્યા છે. છતા કોંગ્રેસના નેતાના પેટનું પાણી પણ હલતુ નથી. થોડા સમય પહેલા ખંભાતના ધારાસભ્ય ચિરાગ પટેલ અને વિજાપુર બેઠકના ધારાસભ્ય ડો.સી.જે. ચાવડાએ ધારાસભ્ય પદથી રાજીનામુ આપી કોંગ્રેસનો સાથ છોડી ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે. દરમિયાન ગઈકાલે અર્જૂનભાઈ મોઢવાડિયાએ વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી સમક્ષ ધારાસભ્ય પદેથી રાજીનામું ધરી દીધું હતું. આ ઉપરાંત રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરે પણ પંજાનો સાથ છોડ્યો હતો. આ બંને નેતાઓએ આજે કેસરિયા કર્યા હતા.

ગુજરાતમાં છેલ્લા અઢી દાયકાથી અને કેન્દ્રમાં એક દશકાથી સત્તા વિહોણી કોંગ્રેસ હાલ પોતાના અસ્તિત્વ સામે ઝઝૂમી રહી છે છતા પોતાના પક્ષના કાર્યકરો કે આગેવાનોની વાત તો એકબાજુ રહી સિનિયર ધારાસભ્યોને પણ સાચવી શકતી નથી. લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારો જાહેર કરવાની વાત તો માઈલો દુર રહી સંગઠન માળખું પણ જાહેર કરી શકી નથી. બીજી તરફ ભાજપ દ્વારા આજથી લોકસભાની ચૂંટણી માટે જોર-શોરથી પ્રચાર અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે.

ભાજપે ઉમેદવારોના નામની પ્રથમ યાદીમાં ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકો પૈકી ૧૫ બેઠકો માટે નામો જાહેર કરી દીધા છે. બાકીની ૧૧ બેઠકો માટે આગામી ગુરૂવાર અથવા શુક્રવારે નામની ઘોષણા કરી દેવામાં આવે તેવી સંભાવના છે. ચૂંટણીની તૈયારી ક્યાંથી શરૂ કરવી તેના ફાંફા કોંગ્રેસ મારી રહ્યું છે. સામા પક્ષે ભાજપે હરીફોને તમામ મોરચે મ્હાત કરવા ચૂંટણી પ્રચાર પણ શરૂ કરી દીધો છે.

## ૪૫૪ કરોડ ....

માળખાકીય સુવિધાઓ, સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ, અર્બન મોબિલિટી, આગવી ઓળખના કામો, ખાનગી સોસાયટી જન ભાગીદારી યોજના, આઉટગ્રોથ વિસ્તાર કામો જેવા ઘટકો નિયત કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તદઅનુસાર, ગાંધીનગર મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ વિસ્તારોના પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર વ્યવસ્થાના કામો માટે ૩૦૮.૭૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. એટલું જ નહીં, ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો અન્વયે ૯ નગરપાલિકા વિસ્તારોમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો માટે ૧૧૮.૫૩ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ વિકાસ કામો માટે વિશેષ ગ્રાન્ટ અન્વયે વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાને સોમનાથ મંદિર આસપાસના વિસ્તારના ડામર રોડ કામો, પેવર બ્લોક ફીટીંગ કામો, મોટા વૃક્ષોના કુંડા મુકવાના તથા સાંસ્કૃતિક ચિત્ર કળા અને સૌંદર્ય કળાના કામો માટે ૮.૭૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર કડી, ચોટીલા, સાવરકુંડલા અને વિરમગામ નગરપાલિકાઓને આર.સી.સી. રોડ, એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ નાંખવી, સી.સી. રોડ અને પેવર બ્લોક, નાળું, ટાંકી તથા સમ્પ વગેરેના ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો માટે કુલ ૧૭.૨૦ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે.

આ ઉપરાંત ખાનગી સોસાયટી જન ભાગીદારી યોજનામાં બોરસદ અને કડી નગરપાલિકાને સોસાયટીમાં પેવર બ્લોક તથા આર.સી.સી. પાણીની પાઈપલાઈન નાંખવાના કામો વગેરે મળીને ૪૯.૯૩ લાખ રૂપિયા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રીએ મંજૂર કર્યા છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ખાનગી સોસાયટી જન ભાગીદારી યોજના અંતર્ગત સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૩,૧૯૯ કામો મંજૂર થયા છે તેમાંથી ૩૯,૬૨૫ પૂર્ણ થઈ ગયા છે અને ૧,૪૪૮ કામો પ્રગતિમાં છે.

આ હેતુસર, અત્યાર સુધીમાં મહાનગરપાલિકાઓને રૂ. ૨૦૨૪.૩૯ કરોડ અને નગરપાલિકાઓને રૂ. ૩૦૫.૩૦ કરોડની રકમ ગ્રાન્ટ તરીકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે ચૂકવી છે.

હવે, મુખ્યમંત્રી સમક્ષ શહેરી વિકાસ વિભાગે રજૂ કરેલી ૪૫૩.૭૨ કરોડ રૂપિયાની વિવિધ વિકાસ કામોની દરખાસ્તોને તેમણે અનુમતિ આપતા સંબંધિત નગરોમાં નાગરિકોની સુખાકારીના કામો વધુ વેગવંતા બનશે.

## સુજલામ સુફલામ...

તે પહેલાં જ ચેક ડેમો ઊંડા કરવા, તળાવો, નદીઓ પુનઃજીવિત કરવાના દૂરંદેશી આયોજનના પરિપાક સમી સુજલામ સુફલામ યોજનાની ભેટ આપી હતી. આ અભિયાનથી જળ સંગ્રહ ક્ષેત્રે બદલાયેલા પરિદ્રશ્ય વિશે વાત કરતા તેમણે કહ્યું કે છેલ્લા ૬ વર્ષમાં ૧૦,૭૦૦ મિલિયન ક્યુબિક જેટલી જળસંગ્રહ ક્ષમતા વધી છે. જયારે સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૧૫૬ કામો થકી ૬૪ લાખ ઘન મીટર જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે. સુજલામ સુફલામ યોજના સાથે મનરેગા યોજનાને જોડીને જળસંગ્રહ ક્ષમતા વધારવા સાથે ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારીનું પણ સર્જન થયું છે. આ અંતર્ગત થયેલા ૯૮ હજાર કામોથી ૧ કરોડ ૯૨ લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થઈ છે. વડાપ્રધાનશ્રીની દૂરંદેશીને કારણે 'એક પંથ અને દો કાજ' માફક શ્રમિકોને પરિશ્રમનું મહેનતાણું મળી રહ્યું છે અને જળસંચયનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે.

સૌની યોજના અંતર્ગત રૂ. ૪૭૯.૬૦ કરોડના ખર્ચે સુરેન્દ્રનગર જિલ્લાના ૪૫ અને મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ૧૧ ગામોના તળાવોમાં નર્મદાના પાણી પહોંચાડવામાં આવશે

દૂધરેજ - માલવણ - પાટડી - બેચરાજી હાઈવેના રૂ. ૪૩૦ કરોડના ખર્ચે ફોરલેનિંગ, રૂ. ૭૦ કરોડના ખર્ચે ગણપતિ ફાટસર ખાતે રેલવે ઓવરબ્રિજના નિર્માણ સહિત જિલ્લાની આંતરમાળખાકિય સુવિધાઓમાં વધારો કરતા વિકાસ કામોની વિગત આપતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર કહેવાતા સુરેન્દ્રનગરના વ્યુહાત્મક સ્થાનને દયાનમાં રાખીને રાજ્ય સરકારે જિલ્લામાં રોડ-રસ્તા, રેલવે બ્રિજ અને પુલોના નિર્માણ અને વિકાસ થકી જિલ્લાનું આગવું ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવાનું આયોજન કર્યું છે. પ્રદેશના વિકાસમાં રેલ્વે આંતર માળખાકીય સુવિધાનું મહત્વ સમજતા સરકારે સૌરાષ્ટ્રની સંપૂર્ણ રેલ્વે લાઈન પાછલા દસ જ વર્ષમાં ડબલ ટ્રેક કરી નાખવા સાથે તેનું ઈલેક્ટ્રીફીકેશન કર્યું છે.

વડાપ્રધાનના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કાર્યાન્વિત થયેલી વિવિધ યોજનાઓના સુરેન્દ્રનગર જિલ્લામાં મળેલા લાભ વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે ૧.૩૫ લાખ પરિવારોને ઉજ્વલા યોજનાથી નિઃશુલ્ક ગેસ કનેકશન, ૨૬ હજાર પરિવારોને પીએમ આવાસ યોજના અંતર્ગત પાકા મકાન, ૭ લાખ લોકોને વિનામૂલ્યે સારવારની ગેરંટી આપતા આયુષ્યમાન કાર્ડના લાભ મળ્યા છે. સુરેન્દ્રનગરને પાછલા વર્ષોમાં મળેલી વટેશ્વર વન, નવી આઈ.ટી.આઈ., નવા બસ સ્ટેશન સહિતના વિકાસ પ્રકલ્પો તેમજ આજે લોકાર્પણ ખાતમુહૂર્ત અને જાહેરાત કરાઈ છે તેવા રૂ. ૧૫૮૪ કરોડના કામો સુરેન્દ્રનગરને વિકસિત નગર બનાવવાની સરકારનાં નિર્ધારનું પરિણામ છે.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી ડો.મહેન્દ્રભાઈ મુંજપરાએ જણાવ્યું હતું કે, સરકાર ગ્રામ્ય સ્તરે આરોગ્યની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે. આરોગ્ય સુવિધાઓના વિવિધ વિકાસકામોની વિગતો આપતા કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે લીંબડી તાલુકાના નાની કઠેચી ગામે રૂ.૧.૬૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી આજુ બાજુના ૬ ગામોના ૨૦ હજારથી વધુ લોકોને તેનો લાભ મળશે. સાયલા તાલુકાના સુદામડા CHC ખાતે રૂ. ૨.૮૮ કરોડના ખર્ચે સ્ટાફ કવાર્ટરનું પણ આજે ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત રૂ.૨.૪૨ કરોડના ખર્ચે ખારાઘોડા, કંથારીયા, પાણશીણા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને રૂ. ૧૬.૮૭ લાખના ખર્ચે સાયલા તાલુકાના થોરીયાળી ગામે મોબાઈલ હેલ્થ યુનિટ વાનના લોકાર્પણથી જિલ્લાના ૭૫ હજાર કરતા વધારે લોકોને ફાયદો થશે.

સુરેન્દ્રનગર ખાતે આકાર પામનાર આયુર્વેદ કોલેજ વિશેની વાત કરતા વધુમાં તેમણે ઉમેર્યું કે, સરકારી આયુર્વેદ કોલેજની ભેટ

સુરેન્દ્રનગરવાસીઓ માટે ખૂબ લાભદાયી સાબિત થશે. ઉત્તમ સારવાર સાથે જિલ્લાના વિદ્યાર્થીઓ સાવ સામાન્ય ફીમાં અભ્યાસ કરીને ડોક્ટર બનશે. રતનપર ખાતે પાંચ એકર જેટલા વિસ્તારમાં આકાર લેનાર કેન્દ્રીય વિદ્યાલય પણ જિલ્લાના શિક્ષણ ક્ષેત્ર માટે અતિ અગત્યની પુરવાર થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીની આગેવાની હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં જળસંપત્તી અને પાણી પુરવઠા વિભાગની લોક કલ્યાણકારી યોજનાઓ સાકાર થવા જઈ રહી છે, જે જિલ્લાવાસીઓ માટે હર્ષની વાત છે. સૌની યોજનાના વિવિધ ઘટકો વિશે વિગતવાર માહિતી આપતા મંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાનના દૂરંદેશીભર્યા દ્રષ્ટિકોણ થકી આકાર પામેલી 'સૌની'યોજના દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ સુધી પાણી પહોંચાડી શકાયું છે. ઝાલાવાડની એક સમયે સૂકી ધરાને લીલીછમ કરવાનું કાર્ય સૌની યોજના થકી શક્ય બન્યું છે.મંત્રી બાવળિયાએ ઉમેર્યું હતું કે, સુરેન્દ્રનગર સૌરાષ્ટ્ર માટે 'પાણિયારું' બન્યું છે. ધોળી ધજા ડેમ અને ઢાંકી પમ્પિંગ સ્ટેશન થકી સૌરાષ્ટ્ર કચ્છના છેવાડાના ગામો સુધી નર્મદાના નીર પહોંચ્યા છે. ''સૌની યોજના'' અંતર્ગત સુરેન્દ્રનગરમાં ૨૩૫ કિલોમીટર જેટલી લંબાઈના પાઈપલાઈન નેટવર્ક દ્વારા કુલ ૪૫ તળાવોને જોડવામાં આવશે. જયારે મોરબી જિલ્લામાં કુલ ૬૧.૫૩ કિલોમીટર લંબાઈના પાઈપલાઈન નેટવર્ક દ્વારા કુલ ૨૬ તળાવોને જોડવામાં આવશે.આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, આજે રાજ્ય સરકારના સુજલામ સુફલામ અભિયાન ૨૦૨૪નો રાજ્ય વ્યાપી પ્રારંભ સુરેન્દ્રનગર ખાતેથી થયો છે.

ઉપરાંત આજે સુરેન્દ્રનગર જિલ્લાને મુખ્યમંત્રીનાં વરદ હસ્તે વિકાસના વિવિધ પ્રકલ્પોની ભેટ મળવાની છે, જેનાથી જિલ્લાની આંતર માળખાકીય સુવિધામાં વધારો થશે.

## નલિયા ૭.૪ ડિગ્રી....

વધી ગઈ છે. બે દિવસ રાજ્યભમાં પડેલા માવઠા બાદ કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. રવિવારે ભારે પવન સાથે સુસવાટાભર્યા પવન ફૂંકાયા હતા. લઘુત્તમ તાપમાનમાં ૪ થી ૫ ડિગ્રીનો ઘટાડો થયો હતો. ત્યારે ગુજરાતમાં માત્ર ૨૪ કલાકમાં ૮ થી ૧૩ ડિગ્રી પાસે ગગડતા લોકો ઠંડીમાં ઠુઠવાયા છે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટઃ** રાજકોટ નિવાસી પ્રવીણભાઈ રમણીકભાઈ સોલંકી (ધામેચા) ના પત્ની કુસુમબેન પ્રવિણભાઈ સોલંકી (ધામેચા)નું તા.૪ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમની ઉત્તરક્રિયા તા.૧૪ ને ગુરુવારે ચંદ્રચૌલેશ્વર એપાર્ટમેન્ટ, ચંદ્રમૌલી મંદિર પાસે, પંચાયત ચોક, યુનિ. રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

બમ બમ ભોલે...

# શિવ, સિધ્ધી, સાધ્ય ત્રણ યોગ પૈકી શિવયોગમાં મહાશિવરાત્રી ઉત્તમ

**અબતક, રાજકોટ**

યોગ ૨૬ હોય છે તેમા શિવ નામનો યોગ શિવભક્તિ માટે ઉત્તમ ગણવામાં આવે છે તે ઉપરાંત શિવ . સિધ્ધિ .સાધ્ય આ ત્રણ યોગ નો ક્રમ આવે છે અને આ ત્રણેય યોગ સિધ્ધિ મેળવવા માટે ઉત્તમ ગણવા માં આવે છે આમ આ વર્ષે શુક્રવારે શિવરાત્રી ના દિવસે આખો દિવસ તથા રાત્રી ના ૧૨.૪૬ કલાક સુધી શિવ નામ ના યોગ ઉત્તમ છે શુક્રવારે સવારે ૧૦.૪૧ સુધી શ્રાવણ નક્ષત્ર પણ ઉત્તમ છે

તે ઉપરાંત શનિવારે સિધ્ધી નામનો યોગ છે જ્યારે રવિવારે અમાસના દિવસે સાધ્ય નામનો યોગ છે આમ શિવરાત્રી થી શરૂ કરી અને રવિવારે અમાસ ના દિવસ સુધી શિવજી ની ઉપાસના કરવી આ વર્ષે ઉત્તમ ફળ આપનાર બનશે અને સિધ્ધિ આપનાર બનશે જીવનમાં કોઈપણ મુસીબત હોય તો તે દૂર કરવા માટે આ વર્ષે શિવરાત્રી થી રવિવારે અમાસ સુધી શિવજી ની કોઈપણ ઉપાસના કરવી અથવા તો ૐ નમઃ શિવાય પંચાક્ષર મંત્ર ની ૨૧ અથવા દરરોજ ૧૦૮ ત્રણ દિવસ સુધી માળા કરવી ઉત્તમ ફળ આપનાર અને સિદ્ધિ આપનાર બનશે મુસીબતો દૂર થશે મૃત્યુંજય મંત્રના જપ કરી શકાય છે આ ત્રણ દિવસ દરમિયાન ઉપવાસ અથવા એકટાણું રહેવુ શિવપૂજામાં ત્રણેય ભગવાનની પૂજા આવી જાય છે. શિવલિંગમાં મૂળ મા બ્રહ્મા મધ્ય વિષ્ણુ અને ઉપર સ્વયં શિવજી છે.



## રાશી પ્રમાણે શિવજીની પૂજા

(૧)મેષ રાશી (અ,લ,ઈ):- શેરડીના રસ થી અભિષેક કરવો તથા સુખડીનું નેવૈદ્ય ધરાવવું.

(૨)વૃષભ રાશી (બ,વ,ઉ):- સાકરવાળા પાણી થી દુધથી અભિષેક કરવો પેંડાનું નેવૈદ્ય ધરાવવું .

(૩) મિથુન રાશી (ક, છ, ઘ):- કાળા તલથી તથા દુધ થી અભિષેક કરવો સકરીયાનો શીરો ધરાવવો.

(૪) કર્ક રાશી (ડ, હ):- દુધથી તથા સાકરવાળા પાણી થી અભિષેક કરવો નૈવેદ્યમાં રાજગરાનો શિરો ધરાવવો.

(૫)સિહ રાશી (મ,ટ):- ઘી તથા ચણા ની દાળ થી અભિષેક કરવો ચણાની દાળની બનેલ વસ્તુનું નૈવૈદ્ય ધરાવવું.

(૬)કન્યા રાશી (પ,ઠ,ણ):- મધ થી તથા દુધ થી અભિષેક કરવો નૈવેદ્ય મા દુધ પાક ધરાવવો.

(૭) તુલા રાશી (ર,ત) :- શેરડી ના રસથી અભિષેક કરવો, દુધની મીઠાઈ ધરાવવી.

(૮) વૃશ્ચિક રાશી ( ન,ય):- બીલીપત્ર તથા દુધ થી અભિષેક કરવો નૈવેદ્ય મા તલ ની વસ્તુ ધરાવવી .

(૯) ધન રાશી (ભ,ફ,ધ):- શેરડીનો રસ તથા સાકરવાળુ પાણી થી અભિષેક કરવો, નૈવેદ્યમાં અળદીયા ધરાવવા.

(૧૦)મકર રાશી (ખ,જ):- કાળા તલથી અભિષેક કરવો, માલપૂવા ધરાવી શકાય.

(૧૧) કુંભ રાશી (ગ,સ,શ):- કાળા તલ સાકરવાળુ જળ તથા મધથી અભિષેક કરવો, અડદીયા ધરાવવા.

(૧૨)મીન રાશી (દ,ચ,ઝ,થ):- ઘી તથા દુર્વાથી તથા દુધથી અભિષેક કરવો નૈવેદ્ય મા પીળી મીઠાઈ ધરવી.

નિશીથ કાળ રાત્રે ૧૨:૩૩ થી ૧:૧૧ સુધી છે . આ સમયે પણ શિવજી ઉપર રૂદ્રી પૂજા અભિષેક કરાવી શકાય છે અને ઉત્તમ ફળ આપનાર છે

## રાત્રીના ચાર પ્રહરની વિગત

**પ્રથમ પ્રહર રાત્રે ૬.૫૩ થી ૯.૫૫**
**બીજો પ્રહર રાત્રે ૧૦.૫૫ થી ૧૨.૫૭**
**ત્રીજો પ્રહર રાત્રે ૧૨.૫૭ થી ૩.૫૯**
**ચોથો પ્રહર રાત્રે ૩.૫૯ થી ૭.૦૨ સુધી છે.**

## મહાશિવરાત્રીના દિવસે આઠ પ્રહરની પૂજામાં મુખ્ય રાત્રીના ચાર પ્રહરની પૂજાનું મહત્વ

(૧)પહેલા પ્રહરઃ- મહાદેવજી ઉપર જળધારા કરી અને ચંદન - ચોખા કમળ, કરેણના પુષ્પ વડે પૂજા કરવી નૈવેદ્યમા સુખડી ધરાવવી

(૨)બીજા પ્રહરની પૂજાઃ- મહાદેવજીને જળ ચડાવી બીલીપત્ર અર્પણ કરવા તથા શ્રીફળ અર્પણ કરવું.

(૩)ત્રીજા પ્રહરમાંઃ- મહાદેવજીને દુધ તથા જળ ચડાવી ઘઉં તથા આકડા ના પુષ્પો અર્પણ કરવા તથા માલ પુવાનું નૈવેદ્ય ચૂરમાના લાડુ ધરવા..બિલિપત્ર અર્પણ કરવા.

(૪)ચોથા પ્રહરેઃ- જળ ચડાવ્યા બાદ અડદ, મગ, સાત ધાન્ય ચડાવવા તથા બિલીપત્ર ચડાવવા દૂધના મિષ્ઠાનનું નૈવેદ્ય ધરાવું

આમ શિવલિંગની પૂજા કરવાથી ત્રણેય ભગવાનની પૂજાનું ફળ મળે છે .

**અલગ અલગ દ્રવ્યથી મળતું ફળ**

સંતાન પ્રાપ્તિ માટે ચોખાથી, ધનની પ્રાપ્તિ માટે બિલીપત્રથી, આયુષ્ય વધારવા દુર્વાથી, રાજયોગ માટે ઘી થી, સર્વ મનોકામના સિદ્ધિ માટે અને નવગ્રહની શાંતિ માટે કાળ તલ થી સુખી દામ્પત્ય જીવન માટે સાકરના પાણીથી અને ડાયાબીટીસ જેવી બીમારી દુર ઓછી કરવા શેરડીના રસથી શિવલિંગ ઉપર અભિષેક કરવો તથા ધન પ્રાપ્તિ માટે શિવજીને બિલીપત્ર ચઢાવવા

**શાસ્ત્રી રાજદીપ જોષી,**
**(વેદાંત રત્ન)**

# અમરેલીમાં સાંસદ કાછડીયાના અધ્યક્ષસ્થાને યોજાયું "નારી સંમેલન"

## પા-પા પગલી પોષણ અભિયાન અને પ્રાકૃતિક કૃષિના વિવિધ સ્ટોલનું કરાયું નિદર્શન

**અબતક, પ્રદિપ ઠાકર**
**અમરેલી**

ગુજરાત રાજય મહિલા આયોગ, આઈ.સી.ડી.એસ. અમરેલી જિલ્લા પંચાયત દ્વારા અમરેલી જિલ્લા પંચાયતના પ્રાંગણમાં 'શિક્ષણની વાત,વાલી સાથે સંવાદોત્સવ, નારી સંમેલન' કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા સાંસદ નારણ કાછડિયાના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા પંચાયત પ્રમુખ ભરત સુતરિયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાની આંગણવાડીઓમાં નવી નિમણુક પામનાર તેડાંગર બહેનોને નિમણુક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.આંગણવાડીમાં બાળકોની કેળવણીમાં મદદરુપ થતાં ટિચીંગ લર્નિંગ મોડ્યુલ બનાવનાર ઈન્સ્ટ્રક્ટરઓ ને પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પા પા પગલી, પોષણ અભિયાન અને પ્રાકૃતિક કૃષિના વિવિધ સ્ટોલનું નિદર્શન પણ આ તકે રાખવામાં આવ્યુ હતુ. નારીશકિતનું નેતૃત્વ વિવિધ ક્ષેત્રોમાં છે, મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી છે. વિવિધ સરકારી સહાયકીય યોજનાઓનો લાભ મેળવી મહિલાઓ આર્થિક રીતે પગભર બની છે.



શિક્ષણની વાત, વાલી સાથે સંવાદ, નારી સંમેલન' કાર્યક્રમમાં સાંસદ નારણ કાછડિયાએ જણાવ્યુ કે, નવી શિક્ષા નીતિ-૨૦૨૦ દ્વારા બાળકોને સર્વાંગી શિક્ષણ પ્રાપ્ત થશે, આંગણવાડીમાં બાળકોને પાયાનું શિક્ષણ પ્રાપ્ત થઈ રહ્યુ છે. સાંસદએ ભારત અને ગુજરાત રાજય સરકારની મહિલાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી અને માર્ગદર્શન આપ્યા હતા. પ્રવર્તમાન સમયે મહિલાઓને વિવિધ ક્ષેત્રમાં નેતૃત્વ કરી નારી સામર્થ્ય અને નારીની અમાપ ક્ષમતાઓને માધ્યમ મળી રહ્યું છે જે સરાહનીય છે, તેમ નારી શકિતની મહિમા વર્ણવતા સાસંદએ ઉમેર્યુ હતુ.

શિક્ષણની વાત, વાલી સાથે સંવાદ, નારી સંમેલન' કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સદસ્યો, જિલ્લા વિકાસ અધિકારી પંડ્યા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, આઈ.સી.ડી.એસ પ્રોગ્રામ અધિકારી સહિતના પદાધિકારી, અધિકારીઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડમાં ભાજપનું લાભાર્થી સંપર્ક અભિયાન

## જામનગર જીલ્લા ભાજપ પ્રમુખ રમેશ મુંગરાએ લાભાર્થીઓના પ્રતિભાવ જાણ્યા



**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવડ ભારતીય જનતા પાર્ટી દ્વારા લાભાર્થી સંપર્ક અભિયાન અંતર્ગત જામનગર જીલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરા દ્વારા કાલાવડ શહેરનાં બુથ નંબર ૨૦૩, વોર્ડ નંબર-૭ મા નરેન્દ્રભાઈ મોદી દ્વારા જેમને સીધા લાભો મળેલા છે એવાં પ્રધાનમંત્રી આવાસ યોજના, કિશાન સન્માન નિધી, અને અન્ય લાભાર્થીઓ સાથે સંપર્ક કરી નરેન્દ્રભાઈ નો પત્ર આપી તેમના પ્રતિભાવો જાણ્યા હતા. આ તકે લાભાર્થીઓ એ નરેન્દ્રભાઈ નો આભાર વ્યક્ત કરેલ. આ તકે કાલાવડ શહેર ભાજપ પ્રમુખ હસુભાઈ વોરા, જિલ્લા ભાજપ સોશીયલ મીડીયા કનવિનર ભવદીપ પંડ્યા, જીલ્લા યુવા મોરચા પ્રમુખ ભૂમિતભાઈ ડોબરીયા, મહેશભાઈ સાવલીયા, વિનુભાઈ રખોલીયા, વિનુભાઈ કપુરીયા ઉપસ્થીત રહેલ હતાં.

# વિસાવદર સ્વામીનારાયણ ગુરૂકુળના તેજસ્વી વિદ્યાર્થીઓનું કરાયું સન્માન



**અબતક, ગિજુભાઈ વિકમા**
**વિસાવદર**


વિસાવદર સ્વામિ નારાયણ ગુરુકુળમાં ધોરણ કે.જી.થી ૧૨ માં અભ્યાસ કરતા ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

સ્વામી નારાયણ ગુરુકુળમાં શાસ્ત્રી આનંદસ્વામી ના જન્મદિવસ ની ઉજવણી નીમીતે ધોરણ -કે. જી. થી ૧૨ ના વિદ્યાર્થીઓને શિલ્ડ વિતરણ કરી પ્રોત્સાહીત કરવામાં આવેલ / ધોરણ -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક સેમિનારનું આયોજન અને વિદાય સમારંભનું આયોજન કરેલ હતુ. ગુરુકુળમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ વિતરણ ગુરુકુળના સ્વામી આનંદ સ્વામી તથા મુકુંદસ્વામીના વરદ હસ્તે આશીર્વાદ સાથે વિવિધ શિલ્ડ તથા ટ્રોફીઓ આપી સન્માનિત કરાયા હતા માધ્યમિક સ્કૂલના આચાર્યસતાસીયા, પ્રાથમિક શાળાના આચાર્ય અસ્વીનભાઈ દોશી, કેમ્પસ ડાયરેક્ટર જીતુભાઈ ડોબરીયા વાલી મંડળ વતી વિસાવદર એડવોકેટ નયનભાઈ જોશી તથા સ્કૂલનો સ્ટાફ તથા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વાગત પ્રવચન જીતુભાઈ ડોબરીયાએ કરેલ હતું કાર્યક્રમનું સંચાલન સ્કૂલના શિક્ષક સરવૈયાએ કરેલ હતું આ કાર્યક્રમમાં શાસ્ત્રી આનંદસ્વામી, મુકુંદસ્વામી,કૃષ્ણવલ્લભ સ્વામી, ભક્તિસ્વામી તથા સર્વે સંતો, ટ્રસ્ટી રતિબાપા સાવલિયા, રમેશભાઈ સોજીત્રા, હરેશભાઈ સાવલિયા, અરવિંદ ગોંડલીયા, ભક્તિસ્વામી ગોપાલભાઈ સાવલિયા, (કે.ની) પાનેલીયા , તથા વાલીઓ અને સમગ્ર સ્ટાફના શિક્ષકો હાજર રહિયા હતા. આ સેમિનારના વક્તાશ્રી ડો. કનુભાઈ કે. કરકરે સંબોધન કર્યુ હતું.આચાર્ય અશ્વીનભાઈ દોશીની યાદીમાં જણાવાયું છે.

# બાબરાઃ પંચકુડમાં સ્વ.જયતાભાઈ વાળાની પ્રતિમા ખંડિત કરાયાની ફરીયાદ

**અબતક, અપ્પુ જોશી**
**બાબરા**

શહેરમા પંચકુંડ પાસે સ્વ.જયતાભાઈ રાણીંગભાઈ વાળા ઉદ્યાન કાર્યરત છે. અહી તેઓની પ્રતિમા મુકાઈ છે. આ પ્રતિમાને કોઈએ ક્ષતિગ્રસ્ત કરી દીધી હતી. આ વાત ધ્યાને આવતા એમ.ડી. માંજરીયા દ્વારા તાકિદે પાલિકા પ્રમુખને આ બાબતે જાણ કરવામા આવી હતી. પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા આ અંગે સ્થાનિક પોલીસને રજુઆત કરવામા આવી હતી અને જે કોઈ તત્વોએ પ્રતિમાને નુકશાન કર્યું હશે. તેની તપાસ કરી કાર્યવાહી કરવા પણ માંગ કરાઈ હતી. તેમણે



જણાવ્યું હતુ કે હાલ પ્રતિમાને ઢાંકી દેવામા આવશે અને બાદમા સમારકામની કામગીરી હાથ હાથ ધરાશે.

# કલેકટર દ્વારા સમર્થનઃ ટૂંક સમયમાં સોમનાથ વેરાવળ સિટી બસ શરૂ થવાની શકયતા

**અબતક, જયેશ પરમાર**
**સોમનાથ**



વેરાવળ પાટણ સંયુક્ત નગર પાલીકા તંત્ર દ્વારા તાજેતર મા વિકાસ તેમજ અન્ય જરૂરિયાત ની સુવિધાઓ ઉપલબ્ધ કરવા કરોડો નુ બજેટ સર્વા નૃ મતે પાસ થયેલ જેમા સોમનાથ મહાદેવ મંદિર થી વેરાવળ શહેર તરફ સીટી બસ સેવાઓ ધણા વર્ષો અગાઉ બંધ થઈ ગઈ હોય સીટી બસ સેવાઓ બંધ થઈ જતા સોમનાથ થી વેરાવળ તરફ વિદ્યાર્થીઓ સીનીયર સિટીઝન મહીલાઓ ને ઓટો રિક્ષા મા જોખમ કારક અવર જવર કરવા ની હાલ ફરજ પડી રહેલ શહેરી વિસ્તાર સીટી બસો ઉપલબ્ધ થાય તેમજ અન્ય નમસતે સર્કલ થી સોમનાથ સુધી દિશા સુચક બોર્ડ ની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુ થી સ્વ પુનમ બેન ધાણક સ્વ અરવિંદ ભાઈ પ્રભુદાસ ભાઈ સતીકુંવર પ્રેરીત સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ દ્વારા પત્ર પાઠવી લેખીત રજુઆત કરેલ જેમા સીટી બસ સેવાઓ ઉપલબ્ધ થાય તેમજ દીશા સુચક બોર્ડ નમસ્તે સર્કલ વિસ્તાર થી સોમનાથ સુધી બોર્ડ મુકાય તો બહાર થી આવતા યાત્રીઓ ને મુશ્કેલી ન પડે સરળ રીતે પહોંચી શકે અને વેરાવળ પાટણ સંયુક્ત નગર પાલિકા તંત્ર તરફ થી સીટી બસ સેવાઓ સોમનાથ મહાદેવ મંદિર દર્શન માટે આવતા યાત્રીઓ તેમજ અન્ય શહેરીજનો ને દયાન મા રાખી નગર પાલીકા તંત્ર દ્વારા આ બાબત નાયબ કલેકટર ને તેમજ મુખ્ય મંત્રી ને નગર પાલીકા તંત્ર ને જરૂરિયાત ની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુ થી સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ અદયશ્ર યોગેશ સતીકુંવર થયેલ રજૂઆત ને ચીફ ઓફિસર સહિત નાયબ કલેકટર દ્વારા સમર્થન મળેલ અને ટુંક સમય માં સીટી બસ સેવાઓ શરૂ થઈ જશે તેમ નગર પાલીકા ચીફ ઓફિસર ચેતન ભાઈ ડુડીયા દ્વારા જણાવેલ.

# લોકસભાની તમામ બેઠકોના સંયોજક તરીકે આઈ.કે. જાડેજાની વરણી થતાં કાર્યકરોમાં જશ્ન



**અબતક, સલીમ ઘાંચી,**
**ધ્રાંગધ્રા**

લોકસભાની આગામી ચુંટણી સંદર્ભે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા પ્રદેશ ચુંટણી પ્રબંધન સમિતિના સંયોજક અને સહ સંયોજકોના નામોની જાહેરાત કરી છે રાજય સરકારના પૂર્વ મંત્રી અને પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ આઈ.કે. જાડેજાને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી આવતા તેઓને સંયોજક બનાવવામાં આવ્યા છે ત્યારે આજે ધ્રાંગધ્રા શહેર માં તેમના નિવાસ્થાને વિરાણીપા ખાતે ધ્રાંગધ્રા ભાજપ શહેર સંગઠન પ્રમુખ કિરીટસિંહ જાડેજા, મહામંત્રી સંજયભાઈ ગોવાણી તથા નગરપાલિકાના પ્રમુખ કુલદીપ સિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ કલ્પનાબેન રાવલ, જીતુભાઈ ચૌહાણ,સહિત સંગઠનના હોદ્દેદારો દ્વારા આજરોજ પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજાનુ સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું અને શુભેચ્છા મુલાકાત લિધેલ અને ગુજરાત ની ૨૬ એ ૨૬ સીટો પર આઈ કે જાડેજા ના નેતૃત્વ મા ૫,૦૦,૦૦૦ થી વધુ ની લીડ સાથે ભાજપ ની જીત મળે તેવી શુભેચ્છાઓ પાઠવેલ.

ISO 9001:2015 CERTIFIED
Investment Point®
Stock Market Trading Consultancy
Since 2002
www.nikhilbhatt.in

Nikhil Bhatt
Research Analyst
+ 9199793 80808

# નિફ્ટી ફ્યુચર ૨૨૩૦૩ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!!

તા.૦૫.૦૩.૨૦૨૪ ના રોજ સવારે ૧૦ કલાકે....

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો....

ભારતના જીડીપી વૃદ્ધિના આંક આશ્ચર્યજનક રીતે વધીને ૮.૪% જાહેર થતાં અને ઔદ્યોગિક વિકાસને વેગ સહિતના પોઝિટીવ સમાચાર સાથે અમેરિકાના ફુગાવાના આંક વધીને આવ્યા છતાં આ પરિબળને ડિસ્કાઉન્ટ કરી વ્યાજ દરમાં ઘટાડાની શકયતા વધતાં અમેરિકી શેરબજાર પાછળ ગઈકાલે ભારતીય શેરબજારમાં બે તરફી અફડાતફડી ચાલના અંતે ભારતીય શેરબજાર સામાન્ય ઉછાળા સાથે બંધ રહ્યું હતું, જો કે આજે સપ્તાહના પ્રથમ બીજા દિવસે ઉછાળે નફારૂપી વેચવાલી નોંધાતા ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૧૨%ના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસપી ૫૦૦ ૦.૧૨% અને નેસ્ડેક ૦.૪૧% ઘટીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૨૫% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૨% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર ઓટો, ટેલિકોમ્યુનિકેશન, સર્વિસીસ અને કંઝ્યુમર ડ્રિસ્કિશનરી શેરોમાં લેવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૬૨૭ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૧૯૦ અને વધનારની સંખ્યા ૧૩૩૧ રહી હતી, ૧૦૬ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૬૮ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૭૫ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, જાન્યુઆરી તથા ફેબ્રુઆરીનો ઉત્પાદન તથા સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ ઊંચી જોવા મળી રહી હોવાનું જોતા વર્તમાન નાણાં વર્ષના અંતિમ ત્રિમાસિકના જીડીપી આંક પણ પ્રોત્સાહક આવવાની આશા રાખવામાં આવી રહી છે. વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટસના આંક પ્રોત્સાહક રહ્યા બાદ આગામી નાણાં વર્ષ માટેના આર્થિક વિકાસ દરને લઈને રેટિંગ એજન્સીઓ તથા ઈકોનોમિસ્ટો આશાસ્પદ બન્યા છે અને પોતાના અંદાજો વધારી રહ્યા છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા રિપોર્ટમાં આગામી નાણાં વર્ષ માટે ભારતના આર્થિક વિકાસ દરનો અંદાજ ૮% મુકાયો છે. દેશમાં ખાનગી ઈન્વેસ્ટમેન્ટસમાં વધારો તથા ઉપભોગ માગ ઊંચી રહેવાની ધારણાંએ બેન્ક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટે જીડીપી અંદાજ વધારી ૭.૮૦% કર્યો છે જે અગાઉ ૬.૮૦% મુકાયો હતો.

સિટી બેન્કે પણ પોતાનો અંદાજ ૬.૫૦%થી વધારી ૬.૮૦% કર્યો છે. રિઝર્વ બેન્ક આગામી બેઠકમાં રેપો રેટમાં વધારો નહીં કરે તેવી શકયતા સાથે પ્રમાણમાં ઊંચા વ્યાજ દર વચ્ચે પણ વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાનો આર્થિક વિકાસ દર ૮.૪૦% સાથે અપેક્ષા કરતા વધુ આવતા આશ્ચર્ય થયું છે. જો કે દેશમાં ફુગાવો ખાસ કરીને ખાદ્યાખોરાકીનો ફુગાવો હજુપણ પણ ઊંચો જોવા મળી રહ્યો છે તેથી બ્રોકરેજ હાઉસે દેશ સામે બહારી જોખમો અને કેટલાક રાજકોષિય પડકારો ચાલુ રહેવાની ધારણાં મૂકીને આગામી નાણાં વર્ષનો આર્થિક વિકાસ દર ૬%ની નીચે રહેવાની ધારણાં મૂકી છે.

એમસીએક્સ ગોલ્ડ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે અપ્રિલ ગોલ્ડ રૂ.૬૪૩૩૧ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૬૪૩૮૮ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૬૪૩૩૧ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૮૪ પોઈન્ટના ઘટાડા સાથે રૂ.૬૪૩૭૮ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે મે સિલ્વર રૂ.૭૩૩૫૮ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૭૩૪૫૦ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૭૩૨૪૦ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૧૫૫ પોઈન્ટના ઘટાડા સાથે ૭૩૩૧૨ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

ખેર મિત્રો, હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....

- કોટક મહિન્દ્ર બેન્ક ( ૧૭૩૫ ) :- કોટક મહિન્દ્ર ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૦૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૮૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૪૭ થી રૂ.૧૭૬૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૭૭૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!
- મહાનગર ગેસ ( ૧૫૬૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૫૧૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૭૭ થી રૂ.૧૫૯૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!
- બિરલાસોફ્ટ લિ. ( ૭૮૮ ) :- રૂ.૭૪૪ નો પ્રથમ તેમજ રૂ.૭૨૭ બીજા સપોર્ટથી કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૦૮ થી રૂ.૮૧૮ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!
- એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ ( ૬૬૨ ) :- હાઉસિંગ ફાઈનાન્સ કંપની સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૭૬ થી રૂ.૬૮૪ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૬૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- ભારત પેટ્રોલિયમ ( ૬૪૨ ) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૨૬ સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક રિફાઈનરીઓ એન્ડ માર્કેટિંગ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૫૪ થી રૂ.૬૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ ના પ્રોપરાઈટર છે

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!

### સૌરાષ્ટ્ર યુનિ. ફિઝિક્સ ભવન, ગુજકોસ્ટ અને વિજ્ઞાન ગુર્જરીના સંયુકત ઉપક્રમે

# આજથી નવ દિવસ ૧૮ રાષ્ટ્રીય વૈજ્ઞાનિકો ૨૫ હજારથી વધુ સંશોધકોને તાલીમ આપશે

## દેશની ટોચની સંશોધન સંસ્થાના વૈજ્ઞાનિકો નવ દિવસ વર્ચ્યુઅલ પરિસંવાદના માધ્યમથી જુદી જુદી ટેકનોલોજીના જ્ઞાનનું આદાન-પ્રદાન કરશે

### સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ પ્રો.નિલાંબરીબેન દવે, વિજ્ઞાન ગુર્જરીના ગુજરાત પ્રાંતના અધ્યક્ષ પ્રો.ચૈતન્ય જોશી, ગાંધીનગર ગુજકોસ્ટના એડવાઈઝર પ્રો. નરોતમ શાહુ, વિજ્ઞાન વિદ્યાશાખાના ડિન ડો.ગીરીશ ભીમાણી સંશોધકોને પ્રોત્સાહિત કરશે



**અબતક,રાજકોટ**

વિજ્ઞાન ભારતી એ રાષ્ટ્રવાદી, દેશભક્તિ અને માનવતાવાદી વિજ્ઞાન ચળવળ છે, જે ઈજનેરી અને ટેકનોલોજી દ્વારા સામાજિક વિકાસ, સામાજિક સંવાદિતાનું લક્ષ્ય ધરાવે છે. ૧૯૯૧માં સ્થાપાયેલ વિજ્ઞાન ભારતી આજે ભારતનાં ૨૭ પ્રાંત સાથે વિશ્વનાં અન્ય ૭ દેશોમાં ફેલાયેલું છે. વિજ્ઞાન ભારતીની ગુજરાત પ્રાંતની સંસ્થા એ વિજ્ઞાન ગુર્જરી છે. બાળકોમાં/લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ-રુચિ કેળવાય તેમજ ભારતીય વિજ્ઞાન અંગે માહિતગાર થાય તે હેતુથી વિજ્ઞાનભારતી અંતર્ગત ગુજરાતમાં વિજ્ઞાન ગુર્જરી દ્વારા દર વર્ષે ગુજરાત વિજ્ઞાન સંમેલન યોજાય છે. આ વર્ષે પણ જીવીએસ ૨૦૨૪ યોજેલ છે. ૨૨ માર્ચ, ૨૦૨૪ થી ૨૪ માર્ચ, ૨૦૨૪ દરમિયાન એક વિશાળ નેશનલ લેવલનાં ત્રીજા 'ગુજરાત વિજ્ઞાન સંમેલનનું આયોજન રાજકોટમાં થવા જઈ રહ્યું છે. વિજ્ઞાનનાં વાસ્તવિક આનંદને વિશિષ્ટ રીતે પ્રસારીત કરવાના ઉદ્દેશ્ય સાથે આ સંમેલન ઓનલાઈન અને ઓફલાઈન બન્ને મોડમાં હશે. રાજ્યની અનેક શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ, વિજ્ઞાન કેન્દ્રો, વિવિધ સંસ્થાઓ અને વિજ્ઞાન ખૂબ જ ઉત્સાહ પૂર્વક જોડાઈ રહ્યા છે. શાળાનાં બાળકો, શિક્ષકો, અન્યને જીવીએસ-૨૦૨૪માં સહભાગી થવા પ્રેરિત કરવા વિવિધ વિજ્ઞાનલક્ષી સ્પર્ધાઓનું આયોજન કરેલ છે જેવીંક, ભારતીય વૈજ્ઞાનીકોનાં પોસ્ટર અને નિબંધ સ્પર્ધા, વૈજ્ઞાનીક કાર્ટૂન બનાવવાની સ્પર્ધા, ભારતીય વૈજ્ઞાનીકોનાં મીણ, લાકડું, અન્ય વેસ્ટ વસ્તુઓમાંથી પૂતડા બનાવવાની સ્પર્ધા, ભારતીય વિજ્ઞાનમાં મહિલાઓનો ફાળો(ફિલ્મ, પોસ્ટર અને નિબંધ), કૌન બનેગા વૈજ્ઞાનીક (પ્રશ્નોત્તરી), વિજ્ઞાનને લગતી કાવ્ય અને રંગોળી સ્પર્ધા, ભારતીય વૈજ્ઞાનીકો પર વિડીયો ફિલ્મ બનાવવી વગેરેનું આયોજન કરેલ છે.વિજ્ઞાન યાત્રા ૨૦૨૪ એ ભૌતિકશાસ્ત્રના અજાયબીઓની યાત્રા સાથેનાં પરિષદોની શ્રેણી છે જે અન્ડર ગ્રેજ્યુએટથી જ લાભાર્થીઓના વ્યાપક સ્પેક્ટ્રમને ધ્યાનમાં લઈને ડિઝાઈન કરવામાં આવી છે. સ્નાતક વિદ્યાર્થીઓ, અનુસ્નાતક વિદ્યાર્થીઓ, સંશોધન વિદ્વાનો, અધ્યાપકો, ભૌતિકશાસ્ત્રના સંશોધકો, વિજ્ઞાન અને અન્ય ક્ષેત્રોનાં ઉત્સાહીઓ માટે આ મ શ્રેણીનું આયોજન ગુજરાત વિજ્ઞાન સંમેલન (જીવીએસ) - ૨૦૨૪ના ભાગરૂપે કરવામાં આવ્યું છે. ભૌતિકી યાત્રા ૨૦૨૦ (વ્યાખ્યાન શ્રેણી) ની ભવ્ય સફળતા પછી, આ શ્રેણીનું આયોજન એનઈપી ૨૦૨૦ના મલ્ટિડિસિપ્લિનરી અને ઈન્ટરડિસિપ્લિનરી પાસાઓનો સમાવેશ કરતા વ્યાપક સ્પેક્ટ્રમ સાથે સંશોધનકર્તાઓ અને શીખનારાઓ વચ્ચે સક્રિય ક્રિયાપ્રતિક્રિયાના સમાન વિચાર સાથે કરવામાં આવી રહ્યું છે. એ વિશ્વ વિખ્યાત વરિષ્ઠ વૈજ્ઞાનિકો, ફેક્લ્ટી સભ્યો સહિત વિવિધ પ્રતિષ્ઠિત વક્તાઓ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રો તેમની નિપુણતા પર વકતવ્ય આપશે. આ શ્રેણી વિજ્ઞાન અને નેનો ટેક્નોલોજીના મહત્વ વિશે છે, જેમાં વિવિધ ભૌતિકશાસ્ત્રીઓ ખગોળશાસ્ત્રથી પ્રવેગક, ન્યુટ્રોનથી ગામા રેડિયેશન, ટેરાહર્ટ્ઝથી મેટલ-ઓર્ગેનિક ફ્રેમવર્ક (એમઓએફ), મેગ્નેટિઝમથી પ્લાઝમા સુધીના વિષયો પર માર્ગદર્શન આપશે. ભૌતિકશાસ્ત્ર, પરમાણુ રિએક્ટર માટેની સામગ્રી અને વૈશ્વિક સ્તરે ભારતના સંદર્ભમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત ના અન્ય તાજેતરના આંતરવિષયક સંશોધન ક્ષેત્રોની માહિતી પણ આપવામાં આવશે.

"વિજ્ઞાન યાત્રા" - ભારતીય વૈજ્ઞાનિક માનસોની વિકસિત ભારત તરફની યાત્રા વિષય પર એક ઓનલાઈન કાર્યક્રમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિવિધ સંશોધન સંસ્થાઓના વૈજ્ઞાનિકો તેમજ વિવિધ સંશોધકોનાં માર્ગદર્શન હેઠળ યોજવાનો છે. વિજ્ઞાન યાત્રા - ૨૦૨૪ વ્યાખ્યાન શ્રેણીનાં ચીફ પેટ્રોન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ નીલાંબરીબેન દવે, પેટ્રોન પ્રો. ચૈતન્ય જોષી, પ્રમુખ, વિજ્ઞાન ગુર્જરી, ગુજરાત પ્રાંત, પ્રો. ગિરિશ સી. ભિમાણી, ડીન, ફેકલ્ટી ઓફ સાયન્સ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને ડો. નરોત્તમ સાહૂ, એડવાઈસર અને મેમ્બર સેક્રેટરી, GUJCOST, ગાંધીનગર છે તેમજ કો-પેટ્રોન ડો. આર. જી. પરમાર, રજીસ્ટાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ છે. આ કાર્યક્રમનાં કન્વીનર પ્રો. નિકેશ શાહ, અધ્યક્ષ વિજ્ઞાન ગુર્જરી, સૌરાષ્ટ્ર પ્રાંત અને પ્રો. પી. એન. જોષી, સેક્રેટરી, વિજ્ઞાન ગુર્જરી, સૌરાષ્ટ્ર પ્રાંત છે તથા આ કાર્યક્રમનાં કો-ઓડીનટર પ્રો. કે. બી. મોદી, પ્રો. જે. એ. ભાલોડીયા, પ્રો. એચ. ઓ. જેઠવા, ડો. ધીરેન પંડયા, ડો. પીયૂષ સોલંકી, ડો. દેવીત ધ્રુવ, ડો. અશ્વિની જોષી, ડો. રૂપલ કે. ત્રિવેદી અને ડો. મેઘા વાગડિયા છે. આ વ્યાખ્યાન શ્રેણી એ વિજ્ઞાનમાં રસ-રુચિ ધરાવનાર દરેક વિદ્યાર્થીઓને મટિરિયલ સાયન્સ તેમજ નેનો ટેકનોલોજીનાં મહત્વ અને હાલમાં ચાલી રહેલા સંશોધનો વિષેનું માર્ગદર્શન પૂરું પડનારી રહેશે. વિજ્ઞાન યાત્રાના સતત નવ પરિસંવાદો માં મધ્યપ્રદેશ, આસામ, ગુજરાત, તામિલનાડુ, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, ગોવા, મહારાષ્ટ્ર,હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કેરાલા મણીપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, પંજાબ વગેરે દેશના તમામ રાજ્યોમાંથી વૈજ્ઞાનિકો, અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ એ પંજીકરણ કરાવેલ છે અને દેશની વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં લાઈવ-ટેલીકાસ્ટ youtube અને ફેસબુકના માધ્યમથી થવાનું છે અંદાજિત ૨૫,૦૦૦ થી પણ વધુ સંશોધકો ટોચના ૧૮ વૈજ્ઞાનિકો ના જ્ઞાનનો લાભ મેળવવાના છે આ વિજ્ઞાન યાત્રા ગુજરાત વિજ્ઞાન સંમેલન ૨૦૨૪ના ભાગરૂપે નિશુલ્ક થવાની છે અને ભાગ લેનાર તમામ સંશોધકોને સર્ટિફીકેટ એનાયત કરવામાં આવશે.

### વિજ્ઞાનની યાત્રામાં ભારતીય વૈજ્ઞાનિકો, વિવિધ સંસ્થાઓનાં સંશોધકો જોડાશે

વિજ્ઞાનની આ યાત્રા ભારતીય વૈજ્ઞાનિકો, વિવિધ પ્રતિષ્ઠીત સંસ્થાઓનાં ફેકલ્ટીઓમાં અને સંશોધકો દ્વારા થવા જઈ રહ્યું છે. જેમાં ડો. વિશાલ જોષી (વૈજ્ઞાનિક, ખગોળ વિજ્ઞાન અને ખગોળ ભૌતિકી વિભાગ, પી. આર. એલ. અમદાવાદ), ડો. વી. ગણેશન (ડીન રીસર્ચ, Medi-Caps યુનિવર્સિટી, ઈન્દોર અને પૂર્વ ડાયરેક્ટર, UGC-DAE CSR. ઈન્દોર), ડો. સુધીન્દ્ર રાયપ્રોલ (સાયન્ટીસ્ટ-C, UGC-DAE CSR, મુંબઈ સેન્ટર, BARC, મુંબઈ), આ રામચરણ મીના (સાયન્ટીસ્ટ-ઉ, મટીરીયલ સાયન્સ ગ્રુપ, IUAC, નવી દિલ્હી), ડો. પંકજ પોદાર (વૈજ્ઞાનિક, ફીઝીકલ અને મટીરીયલ્સ વિભાગ, NCL, પુણે), ડો. નરેન્દ્ર જાખર (આસીસ્ટન્ટ પ્રોફેસર, ભૌતિક શાસ્ત્ર ભવનનાં, જયપુર યુનિવર્સિટી, રાજસ્થાન), ડો. અર્ચના લાખાણી (સાયન્ટીસ્ટ-C, UGC-DAE CSR, ઈન્દોર), ડો. ધીરજકુમાર સિંહ (એસોસીએટ પ્રોફેસર, સ્કૂલ ઓફ નેનો સાયન્સ, CUG, ગાંધીનગર), ડો. સત્યબ્રતા મહોપાત્રા (આસીસ્ટન્ટ પ્રોફેસર, નેનો અને ટેકનોલોજી, અધ્યક્ષ મલ્ટીફન્કશનલ નેનો મટીરીયલ્સ લેબ, ગુરુ ગોવિંદસિંહ ઈન્દ્ર પ્રસ્થ યુનિવર્સિટી, નવી દિલ્હી), પ્રો. કૃષ્ણા માવાણી (પ્રોફેસર, ભૌતિક શાસ્ત્ર ભવન, IIT, ઈન્દોર), ડો. મુકેશ રંજન (સાયન્ટીફિક ઓફિસર-G, FCIPT, IPR, ગાંધીનગર), પ્રો. ધનવીરસિંહ રાણા (પ્રોફેસર, ભૌતિક શાસ્ત્ર ભવન, ISER, ભોપાલ), પ્રો, પવનકુમાર કુલરીયા (પ્રોફેસર, સ્કૂલ ઓફ ફીઝીકલ સાયન્સ, JNU, નવી દિલ્હી), ડો. બાલાસુબ્રમણીયમ સી. (સાયન્ટીફિક ઓફિસર-F, FCIPT, IPR, ગાંધીનગર), ડો. વિપુલ ખેરજ (એસોસીએટ પ્રોફેસર, ભૌતિક શાસ્ત્ર ભવન, SVNIT, સુરત), ડો. વૈભવ કુલશ્રેષ્ઠ (પ્રિન્સિપાલ સાયન્ટીસ્ટ, CSMCRI, ભાવનગર), ડો. શુભદીપ નેઓગી (પ્રિન્સિપાલ સાયન્ટીસ્ટ, CSMCRI, (ભાવનગર) નું વિદ્યાર્થીઓને તથા વિજ્ઞાન ચાડકોને માર્ગદર્શન મળવાનું છે.

# ૨૦૩૫ સુધીમાં ભારત સ્પેસ સ્ટેશન બનાવી આકાશમાં "અવકાશી" રોજીની વિપુલ તકો ઊભી કરશે

## સ્પેસ સ્ટેશન અંતરિક્ષથી પૃથ્વી પર સતત નજર રાખી શકાય છે, અંતરિક્ષમાં જનારા યાત્રી સ્પેસ સ્ટેશન પર રહીને અલગ અલગ પ્રકારના રિસર્ચ કરે છે

### કન્સેપ્ટ અને ડિઝાઇન

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન એ વિશ્વની પાંચ મુખ્ય અવકાશ સંશોધન એજન્સીઓની સંશોધન પ્રયોગશાળા છે - યુએસ નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન, યુરોપિયન સ્પેસ એજન્સી, જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી, કેનેડિયન સ્પેસ એજન્સી અને રશિયા. આ સ્પેસ સ્ટેશનનો ઉપયોગ અને વારસો આંતરરાષ્ટ્રીય કરારો અને સંધિઓ દ્વારા સંચાલિત થાય છે. તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં અત્યાર સુધીનો સૌથી મોટો અને સૌથી વધુ રહેવા યોગ્ય કૃત્રિમ ઉપગ્રહ છે, જે માઈક્રોગ્રેવિટીમાં સંશોધન કરવા માટે રચાયેલ છે. તેની કિંમત આશરે ૧૦૦-૧૬૦ અબજ ડોલર હોવાનો અંદાજ છે. કોઈ પણ દેશ માટે આટલી મોટી રકમના ખર્ચનો પ્રોજેક્ટ એકલા હાથે મેનેજ કરવો મુશ્કેલ છે. તેથી તેને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ તરીકે અને પાંચ દેશોના સંકલન યોજના હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે. પાંચ દેશો ઉપરાંત યુરોપિયન યુનિયનના અન્ય ૧૧ દેશોની અવકાશ સંશોધન સંસ્થાઓ પ્રયોગો કરવા માટે આ સ્પેસ સ્ટેશનનો ઉપયોગ કરી શકે છે.

### ૩ બિલિયન ડોલરનો વર્ષે ખર્ચ

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન દર વર્ષે આશરે ડોલાર ૩ બિલિયનનો ખર્ચ થાય છે, જે નાસાના વાર્ષિક માનવ અવકાશ ઉડાન બજેટના લગભગ એક તૃતીયાંશ છે, અને જ્યારે વર્તમાન યોજનાઓ ૨૦૨૪ માં સ્ટેશનની નિવૃત્તિ માટે કહે છે, ત્યારે વિસ્તરણની સંભાવના છે.જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૬ થી નાણાકીય વર્ષ ૨૦૨૦ સુધી એકંદર સિસ્ટમના સંચાલન અને જાળવણી ખર્ચ દર વર્ષે આશરે ડોલર ૧.૧ બિલિયન પર સ્થિર રહ્યા હતા, ત્યારે નિકલ-હાઈડ્રોજનને બદલવા જેવા નોંધપાત્ર ફેરફારોને કારણે, સમાન પાંચ વર્ષના સમયગાળામાં સિસ્ટમ અપગ્રેડ ખર્ચમાં ૩૫% થી વધુનો વધારો થયો છે. ના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૦ માં આશરે ડોલર ૧૬૯ મિલિયન વધીને. વધુ કાર્યક્ષમ લિથિયમ-આયન બેટરીવાળી બેટરી.



**અબતક, રાજકોટ**

ભારતે ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર અવકાશયાત્રી મોકલવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. "વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અવકાશ વિભાગને સૂચનાઓ જારી કરી છે, જેમાં ૨૦૩૫ સુધીમાં સ્પેસ સ્ટેશનનું આયોજન પણ સામેલ છે," સરકારે મંગળવારે જણાવ્યું હતું.

ઓગસ્ટમાં રશિયાના ચંદ્રયાન જેવા મિશનની નિષ્ફળતાના થોડા જ દિવસો બાદ, ભારત ચંદ્રના વણશોધાયેલા દક્ષિણ ધ્રુવની નજીક અવકાશયાન લેન્ડ કરનાર પ્રથમ દેશ બન્યો અને ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરનાર વિશ્વનો ચોથો દેશ પણ બન્યો. આ પછી, ભારતની અવકાશ મહત્વકાંક્ષાઓને મોટું પ્રોત્સાહન મળ્યું.

સ્પેસ સ્ટેશન એક ઉપકરણ હોય છે જેનાથી અંતરિક્ષમાં સ્થાપિત કરવામાં આવે છે. સ્પેસ સ્ટેશન અંતરિક્ષથી પૃથ્વી પર સતત નજર રાખી શકાય છે. અંતરિક્ષમાં જનારા યાત્રી સ્પેસ સ્ટેશન પર રહીને અલગ અલગ પ્રકારના રિસર્ચ કરે છે. સ્પેસ સ્ટેશ ધરતીના આર્બિટમાં ચક્કર લગાવતા રહે છે. એક એસ્ટ્રોનોટ્સ અંતરિક્ષમાં સામાન્ય રીતે છ મહિના રહે છે. સ્પેસ સ્ટેશન પર એક સમયમાં ૬થી ૭ એસ્ટ્રોનોટ્સ રહે છે. તેમના પાછા આવ્યા બાદ એસ્ટ્રોનોટ્સના બીજા દળો મોકલવામાં આવે છે. ઈન્ટરનેશનલ સ્પેસ સેન્ટરને ૧૫ દેશો સાથે મળીને બનાવ્યું હતું.

ઈસરોએ જણાવ્યું હતું કે સ્પેટ સ્ટેશન ૨૦ ટનનું હશે. જ્યારે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનનું વજન ૪૫૦ ટનથી વધારે છે. જ્યારે ચીની સ્પેસ સ્ટેશનનું વજન ૮૦ ટનનું છે. ઈસરોએ જણાવ્યું કે ભારતીય સ્પેસ સ્ટેશનમાં એક સાથે ૪-૫ એસ્ટ્રોનોટ્સ રહી શકશે. ભારતીય સ્પેસ સ્ટેશનને પૃથ્વીની બહાર નીચલી ઓર્બિટમાં રખાશે. આ અર્બિટને એલઈઓ કહેવાય છે. જે આશરે ૪૦૦ કિલોમીટર દૂર સ્થિત રહેશે. તિરુવનંતપુરમમાં વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર ખાતે એક સભાને સંબોધતા મોદીએ જાહેરાત કરી હતી કે ૨૦૩૫ સુધીમાં ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન હશે અને તે સ્પેસ સેક્ટરનું કોમર્શિયલ હબ પણ બનશે.૨૦૩૫ સુધીમાં, ભારતનું અવકાશમાં પોતાનું સ્પેસ સ્ટેશન હશે જે અમને અવકાશના અજાણ્યા વિસ્તરણનો અભ્યાસ કરવામાં મદદ કરશે. અમૃત કાલના આ સમયગાળામાં, ભારતીય અવકાશયાત્રીઓ આપણા પોતાના રોકેટ દ્વારા ચંદ્રની સપાટી પર ઉતરશે. મોદીની જાહેરાત મહત્વની ધારણા કરે છે કારણ કે ચીનનું સ્વ-નિર્મિત સ્પેસ સ્ટેશન ૨૦૨૨ ના અંત સુધીમાં સંપૂર્ણ રીતે કાર્યરત થવાનું છે, જેમાં ૪૫૦ કિમી સુધીની ભ્રમણકક્ષાની ઊંચાઈએ ત્રણ અવકાશયાત્રીઓનું આયોજન કરવામાં આવશે.ઈસરો બાસના એકંદર રૂપરેખાંકન પર કામ કરી રહ્યું છે અને તબક્કાવાર રીતે સ્ટેશનને એસેમ્બલ કરવાની યોજના ધરાવે છે. આ માટે, વિવિધ મોડ્યુલો અને તેના સંબંધિત લોન્ચની અનુભૂતિ માટે સંભવિત રોડમેપ વિકસાવવામાં આવી રહ્યો છે. સ્પેસ સ્ટેશન સ્થાપવા માટે ભંડોળની ફાળવણી શક્યતા અભ્યાસ પૂર્ણ થયા પછી માંગવામાં આવશે અને દરખાસ્તને યોગ્ય તબક્કે ઔપચારિક સરકારી મંજૂરી માટે મૂકવામાં આવશે.

### ડિજિટલ ઈન્ડિયા

# નાના વેપારીઓ માટે નેટ બેન્કિંગ બનશે સરળ

## આ સિસ્ટમ શરૂ થવાથી વેપારીઓના ફંડ સેટલમેન્ટ ઝડપથી થઈ શકશે

**અબતક, નવીદિલ્હી**

ઈન્ટરનેટ બેન્કિંગમાં મોટો બદલાવ આવવાનો છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ઈન્ટરનેટ બેન્કિંગમાં ઈન્ટરઓપરેબલ પેમેન્ટ સિસ્ટમ દાખલ કરવાની મંજૂરી આપી છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે સોમવારે જણાવ્યું હતું કે ઈન્ટરનેટ બેન્કિંગ માટે આઈપીએસ આ વર્ષથી લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું કે અમે એન.પી.સી.આઈ ભારત બિલ પે લિમિટેડને ઈન્ટરઓપરેબલ સિસ્ટમ લાગુ કરવા મંજૂરી આપી છે. ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે ઈન્ટરનેટ બેન્કિંગમાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ્સ માટે ઈન્ટરઓપરેબિલિટી વર્ષ ૨૦૨૪માં




જ લાગુ કરવામાં આવશે. આનાથી વેપારીઓ માટે ઘણી સરળતા રહેશે. આ સિસ્ટમ શરૂ થવાથી વેપારીઓના ફંડ સેટલમેન્ટ ઝડપથી થઈ શકશે. હાલમાં, ઈન્ટરનેટ બેન્કિંગ વ્યવહારોની પ્રક્રિયા પેમેન્ટ એગ્રીગેટર્સ દ્વારા કરવામાં આવે છે. તેમાં ઈન્ટરઓપરેબિલિટીની સુવિધા નથી. આના કારણે, બેંકે અલગ-અલગ ઓનલાઈન વેપારીઓના પેમેન્ટ એગ્રીગેટર્સ સાથે એકીકૃત થવું પડશે. આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે હાલમાં પેમેન્ટ એગ્રીગેટર્સ દ્વારા કરવામાં આવતા બેંકિંગ વ્યવહારો ઈન્ટરઓપરેબલ નથી. દેશમાં ઘણા પેમેન્ટ એગ્રીગેટર છે, તેથી દરેક બેંકને દરેક પેમેન્ટ એગ્રીગેટર સાથે એકીકૃત કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દેશમાં સામાન્ય ચુકવણી પ્રણાલીના અભાવ અને આવા વ્યવહારો માટે નિયમોના અભાવને કારણે, વેપારીઓને ચુકવણીની પ્રાપ્તિમાં વિલંબનો સામનો કરવો પડે છે. શક્તિકાંત દાસે કહ્યું કે ઈન્ટરઓપરેબલ પેમેન્ટ સિસ્ટમના કારણે સેટલમેન્ટનું જોખમ પણ ઘટાડી શકાય છે.

# આમ આદમી પાર્ટી ૧૮ વર્ષથી મોટી ઉંમરની મહિલાઓને માસિક રૂ.૧૦૦૦ની સહાય આપશે

## લોકસભા ચૂંટણી પૂર્વે કેજરીવાલ સરકારની દિલ્હી માટે બજેટમાં મહત્વની જોગવાઈ : મહિલા સન્માન યોજના માટે રૂ.૨૭૧૪ કરોડ ફાળવ્યા

**અબતક, નવી દિલ્હી**

લોકસભાની ચૂંટણી આવી રહી છે અને દરેક પક્ષો મતદાતાઓને રિઝવવા માટે નવી નવી યોજનાઓ લાવી રહ્યા છે. આ ક્રમમાં નવી દિલ્હીની કેજરીવાલ સરકાર પણ પાછળ નથી. તેમણે પણ મહિલાઓ માટે સન્માન યોજનાની જાહેરાત કરી છે.

દિલ્હીના નાણા પ્રધાન આતિશી માર્લેનાએ સોમવારે વિધાનસભામાં પોતાનું ૧૦મું બજેટ રજૂ કર્યું હતું. નાણાપ્રધાન આતિશીએ દિલ્હી માટે ૭૬૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું. બજેટ રજૂ કરતી વખતે તેમણે ઘણી મોટી જાહેરાતો કરી હતી દિલ્હીની મહિલાઓ માટે 'મુખ્ય પ્રધાન મહિલા સન્માન' યોજના પણ બજેટમાં રજૂ કરવામાં આવી હતી. આ યોજના



અંતર્ગત આમ આદમી પાર્ટી સરકાર ૧૮ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને દર મહિને ૧૦૦૦ રૂપિયા આપશે. આતિશીએ કહ્યું હતું કે આપ સરકારે આ યોજના માટે ૨૭૧૪ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આ રકમ મુખ્ય પ્રધાન મહિલા સન્માન યોજના હેઠળ આપવામાં આવશે. નાણા પ્રધાનની આ જાહેરાત બાદ વિધાનસભામાં આમ આદમી પાર્ટીના તમામ વિધાન સભ્યોએ 'અરવિંદ કેજરીવાલ ઝિંદાબાદ'ના નારા લગાવ્યા હતા.નોંધનીય છે કે મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે રાજ્યની મહિલાઓ માટે લાડલી બહેના યોજના શરૂ કરી હતી, જેમાં તેમણે રાજ્યની તમામ મહિલાઓને પહેલા ૧૦૦૦ રૂપિયા પછી ૧,૨૫૦ રૂપિયા અને પછી ૩,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. આ યોજના પાંચ માર્ચ, ૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ શિવરાજ સિંહ ચૌહાણે દરેક મહિલાઓના ખાતામાં એક-એક હજાર રૂપિયા મોકલવાનું શરૂ કર્યું હતું. કંઈક એ જ તર્જ પર દિલ્હીની આપ સરકાર 'મુખ્ય પ્રધાન મહિલા સન્માન' યોજના લઈને આવી છે.

# પીજીવીસીએલના અધિક્ષક ઈજનેરની તાનાશાહી અને જોહુકમી સામે ઈજનેરોમાં રોષ: આંદોલનના મંડાણ

## ૧૮ થી ૨૭ સુધી સૂત્રોચ્ચાર , કાળી પટ્ટી ધારણ ,પ્રતીક ધરણાં કરશે..: ૨૮ થી અનિશ્ચિત મુદતની હડતાળ માટે જીબીઆ સજજ

**અબતક, જામનગર**

જીઈબી એન્જિનિયર્સ એસોસિએશન દ્વારા ૧૫ દિવસ પહેલા તાજેતરમા થયેલા નાયબ ઈજનેરોના બદલીના ઓર્ડરો રદ કરવા, વીજચેકિંગમાં પેટા વિભાગીય કચેરીના ઈજનેરો ઉપર વધુ પડતું દબાણ જેવા વિવિધ પ્રશ્નો બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આજે ૧૫ દિવસ જેટલો સમય વીતી ગયા પછી પણ એક પણ પ્રશ્નોનું નિવારણ ન આવતાં નાછૂટકે જીઈબી એન્જિનિયર્સ એસોસિએશન દ્વારા આંદોલન કરવાની ફરજ પડી છે.ગઈકાલે જામનગર ખાતે જીબીઆની જનરલ બોડી

**ચેકીંગ માં ઈજનેરો પર હુમલા , સ્ટાફનો અભાવ સહિતના પ્રશ્નો નો ઉકેલ ન આવતા રોષ..**





મીટીંગ નું આયોજન જનરલ સેક્રેટરી એમ એમ કડછાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.જેમા જીબીઆના હોદેદારો જામનગર ખાતે ગુજરાતભરમાથી તથા જામનગરના ઈજનેરો મોટી સંખ્યા ઉપસ્થિત રહયા હતા. જનરલ બોડી મીટીંગમા થયેલા ઠરાવ અન્વયે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા.

જેમાં સંદેશાવ્યવહારની સરળતા માટે બનાવેલા વોટ્સએપ ગ્રુપ હાલમાં માનસિક ત્રાસરૂપી બની ગયેલા હોવાથી બધા જ ઈજનેર મિત્રો વોટ્સએપ ગ્રુપમાંથી બહાર નીકળી ગયેલા છે.

હવે પછી અઠવાડિયામાં બે ડિવિઝન વીજ ચેકિંગ ડ્રાઈવ અને એક સર્કલ વીજચેકિંગ ડ્રાઈવ પોલીસ પ્રોટેક્શન સાથે કરીશું.તાજેતરમાં નાયબ ઈજનેરના વિનંતીથી બદલીના થયેલા બિન કાયદેસર ઓર્ડરો જ્યાં સુધી રદ નહીં થાય ત્યાં સુધી અમારી લડત ચાલુ રહેશે. હવે પછી આંદોલાત્મક કાર્યક્રમો કાળી પટ્ટી ધારણ કરવી,પ્રતિક ધરણા તથા જરૂર પડીએ અચોકકસ મુદ્દતની હડતાલ પણ પાડવામા આવશે.

ઉપસ્થિત રહેલ જીબીઆના હોદેદારો અમરેલીથી શ્રી એમ.એમ કડછા,કે.બી પોકીયા, આર.એન માંડાણી, એન.એમ ભવાની અને રાજકોટથી કે.એસ કાતરીયા,શ્રી પી.પી ભારદ્વાજ, જે.આર મારડીયા, એસ.એમ પટેલ તથા જામનગરના સ્થાનીક હોદેદારો સર્વે શ્રી એ.એમ સોઢીયા, એસ.એસ અરોરા, એ.કે પરમાર, એચ.એચ વૈરુ, એન.એચ વિસાના, કે.આર ભાલીયા, એચ.એસ કંડોરિયા, જી.એ બોડા, વી.વી ભેંસદડીયા દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. અને જીબીઆના મજબૂત સંગઠનના આબેહૂબ દર્શન થયા હતા.

# સરકારી પુસ્તકાલય બન્યુ રૂ.૧ કરોડના ખર્ચે ‘સ્માર્ટ લાઈબ્રેરી’

## લાઈબ્રેરીનું કાલે સાંસદ પુનમબેન માડમના હસ્તે લોકાર્પણ: લાઈબ્રેરીમાં ૭૦ હજારથી વધુ પુસ્તકો, સાઉન્ડપ્રુફ કોન્ફરન્સ રૂમ, સિનિયર સિટિઝન વિભાગ, આધુનિક કોમ્પ્યુટર સાથે ઈ-લાઈબ્રેરી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ

**અબતક,જામનગર**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતઓ વિભાગ, ગ્રંથાલય ખાતા હસ્તકની સરકારી જિલ્લા પુસ્તકાલય- જામનગર તા. ૧૪-૦૩-૧૯૬૨ થી જામનગરની જાહેર જનતા માટે કાર્યરત છે. આ લાઈબ્રેરીને વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂા. એક કરોડના ખર્ચે સ્માર્ટ લાઈબ્રેરી બનાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે. આવતી કાલે નવી બનેલ સ્માર્ટ લાઈબ્રેરી તથા ઈ-લાઈબ્રેરી નું ઉદઘાટન સંસદ પૂનમબેન માડમના હસ્તે સવારે ૧૦:૦૦કલાકે કરવામાં આવશે.

નવી બનેલી સ્માર્ટ લાઈબ્રેરીમા અનેક વિધ સુવિધાઓ જેમકે







**પુસ્તક આપે- લે વિભાગ :-** આ વિભાગમાં ગુજરાતી,હિન્દી અને અંગ્રેજી ભાષાના સિત્તેર હજાર થી વધુ તમામ પુસ્તકોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલું છે.

વાચકોને વધારે પુસ્તકોનો ખજાનો શોધવા કોમ્પ્યુટરમાં (ઓપેક) સીસ્ટમની સુવિધા.

**વિદ્યાર્થી વાચનાલય વિભાગઃ-** વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ રૂમોની બેઠક વ્યવસ્થા. તમામ ફર્નિચર નવું અને આધુનિક મૂકવામાં આવેલું છે. ઉપરોકત રૂમમાં ૮,૦૦૦ થી વધારે સ્પર્ધાત્મક પરિક્ષાને લગતા પુસ્તકોની વ્યવસ્થા રાખવામાં આવી છે.

**સંદર્ભ વિભાગઃ-** આ વિભાગમાં પી.એચ.ડી.તથા ઉચ્ચ અભ્યાસમાં સંસોધન કાર્યમાં મદદરૂપ થાય તેવા ૨,૦૦૦ થી વધારે પુસ્તકોની વ્યવસ્થા કરવામાં આવી છે.બાળ વિભાગઃ- નાના બાળકો માટે બાળ પુસ્તકો સાથે નવા ફર્નિચર ની વ્યવસ્થા ઉભી કળવામાં આવી છે.સર્કિંગ ઝોન વિભાગ :- આધુનિક કોમ્પ્યુટર સાથે પુસ્તક-વાચન માટેની ઈ-લાઈબ્રેરીની વ્યવસ્થા.

**સિનિયર સિટીજિન વિભાગઃ-** ૧૫ થી વધારે ન્યુઝ પેપર અને ૪૦ થી વધારે મેગેઝીન સાથે આરામદાયક ફર્નિચરની વ્યવસ્થા.

**એ.વી.રૂમ વિભાગઃ-** ૮૩ નું સ્માર્ટ ડીઝીટલ ટીવી એસી સાથે સાઉન્ડપ્રૂફ કોન્ફરન્સ રૂમ ની વ્યવસ્થા રાખવામાં આવી છે.

**સી.સી.ટી.વી. કેમેરા :-** ૨૦ થી વધારે સી.સી.ટી.વી. કેમેરાથી લાયબ્રેરી સુરક્ષિત કરવામાં આવેલ છે.

પુસ્તકાલયના તમામ વિભાગોમાં આકર્ષિત દિવાલોમાં રંગરોગાન, પુરતી એલઈડી લાઈટો, પંખાઓ, આર.ઓ. પ્લાન સાથે પીવાના પાણી માટે ના કુલર ની વ્યવસ્થા, લાઈબ્રેરીના બહારના કમ્પાઉન્ડમાં સિમેન્ટ બાકડાની બેઠક વ્યવસ્થા કરવામાં આવેલ છે. અત્યાધુનિક લાઈબ્રેરીની સુવિધાથી જામનગરના વિદ્યાર્થીઓ તેમજ વાચકોને ઘણો ફાયદો થશે.

# માવઠાનો હાઉ હટતાં હાપા યાર્ડમાં જણસીની જબરી આવક

## ૯૩૯ ખેડૂતો ખેતપેદાશો વેચવા આવતા યાર્ડમાં ૬૧,૩૦૭ મણ જણસીની આવક નોંધાઇ

**અબતક, જામનગર**

માવઠાની આગાહી બાદ ખેડૂતો હવે પોતાની જણસો વહેંચવા માટે માર્કેટિંગ યાર્ડ તરફ દોડી રહ્યા છે. ત્યારે જામનગરના માર્કેટિંગ યાર્ડમાં સૌથી વધુ આવક નોંધાય છે. આજે છેલ્લા કેટલાક દિવસની સરખામણીએ રેકોર્ડ બ્રેક કહિ શકાય તેટલી જામનગર યાર્ડમાં જણસોની આવક નોંધાઈ હતી. ૯૩૯ ખેડુતો ખેતનપેદાશો વેચવા માટે આવતા યાર્ડમાં ૬૧,૩૦૦૭ મણ જેટલી આવક નોંધાઈ હતી.





સૂકા મરચાની આવકમાં મોટા પાયે વધારો નોંધાઈ રહ્યો છે છેલ્લા કેટલાક સમયથી સુકા મરચાની હરાજી જામનગર યાર્ડમાં થતી ન હતી. જે હવે શરૂ થતા આજે ૧૭,૫૦૦ જેવી રેકોર્ડ બ્રેક આવક થઈ હતી સાથે તેના ભાવ ૧૨૦૦ રૂપિયાથી લઈ રૂા. ૪,૯૬૦ રૂપિયા જેવા રહ્યા હતા ઉપરાંત જીરુંની પણ સીઝન હોવાથી સારી એવી આવક નોંધાઈ રહી છે આજે ૩૦૦૦ રૂપિયાથી લઈ રૂ. ૫,૨૦૦ ૫ રૂપિયાના ભાવે જીરૂ વેચાયું હતું અને ૬,૫૦૦ મણ જેટલી જીરુંની જામનગર યાર્ડમાં આવક નોંધાઈ હતી.

બીજી તરફ સફેદ સોના સમાન કપાસની ૭,૮૬૫ પણ આવક થઈ હતી અને કપાસના ભાવ ૧૧૦૦ થી ૧૬૦૦ રૂપિયા જેવા રહ્યા હતા. આ ઉપરાંત લસણના ભાવ ૮૦૦ રૂપિયાથી ૨૩૮૫ રૂપિયા જેવા રહ્યા હતા અને આજે ૧૮૮૪ મણ લસણ ઠલવાયુ હતું. વધુમાં ૯૫૦ રૂપિયાથી લઇ ૧૧૪૦ રૂપિયા જેવા મગફળીના ભાવ રહ્યા હતા અને ૯૦૭ મણ જેટલી મગફળીની જામનગર યાર્ડમાં આવક થઈ હતી. તે જ રીતે રાયડોના ભાવ ૮૦૦ રૂપિયાથી લઈને ૯૬૩ રૂપિયા જેવા રહ્યા હતા અને ૩૪૫૮ મણ જેટલી રાયડોની આવક નોંધાઈ હતી આમ ૬૧૩૦૭ મણ જેટલી જણસું આજે જામનગર યાર્ડમાં ઠલવાઈ હતી.

# બેડી: સરકારી જમીનમાં ડિમોલીશન અટકાવવા માંગેલી દાદ નામંજુર

## દબાણગ્રસ્તને સમય આપતા અદાલતે સરકાર ત્થા અધિકારીઓ ને વળતર ચુકવી આપવાનો હુકમ કર્યો

**અબતક, જામનગર**

જામનગર મા લેન્ડ ગ્રેબીંગ વાળી જગ્યામાં પાડતોડ નહી કરવા માટે ની અરજી અદાલતે રદ કરી સમય અને નાંણા નો વ્યય કરવા અંગે સરકારી અધિકારીઓ ને વળતર ચૂકવવા નો અરજદારણ ને અદાલતે આદેશ કર્યો છે.

જામનગર નાં બેડી માં આવેલ સરકારી જગ્યા લેન્ડગ્રેબ કરી તેના પર મકાન બાંધવા અન્વયે બેડીમાં રહેતા રજાકભાઈ નુરમામદભાઈ સાઈચા સામે લેન્ડગ્રેબીંગ ની ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવતા રજાકભાઈ નુરમામદભાઈ સાંઈચા ગુન્હાના કામે જેમાં હોય તેઓની પત્ની શબીરાબેન રજાકભાઈ ત્થા તેમના સંતાનો દ્વારા ગુજરાત રાજ્ય, કલેકટર, પ્રાંતઅધિકારી, મામલતદાર, ડી.એસપી., કમિશ્નર, ત્થા ટાઉનપ્લાનીંગ સામે તેઓએ સરકાર ની જગ્યા ઉપર બનાવેલ મકાનમાં તોડી ન પાડે તે બાબતનો હુકમ માંગતો દાવો દાખલ કરેલ હતો.

આ કેસમાં જામ.મહા.પાલીકા તરફે વિરલ રાચ્છ ત્થા સરકાર ત્થા સરકારી અધિકારીઓ તરફે સરકારી વકીલ ધર્મેન્દ્ર એ. જીવરાજાની ત્થા હેમેન્દ્ર મહેતા હાજર થયેલ હતા. અને તેઓ દ્વારા આ કેસ રદ કરવા પાત્ર હોય કારણ કે, સૌ પ્રથમ આ દાવાનું કારણ વાદીના જણાવ્યા મુજબ લેન્ડગ્રેબીંગ ની ફરીયાદ થી ઉદભવેલ હોય તેથી હાલનો દાવો સાંભળવા માત્ર સ્પેશ્યલ કોર્ટ ને હકૂમત છે, વાદી દ્વારા શેડ્યુલ-અ માં જે મિલકત દશાવેલ છે તે મિલકત સરકાર દ્વારા કરવામાં આવેલ પાડતોડની કાર્યવાહી વાળી જગ્યા ન હોય અને વાદીએ શેડયુલમાં દશાવેલ જગ્યા કોઈ અલગ જ જગ્યા હોય કારણ કે, સરકાર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીના તમામ પ્રોસીડીંગ જોતા દાવા વાળી જગ્યા અલગ હોય અને કોર્ટ ને ગેરમાર્ગે દોરી, ભ્રામકતા ઉભા કરવાના પ્રયત્ન કરેલ હોય ત્થા હાલના દાવાનું કોઝ સરવાઈવ થતું ન હોય તેથી ઉપરોકત કાયદાકીય જોગવાઈ હેઠળ વાદીઓનો દાવો ટકાવાપાત્ર ન હોય ત્થા રદ કરવા દલીલ કરેલી ત્થા દલીલોને લગત વિવિધ હાઈકોર્ટ ના ચુકાદાઓ ટાંકેલ હતા.

બન્ને પક્ષોની લંબાણપુર્વક ની દલીલો સાંભળી બીજા એડીશ્નલ સીનીયર સિવિલ જજ એમ.એચ.ખેર એ સાંઈચા પરીવાર નો દાવો પ્રથમ તબ્બકે જ રદ કરી વાદીઓ એ અદાલતનો કિંમતી સમય અને શકિતને વેડફેલ હોય તેમજ પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓ સરકાર ત્થા સરકારી અધિકારીઓ હોય અને તેઓના કિંમતી સમય અને નાંણાનો વ્યય કરવામાં આવેલ હોય, પ્રતિવાદી નં. ૧ થી ૭ ના ઓને ખાસ વળતર તરીકે દરેક પ્રતિવાદી દીઠ રૂ.૨૦૦૦ હુકમ ની તારીખ થી ૩૦ દિવસ માં ચુકવી આપવા અંગેનો શબીરાબેન રજાકભાઈ સાંઈચા ને હુકમ કરેલ છે.આ કેસમાં જામ.મહા.પાલીકા તરફે વિરલ રાચ્છ ત્થા સરકારી અધિકારીઓ તરફે સરકારી વકીલ ધર્મેન્દ્ર એ. જીવરાજાની ત્થા હેમેન્દ્ર મહેતા રોકાયેલા હતા.

# રામેશ્વરનગરમાં રિક્ષાચાલકની હત્યાનો ભેદ ઉકેલાયો

## ત્રણ આરોપી ઝડપાયા,અન્ય એકની શોધખોળ

### મૃતક ની પત્ની સાથેના મુખ્ય આરોપીના આનૈતિક સંબંધો કારણભૂત આડખીલી રૂપ પતિનું કાસળ કાઢી નાખ્યું હોવાનું સામે આવ્યું

**અબતક, જામનગર**

જામનગરમાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા એક રિક્ષાચાલક યુવાનના માથા પર તિક્ષણ હથીયાર ના ઘા ઝીંકી દઈ હત્યા નીપજાવાઈ હતી, જે હત્યા પ્રકરણ નો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા સાંપડી છે, અને ત્રણ આરોપીઓની અટકાયત કરી લીધી છે, જયારે એક આરોપીની શોધખોળ ચલાવવામાં આવી રહી છે. મૃતકની પત્ની સાથે મુખ્ય આરોપી આનૈતિક સંબંધ ધરાવતો હતો, જેમાં આડ ખીલી રૂપ મનાતા પતિનું કાસળ કાઢી નાખ્યા નું સામે આવ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં રામેશ્વર નગરમાં રહેતા પ્રતાપભાઈ બાબુભાઈ મકવાણા નામના ૩૦ વર્ષના રિક્ષાચાલક યુવાન પર ત્રણ દિવસ પહેલાં કોઈ અજાણ્યા શખ્સોએ તિક્ષણ હથીયાર ના ઘા ઝીંકી દેતાં તેને લોહી નીતરતી હાલતમાં ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજતાં આ બનાવ હત્યામાં પલટાયો હતો.

પોલીસ દ્વારા મૃતકનું પોસ્ટ મોર્ટમ કરાવાયું હતું, જેમાં તેને તીક્ષણ હથીયાર વડે હુમલો કરાયો હોવાથી તેનું મૃત્યુ નીપજયું હોવાનુ તારણ નીકળ્યું હતું.

જેથી પોલીસે મૃતકના ભાઈ મનસુખભાઈ મકવાણા ની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે હત્યા અંગેનો અપરાધ નોંધ્યો હતો, અને આરોપીઓને શોધવા માટે જુદા જુદા વિસ્તારના સીસીટીવી કેમેરાઓ ચકાસવાનુ શરૂ કર્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન મૃતક ની પત્ની સાથે ના અનૈતિક સંબંધો કારણભૂત હોવાનું પોલીસ દ્વારા અનુમાન લગાવાયું હતું અને તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કરાયા હતા. જેમાં પોલીસને સીસીટીવી કેમેરાઓની મદદથી હત્યારા સુધી પહોંચવામાં સફળતા સાંપડી હતી.

જામનગરના નવાગામ ઘેડ માં રહેતા અને જમીન મકાનની લે વેચ કરતા મોહમ્મદ સુલેમાન ભાઈ સફિયા દ્વારા હત્યા કરવાનું ષડયંત્ર ઘડાયું હોવાનું સામે આવ્યું હતું. જે મૃતક ની પત્ની સાથે અનૈતિક સંબંધ ધરાવતો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું, અને તેમાં રીક્ષા ચાલક આળખીલીરૂપ છે તેમ માનીને તેનું કાસળ કાઢી નાખવાનો પ્લાન કર્યો હતો, અને તેણે જામનગરમાં ગોકુલ નગર વિસ્તારમાં રહેતા મોઈન ઉમરભાઈ સફિયા તેમજ રામદેવસિંહ ભીખુભા સોઢા કે જે મૂળ પોળબંદરનો વતની છે, તેમજ જામનગરના અમિત સીતાપરા નામના ત્રણ શખ્સોની મદદથી હત્યા ને અંજામ આપ્યા નું જાણવા મળ્યું હતું.

જે ત્રણ આરોપીઓ દ્વારા પ્રતાપભાઈ ની હત્યા નિપજાવ્યાનું તારણ કાઢીને મુખ્ય સૂત્રધાર મહમદ સફિયા, તેમજ મોઈન સફિયા અને રામસંગ સોઢાની અટકાયત કરી લીધી છે, જ્યારે ચોથા આરોપી અમિત સિતાપરાની શોધખોળ હાથ ધરી છે.

# કોંગ્રેસ ધારાસભ્યો સંભાળી શકતી નથી, ભાજપે ચૂંટણી પ્રચાર પણ શરૂ કરી દીધો

## શક્તિસિંહ ગોહિલ હજી ગુજરાતનું સંગઠન માળખુ પણ જાહેર નથી કરી શક્યા, ભાજપે લોકસભાની ૧૫ બેઠકો માટે ઉમેદવારો ઘોષીત કરી દીધા છે

**અબતક, રાજકોટ**

ભાજપ શા માટે પંચાયતથી લઈ પાર્લામેન્ટ સુધીની ચૂંટણી જીતવામાં સફળ થાય છે અને કોંગ્રેસને સતત નિષ્ફળતા જ હાથ લાગે છે તે વાત પરથી પડદો ઉંચકાય ગયો છે. ભાજપની સતત સક્રિયતા તેને વિજયની વરમાળા પહેરાવે છે. જ્યારે કોંગ્રેસને તેની નિષ્ક્રીયતા નિષ્ફળતાના દલદલમાં ધકેલી રહી છે. કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને પણ સંભાળી શકતી નથી. બીજી તરફ ભાજપે આજથી લોકસભાની ચૂંટણીના પ્રચાર-પ્રસારનો આરંભ કરી દીધો છે. પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત થયાના મહિનાઓ પછી પણ શક્તિસિંહ ગોહિલ ગુજરાતનું સંગઠન માળખુ પણ જાહેર કરી શક્યા નથી. સામા પક્ષે ભાજપે ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકો પૈકી ૧૫ બેઠકો માટે ઉમેદવારોના નામો જાહેર કરી ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. ૧૦-રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા આજે ઉમેદવાર જાહેર બન્યા બાદ પ્રથમવાર રાજકોટ આવી રહ્યા હોય શહેર ભાજપ દ્વારા તેઓના શાહી સ્વાગત સાથે ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફૂંકી દીધું છે.

લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થાય તે પૂર્વ જ જાણે કોંગ્રેસે હાર સ્વીકારી લીધી હોય તેવુ લાગી રહ્યું છે. ગુજરાત વિધાનસભાની ગત ચૂંટણીમાં માત્ર ૧૭ બેઠકો જીતી શકી હતી. પોતાના ૧૭ ધારાસભ્યોને સાચવવામાં પણ કોંગ્રેસ નિષ્ફળ નિવડી છે. અગાઉ ખંભાત અને વિજાપુર બેઠકના કોંગી ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા હતા. દરમિયાન ગઈકાલે કોંગ્રેસના કદાવર નેતા અર્જૂનભાઈ મોઢવાડિયાએ પોરબંદરના ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું.

રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેરે પણ પક્ષ સાથે છેડો ફાડી નાંખ્યો છે. આ બંને પૂર્વ ધારાસભ્યો આજે ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લેશે.

લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં કોઈપણ રાજકીય પક્ષ કે તેનું મજબૂત સંગઠન માળખુ

(અનુ. આઠમા પાને)

### મોઢવાડિયા-ડેર ભાજપમાં જોડાયા

#### આગામી દિવસોમાં હજી કોંગ્રેસની મહત્વપૂર્ણ વિકેટો પડે તેવી પ્રબળ સંભાવના

પોરબંદરના ધારાસભ્ય પદેથી ગઈકાલે અર્જૂનભાઈ મોઢવાડિયાએ રાજીનામું ધરી દીધું હતું. બીજી તરફ રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેરે પણ પંજા સાથે છેડો ફાડી નાખ્યો છે. રાજકોટમાં પણ પૂર્વ કોર્પોરેટર વિજય વાંકે કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું ફગાવી દીધું છે. આજે બપોરે પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા એક ખાસ કાર્યક્રમમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અર્જૂનભાઈ મોઢવાડિયા અને અંબરીશભાઈ ડેર સહિત કેટલાક આગેવાનો અને કાર્યકરો ભાજપમાં જોડાઈ ગયા હતા. વિધાનસભામાં ભાજપ પાસે ૧૫૬ બેઠકોની તોતીંગ લીડ હોવા છતા હરિફ રાજકીય પક્ષોને આંચકા આપવાનો એકપણ તક ભાજપ છોડતું નથી. આગામી દિવસોમાં પણ હજી કોંગ્રેસના કેટલાક નેતાઓ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લ્યે તેવી સંભાવના નકારી શકાતી નથી.

# ગાંધીનગરના કલોલમાં કોલેરાનો હાહાકારઃ એક જ દિવસમાં ૩૬ કેસ

## ત્રિકમનગર, મજૂર હાઉસીંગ સોસાયટીનો ૨ કિ.મી.નો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરાયોઃ ૩૨ ટીમો સર્વે માટે ઉતારાય

**અબતક, રાજકોટ**

ગાંધીનગરના કલોલમાં પાણીજન્ય રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. એક જ દિવસમાં એક જ વિસ્તારમાંથી કોલેરાના ૩૬ કેસો મળી આવતા ૨ કિ.મી.નો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના કલોલમાં છેલ્લા ઘણા દિવસથી પાણીજન્ય રોગ એવા કોલેરાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે તંત્રની ચિંતામાં વધારો થયો છે અને લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. દરમિયાન ગઈકાલે ત્રિકમનગર અને મજૂર હાઉસીંગ સોસાયટી વિસ્તારમાં એક જ દિવસમાં ઝાડા-ઉલ્ટીના ૩૬ કેસ મળી આવ્યા હતા. જે તમામ શંકાસ્પદ કોલેરાના કેસ હોવાનું મનાય રહ્યું છે.

ગાંધીનગર જિલ્લા મેજીસ્ટ્રેટ મેહુલ કે. દવેએ એપીડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭ની કલમ-૨ અન્વયે ત્રિકમનગર અને મજૂર હાઉસીંગ સોસાયટી આજુબાજુના બે કિ.મી. વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. બે મેડિકલ ઓફિસર સાથે ૬૪ પેરામેડિકલ સ્ટાફ સાથે ૩૨ ટીમોને સર્વમાં ઉતારી દેવામાં આવી છે. પાણીના સેમ્પલ લઈ ચકાસણી કરવામાં આવી રહી છે.

# ૧ મહાપાલિકા અને ૧૫ નગરપાલિકામાં વિકાસ કામો માટે રૂ. ૪૫૪ કરોડ મંજુર

## સોમનાથ મંદિર આસપાસના વિસ્તારોના વિકાસ માટે રૂ. ૮.૭૪ કરોડ ફાળવાયા

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસતા નાગરિકોના 'ઈઝ ઓફ લિવિંગ'માં વધારો કરવા શહેરી જન સુખાકારી વૃદ્ધિના વિવિધ વિકાસ કામો માટે ૪૫૩.૭૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવણીની મંજૂરી આપી છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રકમ રાજ્યના પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ બોરસદ, કડી, ચોટીલા, સાવરકુંડલા, વિરમગામ, વેરાવળ- પાટણ સંયુક્ત નગરપાલિકા, વડનગર, રાજુલા, પ્રાંતિજ, સોજીત્રા, દેવગઢબારીયા, હાલોલ, ઉમરેઠ અને બારેજા નગરપાલિકાઓ માટે ફાળવી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યની સ્થાપનાના સ્વર્ણિમ જયંતી વર્ષ અવસરે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં નગરોના સર્વગ્રાહી વિકાસની નેમ સાથે આ યોજના શરૂ કરી હતી.

આ યોજના અન્વયે ૨૦૦૯ થી ૨૦૧૪ ના પાંચ વર્ષના પ્રથમ તબક્કામાં રૂ. ૭ હજાર કરોડ તથા ૨૦૧૨ થી ૨૦૧૭ ના બીજા તબક્કામાં રૂ. ૧૫ હજાર કરોડની જોગવાઈઓ કરવામાં આવી હતી.

ત્યારબાદ ૨૦૧૭ થી ૨૩-૨૪ના વર્ષમાં ઉત્તરોત્તર ગ્રાન્ટની રકમ આ યોજનામાં ફાળવવામાં આવેલી છે. શહેરી જનજીવન સુખાકારીમાં મહત્વનું પ્રદાન કરતી આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ એટલે કે ૨૦૨૬-૨૭ સુધી ચાલુ રાખવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજના માટે આ વર્ષના બજેટમાં રૂ. ૮,૬૩૪ કરોડની જોગવાઈઓ કરેલી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યત્વે ભૌતિક આંતર

(અનુ. આઠમા પાને)

# ઝાલાવાડથી સુજલામ સુફલામ જળ અભિયાનનો આરંભ કરાવતા મુખ્યમંત્રી

## સુરેન્દ્રનગરમાં રૂ.૧૫૮૪.૦૮ કરોડના કુલ ૧૩૧ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ -ખાતમુહૂર્ત, નર્મદાના વહી જતાં પાણીને સૌરાષ્ટ્ર તરફ વાળીને વડાપ્રધાને ખેડૂતોની જિંદગી બદલીઃ ભુપેન્દ્ર પટેલ




**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સુરેન્દ્રનગર ખાતે રૂ.૧૫૮૪.૦૮ કરોડના કુલ ૧૩૧ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ ખાતમુહૂર્ત અને ઉદઘોષણાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૪નો રાજ્યવ્યાપી શુભારંભ પણ કરાવ્યો હતો.પાણીને વિકાસની પ્રાથમિક જરૂરિયાત ગણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, અન્નદાતા અને માતાઓ માટે રોજિંદા જીવનમાં પાણી પહેલી આવશ્યકતા છે. જળ શક્તિનું આ મહત્વ સમજી વડાપ્રધાન એ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ચોમાસું આવે

(અનુ. આઠમા પાને)

# કેબીનેટમાં પીએમનો ગુજરાત પ્રવાસ માવઠાથી નુકશાની સહિતના મુદે ચર્ચા

## બોર્ડની પરીક્ષાના આયોજન અને બજેટના ઝડપી અમલીકરણ પર ભાર મૂકાયો

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે સવારે રાજય સરકારના મંત્રી મંડળના સભ્યોની એક બેઠક મળી હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં આગામી ૧૨મી માર્ચના રોજ ગુજરાતના પ્રવાસ અને કમોસમી વરસાદથી થયેલી નુકશાનીના સર્વે અંગે ચર્ચા કરવામાં આવી હતી.સામાન્ય રીતે દર બુધવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષતામાં કેબીનેટ બેઠક મળતી હોય છે. દરમિયાન આવતીકાલથી રાજય સરકારના વિવિધ કાર્યક્રમો હોવાના કારણે આજે કેબીનેટ બેઠક યોજાઈ હતી જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગામી ૧૨મી માર્ચનાં રોજ ગુજરાતના પ્રવાસ, ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાની તૈયારીઓની સમીક્ષા રાજયમાં પડેલા કમોસમી વરસાદથી થયેલી નુકશાની અને રાજય સરકારના આગામી કાર્યક્રમોને લઈને ચર્ચા કરવામાં આવી હતી.

રાજય સરકારના મંત્રી મંડળની લોકસભાની ચૂંટણીની આચાર સંહિતા પહેલા આ અંતિમ બેઠક હોવાનું મનાય રહ્યું છે. આવતા સપ્તાહે ચૂંટણીની તારીખો જાહેર થઈ જાય તેવી સંભાવના જણાય રહી છે. લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થાય તે પૂર્વે રાજય સરકાર પુરા થયેલા પ્રોજેકટનું લોકાર્પણ કરી દેવા ઈચ્છી રહી છે. જયારે જે પ્રોજેકટના ટેન્ડર મંજૂર થઈ ગયા છે. તે કામો ચાલુ કરી દેવાની પણ તૈયારી કરી રહ્યું છે.

# કાલે ધો.૧૨ના, ગુરૂવારે ધો.૧૦ના પ્રશ્નપત્રો ચૌધરી હાઈસ્કૂલમાં લવાશે

## પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પ્રશ્નપત્રો સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવશેઃ જિલ્લામાં કુલ ૨૮૫૧ બ્લોકમાં કુલ ૮૦,૫૧૦ વિદ્યાર્થી પરીક્ષા આપશે

### ધો.૧૦ની મૂલ્યાંકન કામગીરીમાં જ્ઞાન સહાયકોને પણ જોડવામાં આવશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષાના મૂલ્યાંકનમાં જ્ઞાન સહાયકોને પણ જોડવામાં આવશે. ધોરણ-૧૦માં ભણાવવાનો અનુભવ હોય અને મૂલ્યાંકન કાર્ય કરવા માગતા હોય તેવા જ્ઞાન સહાયકો શાળાના લેટરહેડ પર વિગતો ભરી મૂલ્યાંકન કેન્દ્રના નિયામકને રજૂ કરશે તો તેમને મૂલ્યાંકન કાર્યમાં જોડવામાં આવશે. આ જ રીતે શિક્ષકનું રજિસ્ટ્રેશન થયું હોય, પરંતુ મૂલ્યાંકન કાર્યનો ઓર્ડર થયો ન હોય તેઓ પણ મૂલ્યાંકન કાર્ય કરવા માગતા હોય તો તેમને પણ જોડવામાં આવશે.શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષા ૧૧ માર્ચથી શરૂ થવાની છે. બોર્ડમાં નોંધાયેલી માધ્યમિક શાળાઓ દ્વારા વિષય અને માધ્યમ પ્રમાણે શિક્ષક રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. રજિસ્ટ્રેશન થયેલા વિષય અને માધ્યમને આધારે બોર્ડ દ્વારા વિષય શિક્ષકોને જવાબવહીઓના મૂલ્યાંકન માટેના હુકમો ઓનલાઈન કરવામાં આવ્યા છે. જોકે, હવે બોર્ડ દ્વારા અન્ય સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. જેમાં શિક્ષકનું રજિસ્ટ્રેશન થયેલું હોય, પરંતુ જવાબવહીના મૂલ્યાંકનનો ઓનલાઈન હુકમ ન થયેલો હોય અને જો તે વિષય શિક્ષકને મૂલ્યાંકન કાર્યમાં જોડાવું હોય તો શાળાના આચાર્યના સહી-સિક્કાવાળા લેટરહેડ પર તમામ શૈક્ષણિક વિગતો, અનુભવ, છેલ્લા પગારની સંપૂર્ણ વિગતો દર્શાવી મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રના નિયામકને સુપરત કરવાથી કામગીરીમાં જોડાઈ શકશે.

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ ૧૧ માર્ચથી લેવાનારી બોર્ડની પરીક્ષાની છેલ્લી ઘડીની તૈયારીઓ ચાલી રહી છે. આવતીકાલે એટલે કે તારીખ ૬ માર્ચે ધોરણ ૧૨ના પ્રશ્નપત્રો રાજકોટ લાવવામાં આવશે જ્યારે ૭ માર્ચે ધોરણ ૧૦ના પેપર રાજકોટ લેવાશે.

બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્ર સંભવત ચૌધરી હાઈસ્કૂલમાં સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવશે. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પ્રશ્નપત્રો સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવશે. જિલ્લામાં કુલ ૨૮૫૧ બ્લોકમાં કુલ ૮૦,૫૧૦ વિદ્યાર્થી પરીક્ષા આપશે. બોર્ડની પરીક્ષા માટે શહેરની કરણસિંહજી હાઈસ્કૂલમાં કંટ્રોલરૂમ ઊભો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી પડે તો તેના માટે જિલ્લામાં જુદા જુદા ૧૦ સ્થળએ હેલ્પલાઈન સેન્ટર પણ ઊભા કરવામાં આવ્યા છે. જિલ્લાના તમામ કેન્દ્ર, બિલ્ડિંગ અને બ્લોક સીસીટીવીથી સજ્જ કરી દેવાયા છે. ધોરણ ૧૦ અને ૧૨ બંનેમાં પાંચ-પાંચ ઝોન રાખવામાં આવ્યા છે. પેપર તપાસણી માટેના શિક્ષકોના ઓર્ડરો પણ વિદ્યાર્થીની હોલટિકિટની સાથે જ જાહેર કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. સાથેસાથે પેપરોની તપાસણી માટેના મૂલ્યાંકન કેન્દ્રોને જાહેર કરી દેવામાં આવ્યા છે. શિક્ષણ બોર્ડે વિદ્યાર્થીઓની હોલટિકિટની સાથે સાથે રાજકોટના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની પણ જાહેરાત કરી દીધી છે. ધો.૧૨ સાયન્સના ૪, કોમર્સનું ૧, ધો.૧૦ના ૩ પેપર રાજકોટમાં જોવાશે.


પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ અશ્રુભીની શ્રદ્ધાંજલી



સ્વ. ગીતાબેન મનોજભાઈ સોલંકી
સ્વ.તા. ૦૫/૦૩/૨૦૨૩, રવિવાર (ફાગણ સુદ-૧૩)

રોજ રડી પડે છે આંખો અમારી,
જોઈને પ્રેમાળ તસ્વીર તમારી,
સથવારો આટલા સુધી જ હશે કયાં ખબર હતી,
કાળજું કંપાવી જાય છે અણધારી વિદાય તમારી,
મન હજુ માનતું નથી કે તમે વચ્ચે નથી અમારી,
ખટકે છે ખોટ દરેક પ્રસંગે તમારી,
અંજલિ આપતા હૈયુ તુટે છે,
હૃદયમાં ધડકે છે હરપલ યાદ તમારી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: લિ. ::
મનોજભાઈ સોલંકી | જૈમીનભાઈ સોલંકી
તથા સમસ્ત અન્નપૂર્ણા પરિવારના જયશ્રી કૃષ્ણ


# સાયકલોનીક સર્ક્યુલેશનની અસર હટતા રાજયભરમાં ઠંડી વધીઃ નલિયા ૭.૪ ડિગ્રી

## આગામી ૨૪ કલાક દરમિયાન ઠંડીનું જોર યથાવત રહેશે કાલે બપોરથી ગરમીમાં સામાન્ય વધારો થવાની વકી હવામાન વિભાગે વ્યક્ત કરી



**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે બે દિવસ ગુજરાતના ૯૦ થી વધુ તાલુકાઓમાં વરસાદ આવયો હતો. અમદાવાદ, ગાંધીનગર સહિત ગુજરાતના મોટાભાગા શહેરો ઠંડીના બાનમા આવી ગયા છે. મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાનનો પારો માત્ર ૨૪ કલાકમાં ૮ થી ૧૩ ડિગ્રી ગગડ્યો છે. સવારે સાંજે સુસવાટાભર્યા પવન ફૂંકાયા હતા. ડિસેમ્બરની ઠંડી હોય તેવો અહેસાસ થયો હતો. સૌથી ઓછું તાપમાન કચ્છના નલિયામાં ૭.૪ ડિગ્રી નોંધાયું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી રાજ્યમાં પવનની દિશા બદલાઈને ઉત્તર-પૂર્વના બર્ફીલા પવનોને કારણે ઠંડીનું પ્રમાણ વધ્યું છે. આગામી ૨૪ કલાક દરમિયાન શહેરમાં ઠંડીનું જોર યથાવત રહ્યાં બાદ બુધવારથી બપોરે ગરમીમાં સામાન્ય વધારો થવાની વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.આજે પણ ઠંડા પવનોની અસરથી મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૫.૬ ડિગ્રી ગગડીને ૨૮.૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન સામાન્ય કરતાં ૪ ડિગ્રી અને રવિવાર કરતાં દોઢ ડિગ્રી ગગડીને ૧૩.૩ ડિગ્રી નોંધાયું હતું. બુધવારથી ઠંડા પવનોનું જોર ઘટતાં શહેરમાં સવાર-સાંજ ઠંડક રહેશે. મોટાભાગના શહેરોમાં ઠંડીનો પારો ગગડીને ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયો હતો. માવઠાના કારણે રાજ્યના અનેક શહેરો ફરી ઠંડાગાર કરી દીધા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે ગુજરાતમાં એકાએક ઠંડી

(અનુ. આઠમા પાને)

| | |
|---|---|
| અમદાવાદ | ૧૩.૦ |
| અમરેલી | ૧૧.૪ |
| બરોડા | ૧૨.૨ |
| ભાવનગર | ૧૪.૬ |
| ભુજ | ૧૨.૮ |
| ડીસા | ૧૩.૦ |
| દ્વારકા | ૧૬.૦ |
| ગાંધીનગર | ૧૩.૦ |
| નલિયા | ૭.૪ |
| પોરબંદર | ૧૩.૦ |
| રાજકોટ | ૧૩.૨ |
| સુરત | ૧૬.૬ |
| સુરેન્દ્રનગર | ૧૩.૬ |
| વેરાવળ | ૧૬.૩ |